॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સદ્. શ્રીવિધાઆનંદ સ્વામીના ગ્રંથો



-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા



દિવ્ય અનુભવામૃત

આધ્યાત્મિક તત્ત્વોમાં સારમાં સારરૂપ તત્ત્વ સદા સાકાર પુરુષોત્તમ શ્રીહરિ જ છે. તેમના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અને માહાત્મ્ય જાણવું એ બે મોક્ષના અસાધારણ હેતુ છે. શાસ્ત્રોમાત્ર પણ આ પરબ્રહ્મ પુરુષોત્તમનું બીજા સર્વથી પરપણું સમજાવવા માટે જ પ્રવર્તી રહ્યા છે.

એવા એ સર્વોપરી પુરુષોત્તમનારાયણ આ પૃથ્વી પર ધર્મ-ભક્તિના પુત્રરૂપે સાક્ષાત્ પ્રગટ થયા. ત્યારે તેમને જેવા છે તેવા જાણ્યા તથા માણ્યા પછી સ.ગુ.શ્રીવિધાત્રાનંદ સ્વામીને જે દિવ્ય અનુભવામૃત પ્રાપ્ત થયું, તે તેમણે આપણા જેવા અનંત આત્માઓના આત્યંતિક શ્રેયને માટે તેમના ગ્રંથોમાં કંડાર્યું છે.

શાસ્ત્રોમાત્રના સારરૂપ એવા આ ગ્રંથોનું જે કોઈ એકાગ્રતાથી વાંચન કે શ્રવણ-મનન કરી તેના રહસ્યને જીવનમાં ઉતારશે તેનું જરૂર આત્યંતિક કલ્યાણ થાશે.

- સ્વામી જ્ઞાનજીવનદાસ-કુંડળધામ

INDEX

સદ્.શ્રીવિદ્યાનંદસ્વામીના ગ્રંથો

:: પ્રકાશક ::

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

INDEX

સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો

સહજાનંદ અર્થદીપિકા

શ્રીહરિકૃષ્ણસ્વરૂપાદ્વૈત જ્ઞાનનિર્ણય

શ્રીપુરુષોત્તમનિરૂપણવાર્તા, સંતમહિમા વર્ણનપત્ર

લેખક : સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામી

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા.

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી(કુંડળધામ)

પ્રકાશન તિથિ : સંવત ૨૦૬૫, ચૈત્ર સુદ-૯, હરિજયંતિ, તા.૩/૪/૦૯

બીજી આવૃત્તિ : સંવત ૨૦૭૪, જેઠ સુદ-૧૧, તા.૨૩/૦૬/૨૦૧૮

પ્રત : ૫૦૦

કુલ પ્રત : ૩૫૦૦

કિંમત : રૂ.૩૦/-

ISBN : 978-93-83456-01-7

: પ્રાપ્તિસ્થાન :

- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- **વડોદરા** : શ્રીસ્વા.મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઇન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડરોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

અર્પણ

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનને જેવા છે તેવા સર્વ અવતારોના કારણ સર્વોપરી પુરુષોત્તમનારાયણપણે નીડરતાથી સ્પષ્ટપણે નિરૂપીને એમને જાણવા-માણવામાં, અને અનેકને સહજાનંદીય રંગે રંગી નાંખવામાં જેમણે પોતાનું આયખું ઓગાળી નાંખ્યું છે; એવા વિજ્ઞાની વિરલ સંત સદ્‌ગુરુ શ્રીવિધાત્રાનંદસ્વામીને તેમના જ આ ત્રણેય ગ્રંથો એમને જ અર્પણ કરીને અમે ધન્યતા અનુભવીએ છીએ.

લિ.સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)

પ્રસ્તાવના

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતાના પ્રાગટ્યના ૭ હેતુની વાત કારિયાણીમાં ગોપાળાનંદસ્વામીને કરી. તેને સાંભળતાં વૈરાગ્યમૂર્તિ શ્રીનિષ્કુળાનંદસ્વામીનો અંતરાત્મા નાચી ઊઠ્યો. પછી એ અનોખી અનુભૂતિમાંથી પ્રગટ થયેલો ગ્રંથ એટલે 'પુરુષોત્તમપ્રકાશ.' બસ, એવું જ કાંઈક બન્યું છે આ **'સહજાનંદ અર્થદીપિકા'** ગ્રંથની બાબતમાં.

પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિના સર્વોપરી મહિમાના નશાવાળા સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામી ગામડે એકવાર અનેકને સત્સંગ કરાવી ગઢપુર પધાર્યા. તેમને દર્શન દેવા શ્રીહરિ સામે ગયા. તેથી ગઢપુર ગામના ગોંદરે શ્રીહરિ અને સ્વામીનું અદ્‌ભુત મિલન થયું. સ્વામી રાજી રાજી થઈ ગયા. પછી મહારાજે સ્વામીને પોતાના પ્રગટ સ્વરૂપમાં અક્ષરધામના દિવ્ય સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો. આ અલૌકિક અનુભૂતિથી સ્વામીના અંતરમાં સહજાનંદ મહાસાગરે માઝા મૂકી દીધી. એ વખતે આનંદનાં મોટાં મોટાં મોઝાં ઊઠવાં લાગ્યાં. પછી સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામીએ તે અનુભૂતિને જે શબ્દસ્વરૂપ આપ્યું, એનું જ નામ છે : **સહજાનંદ અર્થદીપિકા.**

આ ગ્રંથમાં સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનના એક 'સહજાનંદ' નામના ૨૩૦ અર્થ કર્યા છે. જેમાં શબ્દે-શબ્દે શ્રીહરિના મહિમાની ગરિમા ઝળકી રહી છે. વળી મહારાજનું અજોડ કાર્ય, લીલાચરિત્રો, સંતો-ભક્તોનો મહિમા અને આધ્યાત્મિક વિજ્ઞાનને પણ આ ગ્રંથમાં સુપેરે સમાવી લીધું છે. આ ગ્રંથમાં શ્રીહરિનું સર્વોપરીપણું, સર્વકારણપણું, સર્વનિયંતાપણું અને સર્વકર્તાપણું સુંદર રીતે વર્ણવ્યું છે.

આ ગ્રંથમાં વિધાત્રાનંદસ્વામી લખે છે કે, 'આ અર્થોને અતિ નિપુણ બુદ્ધિવાળા જે નિત્યાનંદસ્વામી તેમણે પૂર્વાપર સાંભળીને પ્રસન્ન થઈને અતિ પ્રમાણ કર્યા છે.' શ્રીહરિના હૃદ્‌ગત અભિપ્રાયને યથાર્થ જાણનારા એવા પંડિતવર્ય સદ્.શ્રીનિત્યાનંદસ્વામીએ આ ગ્રંથને માન્યતા આપી છે, એ જ આ ગ્રંથની પ્રામાણિકતાની મહોરછાપ છે. તેથી વિશેષ હવે કોઈ પ્રમાણની જરૂર નથી.

આ ગ્રંથનો મહિમા ગ્રંથકારે પોતે જ આ રીતે કહ્યો છે –

"અને સહજ સ્વાભાવિક આ સહજાનંદ નામના અર્થને રૂડી રીત્યે જાણવું તે રૂપ જે સર્વે યજ્ઞથી ઉત્તમ બ્રહ્મયજ્ઞ તથા **આ નામના નામી તેનું ધ્યાન કરવું તે રૂપ જે સર્વે યજ્ઞથી ઉત્તમ યોગયજ્ઞ તેને હરકોઈ કરે છે, કરશે તે મનોવાંછિત આનંદ પામશે,** પણ તે કોઈ વિઘ્ન થકી નાશ ન પામી જાય; ને અન્ય યજ્ઞનું ફળ તો વિઘ્ન થકી નાશ પામી જાય ને વળી પાછો દોષ લાગે. એવો નિર્વિઘ્નાનંદમય ને મહામંગલકારી તો જેના નામનો પ્રતાપ છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ." (સ.અર્થદીપિકા-૨૦૦) જેને સર્વોપરી શ્રીહરિનો મહિમા સમજવો હોય તેના માટે આ ગ્રંથ રોજ વાગોળવા જેવો અજોડ ગ્રંથ છે.

સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામી રચિત એવો જ એક બીજો ગ્રંથ **'શ્રીહરિકૃષ્ણસ્વરૂપાદ્વૈતજ્ઞાનનિર્ણય'** છે. આ ગ્રંથમાં શ્રીહરિના સ્વરૂપને યથાર્થ સમજવા માટે ચાર બાબતો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે : (i) મનુષ્યભાવ તથા દિવ્યભાવની એકતા. (ii) સગુણ-નિર્ગુણપણું (iii) સાકાર-નિરાકારપણું અને (iv) કર્તા-અકર્તાપણું. આ નાના ગ્રંથમાં બહુ મોટો વિષય ચર્ચાયો છે. તેને વાંચવાથી આપણા ધ્યેયસ્વરૂપ શ્રીહરિ વિષેની સમજણ ચોખ્ખી થાય છે.

પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન એક જ સનાતન સર્વોપરી ભગવાન છે. તેને જેવા છે તેવા જ સર્વોપરી સમજવા તે

તેમના સુધી પહોંચવાનું પાકું સરનામું છે. જો આ સરનામામાં ફેર પડી જાય તો અમોઘાનંદસ્વામીની જેમ અક્ષરધામને બદલે બીજે જતું રહેવાય. માટે શ્રીહરિને યથાર્થપણે સર્વોપરી સમજવા તે અતિ અગત્યની બાબત છે.

આ વાતને યથાર્થ દૃઢ કરવા માટે સદ્. શ્રીવિધાત્રાનંદસ્વામીએ રચેલ એવો જ એક ત્રીજો ગ્રંથ એટલે **પુરુષોત્તમનિરૂપણવાર્તા.** આ ગ્રંથ શ્રીહરિની સર્વોપરી ઉપાસના સમજવા માટેનું સર્વાંગી માર્ગદર્શન પૂરું પાડે છે. આ ગ્રંથ 'વિધાત્રાનંદસ્વામીની પત્રી' એવા ઉપનામથી પણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. આનો પણ આ પુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આની ગરિમા તો તેને વાંચવા-વિચારવાથી જ યથાર્થ સમજાશે.

તદ્ઉપરાંત સર્વોપરી પ્રગટ પુરુષોત્તમનારાયણના બ્રહ્મરૂપ અને પરબ્રહ્મનિષ્ઠ એવા જે સદ્.શ્રીમુક્તાનંદસ્વામી વગેરે સંતો, તેને ઉદ્દેશીને સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામીએ એક સુંદર મહિમાસભર પત્ર લખ્યો છે. જેનું તેમણે જ **સંતમહિમા વર્ણનપત્ર** એવું નામ આપ્યું છે, તેને આ ગ્રંથોની સાથે છેલ્લે મૂકવામાં આવ્યો છે.

સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામીકૃત ઉપરોક્ત આ પત્ર સહિત ત્રણેય ગ્રંથોનો સેટ એટલે આ **વિધાત્રાનંદસ્વામીના ગ્રંથો.** તેમાં પૂ.સ્વામીએ પોતે અનુભવેલ સર્વોપરી જ્ઞાનામૃત પીરસ્યું છે. આપણે તેનું રસપાન કરી પૂર્ણ પુરુષોત્તમના અનાદિમુક્ત બનીએ.

આ 'સહજાનંદ અર્થદીપિકા' ગ્રંથની હસ્તલિખિતપ્રત, અમને જેમણે જૂના ગ્રંથોને સાચવ્યા હતા; એવા પુસ્તકપ્રેમી ગઢપુરના મહાન સંત પ.પૂ.કોઠારી શ્રીહરિનારાયણદાસજીસ્વામીના

શિષ્ય પ.પૂ.શ્રીબળદેવચરણદાસજીસ્વામીના શિષ્ય **પ.પૂ.શાસ્ત્રી શ્રીનીલકંઠસ્વરૂપદાસજીસ્વામી** પાસેથી પ્રાપ્ત થઈ છે, તેમજ 'શ્રીહરિકૃષ્ણસ્વરૂપાદ્વૈતજ્ઞાનનિર્ણય' ગ્રંથનો હસ્તલિખિત ખરડો અમને વડતાલના વિદ્વાન સંત પ.પૂ.સદ્. શા.શ્રીહરિજીવનદાસજીસ્વામી સંગ્રહિત ગ્રંથોની **સાધુસમાજની લાઈબ્રેરી** (વડતાલ)માંથી મળ્યો છે. આ ખરડો પ.પૂ.શા.શ્રીનૌત્તમપ્રકાશદાસજીસ્વામી તથા પ.પૂ.શા. શ્રીગોપાળચરણદાસજીસ્વામી તેમજ વડતાલના સાધુસમાજના પૂરા સહકારથી અમને પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામી વિરચિત 'પુરુષોત્તમનિરૂપણવાર્તા'ની હસ્તલિખિતપ્રત અમને **જૂનાગઢ શ્રીસ્વામિનારાયણ મંદિરની લાઈબ્રેરી**માંથી પ્રાપ્ત થઈ છે. તેમાં જૂનાગઢના મહંત પ.પૂ.શ્રીહરિવલ્લભદાસજીસ્વામી(હરિદ્વાર) તથા પ.પૂ.શા.શ્રીભગવદ્ચરણદાસજીસ્વામી(જામજોધપુર) અને ચેરમેન શ્રીહરિભાઈ કાળાભાઈ સાંગાણી વગેરે ટ્રસ્ટીમંડળનો અમને પૂરો સહકાર સાંપડ્યો છે. વળી, આ ગ્રંથની બીજી પ્રત અમને વડતાલની લાઈબ્રેરીમાંથી પ્રાપ્ત થઈ છે તથા ત્રીજી પ્રત ગઢપુરવાળા પ.પૂ.શા. શ્રીનીલકંઠસ્વરૂપદાસજીસ્વામી ગુરુ પ.પૂ.શ્રીબળદેવચરણદાસજી સ્વામી પાસેથી પણ પ્રાપ્ત થઈ છે. સંપ્રદાયના સ્થંભ જેવા આ નંદસંતોની મહેનતને ચરિતાર્થ કરવા માટેની આવી ઉદાત્ત સેવા કરવા બદલ ઉપરોક્ત તમામ સંતોનો અમે ખૂબ-ખૂબ આભાર માનીએ છીએ.

આ ગ્રંથોનું શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા તરફથી સંપ્રદાયમાં પ્રથમવાર પ્રકાશન કરવામાં આવે છે. આ સેવાથી સર્વાવતારી શ્રીહરિ તથા સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામી અને સમગ્ર સત્સંગ સમાજ અમારા ઉપર પ્રસન્ન થાઓ એ જ અભ્યર્થના...

– સ્વામી જ્ઞાનજીવનદાસજીના ભાવથી જય સ્વામિનારાયણ

શ્રીવિધાત્રાનંદસ્વામીનું જીવનચરિત્ર

વિધાત્રાનંદ સંત વિજ્ઞાની, સર્વે વૃત્તિ જેની હરિમાં જોડાણી;
સાંખ્યજ્ઞાનમાં કપિલ સમાન, આત્મનિષ્ઠ ને વૈરાગ્યવાન.

જેઓ સાંખ્યાદિ શાસ્ત્રીય જ્ઞાનના મહાસાગર હતા; સર્વે સદ્ગુણોના ધામ હતા; ખરા અર્થમાં વિજ્ઞાની, અનુભવી અને વૈરાગ્યવાન હતા; જેની તમામ વૃત્તિઓ સહજ સ્વભાવે શ્રીહરિમાં અખંડ જોડાયેલી રહેતી; જેમ સૂર્યોદય થતાં અંધારું નાશ પામે, તેમ જેના યોગમાં આવતા અનેક સંતો-ભક્તોનું અજ્ઞાનરૂપી અંધારું દૂર થતું ને શ્રીહરિની સર્વોપરી નિષ્ઠાની ખુમારી જાગતી; એવા આ મહાસંતના જીવન વિષે વિશેષ તો કોઈ માહિતી નથી, પરંતુ જેમ નરસિંહ મહેતાનાં પદો એ તેમની ઓળખાણ છે, નિષ્કુળાનંદ કાવ્ય તથા ભક્તચિંતામણિ એ નિષ્કુળાનંદસ્વામીની સાચી ઓળખાણ છે, સ્વામીની વાતો એ સદ્.ગુણાતીતાનંદસ્વામીની ખરી ઓળખાણ છે; તેમ જ **'શ્રીહરિકૃષ્ણસ્વરૂપાદ્વૈતજ્ઞાનનિર્ણય'** તથા **'સહજાનંદ અર્થદીપિકા'** આ બંને ગ્રંથો એ વિધાત્રાનંદસ્વામીની સાચી ઓળખાણ છે.

અનુભવી અને વિજ્ઞાની આ મહાસંતે એક **'પુરુષોત્તમપત્રી'** નામનો ગ્રંથ પણ રચ્યો છે. જેમાં સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપનું આંખે દેખેલ અહેવાલની જેમ યથાર્થ નિરૂપણ કર્યું છે. આ પત્રીમાં યોગીરાજ સદ્.શ્રીગોપાળાનંદસ્વામી, સદ્. શ્રીનિત્યાનંદસ્વામી અને સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામીએ કરેલા 'પુરુષોત્તમનિરૂપણ'ની સાથે ઘણો ભાગ મળતો આવે છે. તે ઉપરથી જણાય છે કે, સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામી અનાદિ

મુક્તરાજ ગોપાળાનંદસ્વામી વગેરે સંતોની સાથે ગોષ્ઠી કરી, પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ સમજતા હશે. અને તેથી જ આ મહામુક્તે 'સહજાનંદ અર્થદીપિકા'માં એક-એક મંત્રમાં રોમેરોમ શ્રીહરિની રટના લાગે, સર્વોપરી નિષ્ઠાની ખુમારી જાગે અને મંત્રે મંત્રે દિવ્યાનંદ પ્રગટે એવો ઠાંસી-ઠાંસીને મહિમા ભર્યો છે.

શ્રીહરિએ આ સંતને મંડળધારી સદ્‌ગુરુ બનાવ્યા હતા. એકવાર સ્વામી અસંખ્ય જીવોને પ્રગટ પુરુષોત્તમની ઓળખાણ આપવા દેશાંતરમાં ફરવા ગયા. સાંખ્યજ્ઞાનના મણિ સમાન અને માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિના શણગારરૂપ આ સંતે અનેકનાં સંસારનાં બંધન તોડી ભગવાનમાં દિલ જોડ્યાં. પછી પુરુષોત્તમનારાયણના સ્વરૂપમાં સર્વે વૃત્તિઓ ખેંચાતાં અચાનક સમંડળ ગઢપુર ગામમાં ઉન્મત્તગંગાને કિનારે આવ્યા.

આ સંતને આવતા સાંભળી શ્રીહરિ તેને સામે ચાલી દર્શન દેવા ગયા. શ્રીજી અને સ્વામીની ચાર આંખો ભેગી થતાં જ તેમની તમામ વૃત્તિઓ શ્રીહરિમાં લાગી ગઈ. જેના રૂંવાડામાં કોટિ કોટિ બ્રહ્માંડો ઊડતાં ફરે છે, જેની કોટાનકોટિ મુક્તો તથા સર્વે અવતારો સ્તુતિ કરે છે, જેવા અક્ષરધામમાં દિવ્ય સ્વરૂપે બિરાજમાન છે તેવાં જ સ્વરૂપે અહીં સ્વામીને દર્શન થયાં. શ્રીહરિના સ્વરૂપનું યથાર્થ વિજ્ઞાન થયું. દિવ્ય દર્શન થતાંની સાથે જ સંસારના બંધનરૂપ એવા સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ આ ત્રણેય દેહનો ભાવ નાશ પામ્યો, ને હૈયામાં આત્મા તથા પરમાત્માના યથાર્થ જ્ઞાનરૂપી સૂર્ય ઉદય થયો. સહજાનંદરૂપી આનંદના મહાસાગરમાં ગરકાવ થયા. અને પછી અંતરમાં જે જે ભાવો સ્ફૂર્યા એનો જ એક ગ્રંથ બનાવ્યો.

તેમાં એક 'સહજાનંદ' નામના અપાર મહિમા સભર **'૨૩૦'** અર્થ કહ્યા છે, જે ગ્રંથનું નામ રાખ્યું : **સહજાનંદ અર્થદીપિકા**. ગ્રંથ પૂરો કર્યા પછી સદ્‌ગુરુ નિત્યાનંદસ્વામીને તે બતાવ્યો. નિત્યાનંદસ્વામી પણ મહાઆનંદને પામ્યા ને બોલ્યા કે, "મોટા મોટા વિદ્વાનોને પણ મનમાં સંતોષ થાય એવો આ અજોડ ગ્રંથ છે." શ્રીહરિ પણ આ ગ્રંથ જોઈને અતિ આનંદ પામ્યા.

એકવાર સ્વામી દાદાના દરબારમાં સભામાં આવ્યા. સ્વામીને આવતા દેખી શ્રીહરિ અતિ રાજી થયા અને બોલ્યા, "હે ભક્તો ! આ વિધાત્રાનંદસ્વામી મોટા સંત છે. મહાન પ્રતાપી છે. સાંખ્યજ્ઞાનમાં કપિલમુનિ સમાન પારંગત અને વિદ્વાન છે. સ્વામીના મુખથી જે સાંખ્યશાસ્ત્રની તથા વૈરાગ્યની વાતો સાંભળે તેની જેમ સૂર્ય ઊગતાં અંધારું નાશ પામે એમ તમામ વાસના નાશ પામી જાય, મોહ ટળી જાય એવા આ વિજ્ઞાની સંત છે." એમ શ્રીહરિએ સ્વામીની અપાર પ્રશંસા કરી. પછી શ્રીહરિ સ્વામીને સાથે લઈ ઉન્મત્તગંગામાં સ્નાન કરવા ગયા. જ્યાં સ્વામી સાથે શ્રીહરિએ સ્નાન કર્યું તે સ્થળ આજે 'વિધાત્રાનંદ ઘાટ' તરીકે પ્રસિદ્ધ છે. (ઉન્મત્તગંગા માહાત્મ્ય : અ.૧૫૩ને આધારે)

શ્રીજીમહારાજ ધામમાં ગયા પછી પણ સત્સંગ કથા-વાર્તા દ્વારા સ્વામીએ અનેકને શ્રીહરિની સર્વોપરી ઉપાસના દૃઢ કરાવેલી. તેમને અંતિમ ઉંમરમાં પત્યનો રોગ થયો હતો. તેથી તેઓ વિશેષ ગઢપુરના લક્ષ્મીબાગમાં રહેતા હતા. આ રોગના કારણે તેમના શરીરમાં જંતુઓ પડ્યાં હતાં. શરીરમાંથી કોઈ જીવાત બહાર પડે

ત્યારે તેને પોતાને હાથે લઈ પાછી શરીરમાં મૂકી દેતા અને કહેતા કે, ‘તેરા ખાના યહ હૈ તુમ ખાઓ.’ આવી જબ્બર આત્મનિષ્ઠા અને શ્રીહરિની નિષ્ઠાની ખુમારીવાળા આ સંત હતા. અખંડ શ્રીહરિનાં ધ્યાન-ભજનને કારણે તેમનું દેહાભિમાન તથા અન્ય ઈચ્છાઓ ચૂરેચૂરા થઈને ઊડી ગયાં હતાં.

♦ દિવ્ય દર્શન...

વિ.સં.૧૯૦૪ ભાદરવા સુદ અમાસને દિવસે વામનાવતાર એવા મૂળજી બ્રહ્મચારીને શ્રીહરિ અનંત મુક્તો અને વિમાનોએ સહિત તેડવા આવ્યા, ત્યારે પ્રથમ શ્રીહરિએ લક્ષ્મીવાડીએ બિરાજતા ધ્યાનસ્થ વિધાત્રાનંદસ્વામીને દર્શન આપ્યાં. સ્વામીએ કહ્યું, “મહારાજ ! આવો મોટો ઠાઠ કોના માટે ?” ત્યારે મંદ મંદ હસતાં મહારાજે કહ્યું, “હે સ્વામી ! વામન ભગવાનના અવતાર એવા મૂળજી બ્રહ્મચારીએ અમારી ખૂબ સેવા કરી, તેથી તેમને અક્ષરધામમાં લઈ જવા માટે જઈએ છીએ.” એમ કહી શ્રીહરિ અદૃશ્ય થયા એટલે સ્વામી ધ્યાનમાંથી જાગ્રત થયા. પછી ત્યાં હાજર રહેલા તમામ ભક્તોને સ્વામીએ કહ્યું, “તમે દાદાના દરબારમાં જાઓ, મહારાજ મૂળજી બ્રહ્મચારીને તેડવા પધાર્યા છે.” એમ જ્યાં વાત કરે છે તે જ વખતે મહારાજ બ્રહ્મચારીને ધામમાં તેડી ગયા. ને થોડીવારમાં એક ભક્તે લક્ષ્મીવાડીએ આવીને આના સમાચાર આપ્યા. આમ, મહારાજ મોટા મોટા સંતો-ભક્તોને તેડવા પધારે તેને સ્વામી પ્રત્યક્ષ દેખતા; એવા ભજનાનંદી અને દિવ્ય દૃષ્ટિવાળા આ મહાસંત હતા.

♦ એક મહારાજ રાખજો...

એકવાર ગામ ઉપલેટા તથા જાળિયાના સત્સંગીઓ જૂનાગઢ ગયા. ત્યાંથી ગઢપુર જવા તૈયાર થયા. તે વખતે સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદસ્વામીને પગે લાગી રજા માગતાં કહ્યું, "અમે ગઢપુર જાઈએ છીએ." ત્યારે સ્વામી કહે, "ગઢપુર જાવ તો ઘેલામાં સ્નાન કરજો. ગોપીનાથજી મહારાજનાં દર્શન કરજો. પછી લક્ષ્મીવાડીએ વિધાત્રાનંદસ્વામીનાં દર્શન-સમાગમ કરી હૈયું ઠારજો અને અમારા જય સ્વામિનારાયણ કહેજો." આ સંદેશા સાથે સંઘ ગઢપુર આવ્યો. ગુણાતીતાનંદસ્વામીના કહેવા મુજબ ઘેલામાં સ્નાન કરી, ગોપીનાથજી મહારાજ વગેરે દેવોનાં દર્શન કરી, લક્ષ્મીવાડીએ વિધાત્રાનંદસ્વામીનાં દર્શને ગયા. સ્વામીને દંડવત કરી ગુણાતીતાનંદસ્વામીના જય સ્વામિનારાયણ કહી કહ્યું, "સ્વામી ! જૂનાગઢના જોગીએ આપનો સમાગમ કરવાનું કહ્યું છે, માટે અમને સત્સંગનું બળ વધે અને શ્રીજીમહારાજની નિષ્ઠા વધે એવી વાતો કરો."

પછી જેના રોમરોમમાં શ્રીજીમહારાજ ભર્યા છે એવા વિધાત્રાનંદસ્વામીએ કહ્યું, **"હૈયામાં રાખવા જેવા એક સ્વામિનારાયણ ભગવાન છે. જો ભગવાન રાખશો તો બધું જ રહેશે ને ભગવાન નહિ રાખો તો 'પુત્ર વિનાનું પારણું ને મીઠા વિનાનું ભોજન' તેના જેવું જીવન વ્યર્થ જશે.** વળી જેમ વર વિનાની જાન લઈને ગયા તો જાનૈયાને ૩૦ ગાઉનું રાપલિયું થયું, કહેતાં વ્યર્થ ધક્કો થયો; એમ સર્વોપરી ભગવાન સ્વામિનારાયણને મૂકી જ્યાં-ત્યાં માથા ઘસશો, તો જન્મ-મરણ ને લખચોરાશીના

ફેરા ઊભા રહેશે. માટે રોમેરોમ ભક્તિ-ધર્મના પુત્ર પ્રગટ પ્રભુ શ્રીહરિકૃષ્ણ મહારાજની લગની લગાડી દેવી. હાલતાં-ચાલતાં અખંડ તેમને સંભારવા, તો સર્વે કાર્ય સિદ્ધ થાશે. આ બાબત સમજાવતાં સ્વામી કાયમ એક દૃષ્ટાંત દેતા :

એક ગૃહસ્થ દીકરાને પરણાવવા સારુ ગાડાં જોડી જાન લઈને ચાલ્યા. અન્ય જાનૈયા ગાડાં દોડાવી આગળ નીકળી ગયા. વરનું ગાડું પાછળ રહી ગયું. પાદરમાં વેવાઈ સામૈયું કરવા તૈયાર ઊભા હતા. તેમણે જાનના માણસોને પૂછ્યું, 'વર ક્યાં ?' તો કહે, 'પાછળ ગાડું આવે છે.' ત્યારે વેવાઈ કહે, 'વર આવશે પછી સાકરના પાણી, ઉતારો વગેરે મળશે.' વર આવ્યા વિના કાંઈ ન મળે. આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે કે, 'શ્રીજીમહારાજ વરને ઠેકાણે છે અને બીજા તમામ દેવો, ઈશ્વરો, અવતારો જાનૈયાને ઠેકાણે છે. વરરૂપી સર્વોપરી શ્રીજીમહારાજને મૂકી અન્યને આગળ કરશું તો અક્ષરધામ તથા ધામનો ધણી શ્રીસ્વામિનારાયણ ભગવાન નહિ મળે.' માટે ચોખ્ખી શ્રીહરિની સર્વોપરી ઉપાસના રાખજો. સ્ત્રી-ધનાદિક માયા મૂકજો. મહારાજની મૂર્તિ પકડી રાખજો. એટલું જ કરી કરીને કરવાનું છે." આવી રીતે સ્વામીએ વાતો કરીને અનેક ભક્તોને શ્રીહરિની મૂર્તિમાં જોડ્યા હતા અને પુરુષોત્તમનારાયણના સર્વોપરી ઉપાસક બનાવ્યા હતા.

♦ ધામગમન....

શ્રીસ્વામિનારાયણ ભગવાન સર્વે અવતારના અવતારી છે; સર્વ કારણના કારણ છે; આનંદનો મહાસાગર છે. તમામ દેવોનો,

ઈશ્વરોનો, મુક્તોનો અને અક્ષરધામનો આનંદ પણ શ્રીહરિની મૂર્તિના આનંદ આગળ બહુ સામાન્ય છે; એવી નિષ્ઠા જેના રોમ-રોમમાં વણાયેલી છે એવા વિધાત્રાનંદસ્વામીનો અંતસમય આવ્યો ત્યારે શ્રીજીમહારાજે અનેક મુક્તોને તેડવા મોકલ્યા. અક્ષરધામના મુક્તોએ ગઢપુર લક્ષ્મીવાડીમાં આવી કહ્યું, "હે સ્વામી ! અમો તમોને આ વિમાન લઈ તેડવા આવ્યા છીએ, માટે અમારી સાથે ચાલો." ત્યારે જેની નસેનસમાં સર્વોપરી નિષ્ઠાનો નશો છે એવા મહાવિજ્ઞાની વિધાત્રાનંદસ્વામીએ કહ્યું, **"હે મુક્તો ! જબ સર્વોપરી માધુરી મૂર્તિ શ્રીહરિ આવેંગે, તબ હમ આવેંગે."**

આમ, સ્વામીનો અને મુક્તોનો સંવાદ ચાલતો હતો, તે વખતે જૂનાસાવર ગામના જીવણો ખુમાણ વગેરે ભક્તો સ્વામીનાં દર્શને આવેલા. તેણે સ્વામીને વંદન કર્યાં અને કહ્યું, "આપ કોની સાથે વાત કરો છો ?" સ્વામી કહે, "આ મુક્તો મને તેડવા આવ્યા છે." પછી તે ભક્તોને પણ મુક્તોનાં દર્શન થયાં. પછી સ્વામી તથા મુક્તોને વંદન કરીને ભક્તો મંદિરમાં દર્શન કરવા આવ્યા.

ગોપીનાથજી મહારાજ વગેરે દેવોનાં દર્શન કરી, મંદિરના મહંત સિદ્ધયોગી પરમાનંદસ્વામીને પગે લાગ્યા. ત્યારે સ્વામીએ પૂછ્યું, "દરબાર ! લક્ષ્મીબાગમાં માંદા સંતોની ખબર કાઢી ? તેમને કેમ છે ?" ત્યારે જીવણા ખુમાણે કહ્યું, "હે સ્વામી ! વિધાત્રાનંદ સ્વામીને અનેક મુક્તો તેડવા આવ્યા હતા, પરંતુ સ્વામીએ કહ્યું, **'મહારાજની માધુરી મૂર્તિ આવેંગે, તબ હમ આવેંગે.'** એમ કહી શ્રીહરિની વાટ જોઈ બેઠા છે." આમ મંદિરમાં પરમાનંદસ્વામી અને દરબારની જ્યાં વાત ચાલે છે તે જ સમયે અનેક વિમાનો

સાથે લઈ શ્રીજીમહારાજ ત્યાંથી નીકળ્યા. દિવ્ય દૃષ્ટિવાળા શ્રીપરમાનંદસ્વામીને તેનાં દર્શન થયાં. શ્રીહરિએ તેમને વાત કરી, "હે સ્વામીન્ ! અમો લક્ષ્મીબાગમાં વિધાત્રાનંદસ્વામીને તેડવા જઈએ છીએ." ત્યારે સ્વામી કહે, "બહુ સારું." પછી મહારાજ આગળ ચાલ્યા એટલે તરત પરમાનંદસ્વામીએ તમામ સંતો-ભક્તો તથા જીવણા ખુમાણ વગેરેને કહ્યું, "અત્યારે શ્રીજીમહારાજ અનંત મુક્તો સાથે લક્ષ્મીબાગમાં વિધાત્રાનંદસ્વામીને તેડવા ગયા છે, માટે તમો સહુ લક્ષ્મીબાગમાં જાઓ."

મહંતસ્વામીની વાત સાંભળી ઘણા સંતો-ભક્તો દોડી લક્ષ્મીબાગે ગયા. તે વખતે ત્યાં ઉપસ્થિત સર્વે સંતો-ભક્તોને શ્રીજીમહારાજ તથા મુક્તોનાં દર્શન થયાં. આમ પ્રૌઢ પ્રતાપ જણાવી શ્રીજીમહારાજ વિ.સં.૧૯૦૭ની સાલમાં મહાવિજ્ઞાની એવા વિધાત્રાનંદસ્વામીને ચૈતન્યની મૂર્તિ કરી અખંડ પોતાની સેવામાં રાખ્યા. આવા શ્રીહરિની સર્વોપરી નિષ્ઠાના પ્રવર્તક વિજ્ઞાની મહાસંતનાં શ્રીચરણોમાં કોટાનકોટી દંડવત્ પ્રણામ...

— સાધુ બ્રહ્મપ્રકાશદાસના

જય સ્વામિનારાયણ

INDEX

અનુક્રમણિકા

INDEX

સદ્. શ્રીવિદ્યાત્રાનંદસ્વામી કૃત

INDEX

સહજાનંદ અર્થદીપિકા

INDEX

સદ્. શ્રીવિધાત્રાનંદસ્વામી કૃતા

સહજાનંદ અર્થદીપિકા

॥ શ્રીહરિકૃષ્ણાય નમો નમઃ ॥

॥ સર્વસદ્‌ભ્યો નમઃ ॥

સદ્. શ્રીવિધાત્રાનંદસ્વામી કૃતા

સહજાનંદ અર્થદીપિકા

॥ અથ શ્રીઅર્થદીપિકા લિખ્યતે ॥

અને ભગવાનનું અક્ષરધામ છે તે કેવું છે ? તો અનંતકોટિ સૂર્ય-ચંદ્ર ને અગ્નિ તે સરખું પ્રકાશમાન છે ને દિવ્ય છે, અને અત્યંત શ્વેત છે ને સચ્ચિદાનંદરૂપ છે; અને જેને બ્રહ્મપુર કહે છે, નિર્ગુણ કહે છે, અમૃતધામ કહે છે, પરમપદ કહે છે, અનંત અપાર કહે છે, બ્રહ્મ કહે છે, ચિદાકાશ કહે છે. એવું જે એ અક્ષરધામ તેને વિષે શ્રીહરિકૃષ્ણ નારાયણ તે જે તે સદાય વિરાજમાન છે. તે કેવા છે ? તો જેને પુરુષોત્તમ કહે છે, વાસુદેવ કહે છે, નારાયણ કહે છે, પરમાત્મા કહે છે, બ્રહ્મ કહે છે, પરબ્રહ્મ કહે છે, ઈશ્વર કહે છે, પરમેશ્વર કહે છે, વિષ્ણુ કહે છે, કૃષ્ણ કહે છે, પરમ આનંદમય કહે છે, પરમ તત્ત્વ કહે છે, પરાત્પર કહે છે, ભગવાન કહે છે ને શ્રીહરિ કહે છે.

એવી રીતે સાક્ષાત્‌પણે કરીને વેદ, પુરાણ ને વેદાંતાદિક જે સત્શાસ્ત્ર ને સત્પુરુષ તેમણે બહુ પ્રકારે પ્રતિપાદન કર્યો છે સર્વેથી ઉત્કૃષ્ટપણે મહિમા તે જેનો, એવા જે અમારા ઈષ્ટદેવ પરબ્રહ્મ શ્રીસહજાનંદ હરિકૃષ્ણ તેમને હું જે તે આ ‘શ્રીસહજાનંદ’ નામ તેના અર્થને રૂડી રીતે જાણું; એવી બુદ્ધિના લાભને અર્થે પ્રાર્થના કરું છું.

અને તે શ્રીસહજાનંદ હરિકૃષ્ણ કેવા છે ? તો સમગ્ર જે પોતાનું દિવ્ય ઐશ્વર્ય તેણે યુક્ત થકા પૃથ્વીને વિષે એકાંતિક ધર્મ, તેને પ્રવરતાવવાને અર્થે ને પોતાના એકાંતિક ભક્ત તેમની રક્ષા કરવાને અર્થે, ને અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે પોતે સર્વે જીવ તેમની ઉપર પરમ કરુણાએ કરીને શીલ[1]; સંતોષ ને અમાનિત્વાદિક[2] જે સર્વે સદ્‌ગુણ, તેણે કરીને સંપન્ન એવા હરિપ્રસાદ નામે જે સર્વ ઋષિ થકી શ્રેષ્ઠ એવા જે બ્રહ્મઋષિ, તે થકી પતિવ્રતાના સર્વે સદ્‌ગુણ તેણે કરીને સર્વ પતિવ્રતાઓ તે થકી શ્રેષ્ઠ એવાં જે પ્રેમવતી માતા તેને વિષે ઉત્પન્ન થયા છે, ને દિવ્ય મનોહર મૂર્તિ છે, ને પોતાના આશ્રિતજન તેમને કલ્પવૃક્ષની પેઠે મનવાંછિત સુખના આપનારા છે.

અને બ્રહ્મરૂપ એવા જે અનંતકોટિ મુક્ત તેને ઉપાસના કરવા યોગ્ય છે. ને ક્ષર[3]-અક્ષર થકી પર છે, સર્વજ્ઞ છે, સર્વકર્તા છે ને સમગ્ર અક્ષરાત્મક મુક્તના સ્વામી છે ને બ્રહ્મધામના અધિપતિ છે. અને ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યાદિક જે ઐશ્વર્ય તથા અણિમાદિક જે સિદ્ધિઓ તેમણે સેવ્યાં છે ચરણકમલ તે જેનાં એવા છે. ને સદા કિશોરમૂર્તિ છે. ને ચિદ્-અચિદ્ શક્તિઓના ગંધ(સંગ)-દોષે રહિત એવા કલ્યાણકારી કલ્પ(વૃક્ષ), તથા ચિંતામણિ તુલ્ય જે અનેક દિવ્યગુણ તેણે કરીને વિભૂષિત છે અંઘ્રિકમલ[4] તે જેમનાં

૧.ચારિત્ર. ૨.નિર્માનીપણું વગેરે. ૩.પ્રકૃતિપુરુષ સુધીની સૃષ્ટિ. ૪.ચરણકમળ.

એવા છે. ને મૂળપ્રકૃતિ-પુરુષાદિક સર્વેના નિયંતા છે. ને સ્વતંત્ર છે ને જ્યોતિઃસ્વરૂપ[૧] છે, સ્વપ્રકાશ[૨] છે, નિર્ગુણ છે. ને કેશવાદિક જે ચોવીસ મૂર્તિઓ ને વાસુદેવાદિક જે ચતુર્વ્યૂહ ને રામ-કૃષ્ણાદિક જે અવતાર એ સર્વેના ધરનારા છે. ને સદા દિવ્ય સાકારમૂર્તિ છે ને કરુણારૂપ જે અમૃતનો રસ તેણે કરીને ભીનાં છે નેત્રકમળ તે જેમનાં એવા છે.

ને બ્રહ્મચારીનો જે વેશ તેને ધરી રહ્યા છે, ને શ્વેત વસ્ત્રનું ધારણ કરે છે. ને પોતાના હસ્તકમળને વિષે તુલસીની જે સુંદર માળા તેને ધારી રહ્યા છે. ને કલિના જે દોષ તેના હરનારા છે.


એવા જે સર્વકારણ પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણ શ્રીસહજાનંદસ્વામી, તે જે તે અનાદિ નિત્યસિદ્ધ એવું જે આ પોતાનું અપરિમિત[૩] નિરંકુશ[૪] દિવ્ય ઐશ્વર્ય, તેણે કરીને પોતે સર્વોત્તમપણે કરીને સદા સર્વકાળને વિષે સર્વ થકી શ્રેષ્ઠપણે કરીને જયકારી પ્રવર્તે છે; એવા જે શ્રીહરિકૃષ્ણ તેમનું જે આ 'શ્રીસહજાનંદ' નામ તેનો અભિપ્રાય, રહસ્ય, સિદ્ધાંત, તત્ત્વ, અર્થ તેની જે વ્યાખ્યા તેને હું જે તે શ્રીહરિ ને તેમના એકાંતિક ભક્ત તેમની પ્રસન્નતાને અર્થે પોતાની જે સ્મૃતિ ને બુદ્ધિ તેને અનુસારે વિસ્તારે કરીને કરું છું.

અને સહજ સ્વાભાવિક નિત્યસિદ્ધ પોતાને વિષે આનંદ

૧.પ્રકાશમાન. ૨.પોતાનું તથા અન્યનું જ્ઞાન કરવા માટે જેને બીજા કોઈ પ્રકાશની જરૂર નથી એવા. ૩.અમાપ. ૪.જેના ઉપર બીજા કોઈનું નિયંત્રણ નથી એવું.

છે જે, પણ કોઈ સાધને કરીને આનંદ નથી થયો; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ કહીએ. ॥૧॥

અને સહજ સ્વાભાવિક પોતામાં આનંદ નિત્યસિદ્ધ છે તેવો અક્ષરાદિક કોઈમાં આનંદ નથી; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨॥


अने
सहजस्वभाविकपोतानाअवतारतेमणेपोतानाभक्तुनेसमाधिनेविषेआनंदआप्योछेतेक
रतांपोतेपोतानाभक्तुंनेसमाधिनेविषेआनंदआप्योछेतेमांबहुचमत्कारछेएवाआनंदम
यपोतेछेतेमाटेसहजानंद॥

અને સહજ સ્વાભાવિક પોતાના અવતાર તેમણે પોતાના ભક્તોને સમાધિને વિષે આનંદ આપ્યો છે, તે કરતાં પોતે પોતાના ભક્તોને સમાધિને વિષે આનંદ આપ્યો છે તેમાં બહુ ચમત્કાર છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૩॥

અને સહજ સ્વાભાવિક પોતામાં અનાદિસિદ્ધ આનંદ છે જ, પણ અક્ષરાદિક કોઈ થકી આનંદ નથી થયો; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૪॥

અને સહજ સ્વાભાવિક પોતાના અવતાર તેમણે પોતાના ભક્તોને ઐશ્વર્ય આપ્યાં છે, તે કરતાં સર્વોત્કૃષ્ટ અખંડ આનંદાનુભવ જે પોતે, તે પોતે પોતાના ભક્તોને ઐશ્વર્ય આપ્યાં છે તેમાં બહુ ચમત્કાર છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૫॥

અને સહજ સ્વાભાવિક સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ ને લીલા તેણે કરીને અક્ષર પર નિરવધિકાતિશયાનંદમય[1] પોતે આનંદકારી છે, તે માટે સહજાનંદ. ॥૬॥


अनेसहजस्वभाविकअसंख्यदिव्यस्वरूपगुणगणतेणेविशिष्टसर्वआनंदनुमूळकारणप्र
त्यक्षश्रीपुरुषोत्तमनारायणपोतेछेकेमजेपोतानेविषेसर्वेअवतारनेवैकुंठादिकधामनि
मूर्त्तियोलीनथायछेतेनेसमाधिनेविषेनिजदासदेखिनेआनंदपामेछेतेमाटेसहजानंद७।

અને સહજ સ્વાભાવિક અસંખ્ય દિવ્ય સ્વરૂપ, ગુણગણ[2] તેણે વિશિષ્ટ એવા જે સર્વ આનંદનું મૂળકારણ પ્રત્યક્ષ શ્રીપુરુષોત્તમનારાયણ પોતે છે. કેમ જે, પોતાને વિષે સર્વે અવતાર ને વૈકુંઠાદિક ધામની મૂર્તિઓ લીન થાય છે. તેને સમાધિને વિષે નિજ દાસ દેખીને આનંદ પામે છે, તે માટે સહજાનંદ. ॥૭॥

અને સહજ સ્વાભાવિક જે કોઈ પોતાનો લેશમાત્ર આશરો કરે તેનું પણ મોટું કલ્યાણ કરે. ને આનંદ પામતા થકા પોતે પોતાનાં પાર્ષદ, રથ, વેમાન લઈને તેને અંતસમે તેડવા આવે તથા પોતાના ભક્તોને જે જે ગુપ્ત-અગુપ્ત કષ્ટ આવે તેને કાપીને પોતે આનંદ આપે છે, તે માટે સહજાનંદ. ॥૮॥

અને સહજ સ્વાભાવિક પ્રથમ પહેલા લોજપુરને વિષે જન્માષ્ટમીના ઉત્સવ ઉપર પોતાને દર્શને આવ્યા જે રામાનંદ સ્વામીના આશ્રિત સર્વે સાધુ ને સત્સંગી, તેમણે સમાધિને

૧.અવધિ વિનાના અતિશય આનંદવાળા. ૨.ગુણોનો સમૂહ.

વિષે શ્રીકૃષ્ણરૂપે વર્ણીને દીઠા ને પછી નિજ ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાન પ્રગટ પ્રમાણ જાણીને આશરો કરીને આનંદ પામ્યા, તથા પોતાના અક્ષરધામને વિષે રહ્યા થકા અનંત પોતાના અક્ષરાત્મક[૧] મુક્તોને સદા પોતે આનંદ આપે છે, તે માટે સહજાનંદ. ।।૯।।

અને સહજ સ્વાભાવિક અનંત બ્રહ્માંડોને વિષે પ્રગટ થઈને અનંત જીવોને આત્યંતિક કલ્યાણ કરીને પોતે હરિકૃષ્ણે આનંદ આપ્યો, આપે છે અને હજી આપશે, તે માટે સહજાનંદ. ।।૧૦।।

અને સહજ સ્વાભાવિક પોતે પુરુષોત્તમ વાસુદેવ ભગવાન છે તે પોતાની ઈચ્છાએ કરીને મૂળપ્રકૃતિ-પુરુષને ઉત્પત્તિ કાળે ઈક્ષણમાત્રે[૨] કરીને પોતે આનંદ પમાડે છે, તે માટે સહજાનંદ. ।।૧૧।।

અને સહજ સ્વાભાવિક પોતાનું ભજન-સ્મરણ કરે છે, તેને પોતે એક સ્વરૂપ થકા અનંતરૂપે કરીને અનુપમ આનંદ આપ્યો ને હજી આપે છે, તે માટે સહજાનંદ. ।।૧૨।।

અને સહજ સ્વાભાવિક શતાનંદમુનિને નરનારાયણ ને લક્ષ્મીનારાયણાદિક જે સર્વે ધામની મૂર્તિઓ તે રૂપે પોતાનું દર્શન દઈને પોતે આનંદ આપ્યો, તથા હજારો સમૈયા તથા મંદિર કરીને સાધુ-સત્સંગીને અનુપમ આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ।।૧૩।।

૧.અક્ષરબ્રહ્મ સ્વરૂપ. ૨.દષ્ટિમાત્રે.

અને સહજ સ્વાભાવિક ક્યારેક મોટા સમૈયાને વિષે પોતાને દર્શને આવ્યા જે અનંત ભક્તજન, તે સર્વે સાથે પૂજા કરવા આવે ત્યારે પોતે પણ તેટલી મૂર્તિઓ ધરીને સર્વે ભક્તજનની સાથે પૂજા ગ્રહણ કરીને તેમને આનંદ આપ્યો, તથા પોતે ભક્ત-અભક્તના અપરાધ સહન કરીને તેમને આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૪॥

અને સહજ સ્વાભાવિક તીર્થ, વન, પર્વત, દેશ, પરદેશ, આ લોક, પરલોક તેમાં ફરીને અનંત જીવનાં બંધન કાપીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૫॥

અને સહજ સ્વાભાવિક સાંખ્ય, યોગ, વેદાદિક પાંચ સત્શાસ્ત્ર તેણે કરીને મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી આદિક સદ્ગુરુને સર્વોપરી તત્ત્વે કરીને પોતાના સ્વરૂપનું જ્ઞાન તેને દઈને પોતે પરમ આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૬॥

અને સહજ સ્વાભાવિક દ્વિભુજ, ચતુર્ભુજ, અષ્ટભુજ ને સહસ્રભુજ એ સર્વે મૂર્તિઓ રૂપે કોઈ કોઈક પોતાના ભક્તને અંતસમે પોતે તેની પક્વતા જોવા સારુ દેખાય, ત્યારે એ ભક્ત એ સર્વેને વિષે ન લોભાય, ત્યારે તે સર્વે મૂર્તિઓ શ્રીસહજાનંદ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને વિષે લીન થઈ જાય, તેને દેખીને તે ભક્ત આનંદ પામે તથા હજારો મહારુદ્ર[1] કરીને દાન-દક્ષિણા, દર્શનાદિકે કરીને અનંત જીવોને

૧.મહારુદ્ર નામના યજ્ઞો.

પોતે આનંદ દીધો, તે માટે સહજાનંદ. ॥૧૭॥

અને સહજ સ્વાભાવિક સર્વના ઈષ્ટદેવરૂપે પોતે દર્શન દઈને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૮॥

અને સહજ સ્વાભાવિક પોતાના ભક્તોને અનેક પ્રકારનો પોતાનો મહિમા સર્વોપરી દેખાડીને, તથા તેમના માન-મત્સરાદિક દોષ ટાળીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૯॥

અને સહજ સ્વાભાવિક આ લોક-પરલોક સંબંધી જે પંચવિષયના સુખ તે જેના આનંદ આગળ તુચ્છ થઈ જાય છે, એવા આનંદમય જે પોતે તે પોતે પોતાને પ્રતાપે કરીને હજારો જીવોને સિદ્ધદશા આપીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૨૦॥

અને સહજ સ્વાભાવિક નિષ્કલંક એવી આનંદકારી જે પોતાની કીર્તિ ને યશ તે દશે દિશાઓને વિષે વ્યાપી રહી છે; એવા અનાદિ નિત્યસિદ્ધ જે જ્ઞાન, બળ, તેજ, ઐશ્વર્ય, મહાનંદાદિક સમગ્ર કલ્યાણકારી શ્રેષ્ઠ દિવ્યગુણ તેના એક આશ્રયરૂપ[1], ને પરમ આનંદકારી પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૧॥

અને સહજ સ્વાભાવિક અતર્ક્ય એવી સમગ્ર જે પોતાની

૧.આધારસ્વરૂપ; ખજાનારૂપ.

રમાદિક[૧] શક્તિઓ, તેના પ્રકાશક ને અનવધિકાતિશય[૨] મહાજ્ઞાનઘન[૩] ને કેવલાનુભવાનંદમય[૪] મૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૨॥

અને સહજ સ્વાભાવિક હજારો જીવોને શુદ્ધ એકાંતિકધર્મમાં સ્થિતિ કરાવીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૨૩॥

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રતાપે કરીને અસદ્‌ઉપાસના ને અસદ્‌ધર્મ તેનું ઉત્થાપન કરીને, સદ્‌ઉપાસના ને સદ્‌ધર્મ તેનું સ્થાપન કરીને અનંત જીવોને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૨૪॥

અને સહજ સ્વાભાવિક ફૂલડોલના ઉત્સવને વિશે પોતાને દર્શને આવ્યા જે સર્વે સાધુ ને સત્સંગી તથા બ્રહ્માદિક સર્વે દેવ તથા વૈકુંઠાદિક ધામના સર્વે પાર્ષદ તે સર્વે સાથે પોતે તેટલી મૂર્તિઓ ધરીને પતંગ[૫], ગુલાલ તે વડે રમીને તેમને આનંદ આપ્યો, તથા રમતે રમતે તેમને જીતીને પોતે આનંદ પામ્યા; એવું ઐશ્વર્ય કોઈ કોઈક પોતાના ભક્તને સમાધિને વિશે દેખાય ને તે આનંદ પામે, તે માટે સહજાનંદ. ॥૨૫॥

અને સહજ સ્વાભાવિક તીર્થ, વન, પર્વત, દેશ, પરદેશ, આ લોક, પરલોક તેને વિષે ફરીને અનંત જીવોનાં બંધન કાપીને આનંદ આપ્યો, એવા તો અનંત પોતાના

૧.લક્ષ્મી વગેરે. ૨.અવધિએ રહિત છે શ્રેષ્ઠપણું જેમનું એવા. ૩.પરમચૈતન્યનો આકાર. ૪.કેવળ અનુભવરૂપ આનંદસભર. ૫.રંગ.

અવતાર ને પોતાના એકાંતિક ભક્ત છે, તેમના પણ કારણ ને સર્વાનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૬॥

અને સહજ સ્વાભાવિક તરેહ-તરેહની[૧] મહાઅલૌકિક ને પરમ આનંદમય છે જ્ઞાનવાર્તા, દર્શ ને કરુણાદૃષ્ટિ જેની, તે માટે સહજાનંદ. ॥૨૭॥

અને સહજ સ્વાભાવિક શ્રીવ્યાસજી આદિક આચાર્ય તેમનું વેદાદિક સત્શાસ્ત્રને વિષે રહસ્ય સિદ્ધાંત એ છે જે, 'પોતાના અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યપણાને પામ્યા એવા અક્ષરાત્મક મુક્ત તેમણે સેવ્યા થકા સાક્ષાત્ દિવ્યમૂર્તિ એવા એક નારાયણમુનિ, વાસુદેવ, પરબ્રહ્મતત્ત્વ, કારણ, હરિકૃષ્ણ છે તે જ ક્ષર[૨]-અક્ષર[૩] પુરુષોને પોતે સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ ને ચરિત્ર તેણે કરીને અનિર્દેશ[૪] ને આનંદકારી છે', તે માટે સહજાનંદ. ॥૨૮॥

અને સહજ સ્વાભાવિક અક્ષરપર, અચ્યુત, અજિત, અનંત ને અખંડાનંદમય જે પોતે પુરુષોત્તમનારાયણ તેનો મહિમા તેને વિષે અક્ષરાદિક સર્વનો મહિમા છે; તે જેમ લલાટને વિષે તિલક શોભે તેમ શોભે છે; એવા આનંદકારી દિવ્યગુણે યુક્ત દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૯॥

અને સહજ સ્વાભાવિક પોતાના અક્ષરધામને વિષે રહ્યા જે અક્ષરાદિક સર્વે પોતાના મુક્ત તે રમૂજે કરીને ક્યારેક

૧.વિવિધ પ્રકારની. ૨.નાશવંત સૃષ્ટિ સાથે જોડાયેલાં ચેતન. ૩.માયાથી પર રહેલાં ચેતન. ૪.અગોચર – યથાર્થપણે જાણ્યામાં ન આવે તેવા.

અનંત અનંત મૂર્તિઓ ધરીને સર્વ મુક્ત સાથે પૂજા કરવા આવે ત્યારે પોતે પણ તેટલી મૂર્તિઓ ધરીને સર્વે મુક્તની સાથે પૂજા ગ્રહણ કરે; એવું ઐશ્વર્ય સમાધિને વિષે કોઈ કોઈક પોતાના ભક્તને દેખાય ને તે આનંદ પામે, તે માટે સહજાનંદ. ॥૩૦॥

અને સહજ સ્વાભાવિક સદા અખંડિત ને પરમ આનંદકારી છે દિવ્ય ધામ, ઐશ્વર્ય, પાર્ષદ, શક્તિઓ અને સમૃદ્ધિ તે જેમની એવા જે સહજાનંદ હરિકૃષ્ણ તે જે તે પોતે સર્વકારણ ને સર્વાનંદમય છે, તે માટે સહજાનંદ. ॥૩૧॥

અને સહજ સ્વાભાવિક પોતાનાં ચરણકમલના તળાને વિષે મહાઆનંદમય એવાં જે – વજ્ર, અંકુશ, ધ્વજ, કમળ, અષ્ટકોણ, સ્વસ્તિક, જવ, જાંબુ, ઊર્ધ્વરેખા, મચ્છ, ત્રિકોણ, કળશ, ગોપદ, અરધચંદ્ર, વ્યોમ, ધનુષ – એ **જે સોળ ચિહ્ન તેનું જ્ઞાન-ધ્યાનના કરનારા, તેનો સૂર્યની પેઠે ટાળી નાખ્યો છે પોતાના આનંદને પ્રતાપે કરીને કાર્યકારણમાયારૂપ[1] અંધકાર તે જેમણે, તે માટે સહજાનંદ.** ॥૩૨॥

અને સહજ સ્વાભાવિક પોતાના અક્ષરધામના સુખ આગળ બીજાં માયિક સુખ છે, તે નર્ક જેવાં થઈ જાય છે; **એવું આનંદમય જે નિજધામ તેના પણ આનંદકારી આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ.** ॥૩૩॥

૧.કાર્યમાયા = દેહમાં રહેલ અહમ્ તથા ધન, સ્ત્રી, પુત્રાદિકમાં રહેલ મમત્વ અને આસક્તિ. કારણમાયા = ઐશ્વર્યાદિકની ઈચ્છા.

અને સહજ સ્વાભાવિક પોતાનાં ચરણકમળની ઉપાસનાને પ્રતાપે કરીને અનંત જીવોને પોતાના સાધર્મ્યપણાને પમાડીને પોતે આનંદ દીધો, તે માટે સહજાનંદ. ॥૩૪॥

અને **સહજ સ્વાભાવિક સાક્ષાત્ પોતે પુરુષોત્તમવાસુદેવ, તેના આનંદ આગળ અક્ષરધામનો આનંદ અતિ અલ્પ ને વિજાતીય છે; એવા સર્વોપરી આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ.** ॥૩૫॥

અને **સહજ સ્વાભાવિક આત્યંતિક લયને અંતે સર્વે જીવ માયાને વિષે લીન હોય, ત્યાં પણ કલ્યાણ કરીને આનંદ દેવાને પોતે સમર્થ છે,** તે માટે સહજાનંદ. ॥૩૬॥

અને સહજ સ્વાભાવિક મૂળ અક્ષરબ્રહ્મ તે ઉપાસક છે, ને સગુણ-નિર્ગુણ બ્રહ્મના નિયંતા પરબ્રહ્મ જે પોતે પુરુષોત્તમનારાયણ તે ઉપાસ્ય છે ને તેના આનંદકારી છે, તે માટે સહજાનંદ. ॥૩૭॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાદિક અનંત મુક્તોને પોતાની મૂર્તિના તેજના આનંદને વિષે લીન કરીને રહેવાને પોતે સમર્થ છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૩૮॥

અને સહજ સ્વાભાવિક સત્શાસ્ત્રને વિષે કલ્યાણને અર્થે અનંત સાધન કહ્યાં છે, તેમાં આ નામના નામી જે પુરુષોત્તમ તેની ઉપાસના કરવી, તે તુલ્ય બીજું કોઈ આનંદકારી સાધન

નથી; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૩૯॥

અને સહજ સ્વાભાવિક આજ કલિયુગને વિષે સાક્ષાત્ સર્વોપરી પોતે પુરુષોત્તમનારાયણ પ્રગટ થઈને અનંત જીવોને પોતાપરાયણ કરીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૪૦॥

અને સહજ સ્વાભાવિક પોતાને વિષે ચોવીસ અવતાર લીન થઈ ગયા, તેને પર્વતભાઈ દેખીને આનંદ પામ્યા, તે માટે સહજાનંદ. ॥૪૧॥

અને સહજ સ્વાભાવિક પોતે વાસુદેવાદિ ચતુર્વ્યૂહરૂપે સ્વરૂપાનંદસ્વામીને દર્શન દીધાં, ને પછી તે ચતુર્વ્યૂહ પોતાને વિષે લીન થઈ ગયા; તેને જોઈને તે આનંદ પામ્યા, તે માટે સહજાનંદ. ॥૪૨॥

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રતાપે કરીને ચોવીસ તીર્થંકરરૂપે સમાધિને વિષે એક જૈનને દર્શન દીધાં, ને પછી સર્વે તીર્થંકરને જોઈને તે આનંદ પામ્યો, તે માટે સહજાનંદ. ॥૪૩॥

અને સહજ સ્વાભાવિક પોતાનો નિર્વિકલ્પ ઉત્તમ નિશ્ચય કરાવીને અનંત જીવોને પોતે આનંદ આપ્યો, એવા દિવ્યમૂર્તિ જે પુરુષોત્તમનારાયણ તે અક્ષરબ્રહ્મને વિષે અક્ષરાદિક સર્વે નિજમુક્ત તેમણે અતિશય પ્રેમલક્ષણા ભક્તિએ કરીને સેવ્યા થકા સદાકાળ પોતે રહ્યા છે; એવા આનંદમય પોતે છે, તે

માટે સહજાનંદ. ॥૪૪॥

અને સહજ સ્વાભાવિક આનંદકારી પરમેશ્વર પરમાત્મા પરબ્રહ્મ જે પોતે પુરુષોત્તમનારાયણ તેને જે જાણે તે બ્રહ્મરૂપ થઈને આનંદ પામે છે, તે માટે સહજાનંદ. ॥૪૫॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાદિ પુરુષ છે, ને પોતે સર્વે ગુણે સંપન્ન પુરુષોત્તમનારાયણ છે ને તેના આનંદકારી છે, તે માટે સહજાનંદ. ॥૪૬॥

અને સહજ સ્વાભાવિક પોતે જેવા પાવનકારી છે, મંગલકારી છે, દૈવતકારી છે ને આનંદકારી છે, તે તુલ્ય બીજો કોઈ નથી; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૪૭॥

અને સહજ સ્વાભાવિક અક્ષરપર આદિ, અંતે ને મધ્યે સદા દિવ્ય સાકારમૂર્તિ ને પરમ આનંદકારી છે, તે માટે સહજાનંદ. ॥૪૮॥

અને સહજ સ્વાભાવિક પોતાના સંબંધને પામ્યા જે માયિક પદાર્થ તેનાં દર્શનમાત્રે કરીને અનંત જીવોને સમાધિ થઈ જાય, ને બ્રહ્મપુરાદિક ધામ ને તે ધામોનાં દિવ્ય ઐશ્વર્ય, મૂર્તિઓ દેખાઈ આવે ને તે આનંદ પામે, તે માટે સહજાનંદ. ॥૪૯॥

અને સહજ સ્વાભાવિક આનંદમય એવી અનુભૂતિ, વિજ્ઞાનાનંદમય[1] ને દ્વિભુજ ને દિવ્યાનંદમય મૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૫૦॥

૧.ચૈતન્ય આનંદ સ્વરૂપ.

અને સહજ સ્વાભાવિક અનાદિ સ્વતઃસિદ્ધ, અક્ષરપર, પરમ આનંદમય, કલ્યાણૈકતાનાનંદમય[૧] ને સર્વે સુંદરતાનું નિકેત[૨] મૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ।।૫૧।।

અને સહજ સ્વાભાવિક શ્રીધર્મદેવ થકી છે જન્મ જેમનો એવા જે પોતાના ભાઈ રામપ્રતાપજી ને ઇચ્છારામજી તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન દઈને આનંદ આપ્યો; તથા નિજ એકાંતિક ભક્ત ને અક્ષરાદિ અનંત નિજમુક્ત છે, તે પણ પોતાનાં નેત્રરૂપ ભમરા તેણે કરીને જેના મુખપંકજના સુગંધના આનંદની જે ઊર્મિયો તેને વિષે નિમગ્ન થઈ જાય છે; એવા આનંદમય દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ।।૫૨।।

અને સહજ સ્વાભાવિક જન્મ સમે ભક્તિ-ધર્મને શ્રીકૃષ્ણરૂપે દર્શન દઈને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ।।૫૩।।

અને સહજ સ્વાભાવિક ગોપાળજોગીને રાજજોગની[૩] કળા શીખવીને, ને શ્રીકૃષ્ણરૂપે દર્શન દઈને, તથા નવલખા પર્વતને વિષે રહ્યા જે નવ લાખ સિદ્ધ તેને નવ લાખ મૂર્તિઓ ધરીને એકકાલાવચ્છિન્ન[૪] દર્શન દઈને, તે સર્વેને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ।।૫૪।।

અને સહજ સ્વાભાવિક સાધુ, સત્સંગી ને

૧.કલ્યાણ = શુભ-દિવ્ય. જેમાં એક દિવ્યતા જ ભરી છે એવા આનંદમય. ૨.સ્થાન. ૩.ભગવાનની મૂર્તિમાં ચિત્તનો નિરોધ કરવાની. ૪.એક જ સમયે.

ક્ષર-અક્ષરપુરુષરૂપ સર્વે જગતના પરમ આનંદકારી દિવ્યગુણે કરીને ગુરુ[1] આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ||૫૫||

અને સહજ સ્વાભાવિક પોતાને આનંદે કરીને સર્વેને આનંદ છે, પણ પોતાને કોઈને આનંદે કરીને આનંદ નથી. કેમ જે, પોતે તો સાક્ષાત્ નિજાનંદમય એવા શ્રીપુરુષોત્તમનારાયણ આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ||૫૬||

અને **સહજ સ્વાભાવિક આનંદઘન જે પોતે તે પોતાનું જે જેટલું માહાત્મ્ય જાણે તેટલા ગુણ તેમાં આવે ને પોતે તો તેને અપાર રહે છે;** એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ||૫૭||

અને સહજ સ્વાભાવિક આનંદમય જે પોતાનો મહિમા તે વધતો નથી ને ઘટતો નથી; એવા આનંદરૂપ પોતે છે, તે માટે સહજાનંદ. ||૫૮||


અને સહજ સ્વાભાવિક આનંદમય જે પોતે તે પોતાને જે જાણે તેને બીજું કાંઈ જાણવું રહેતું નથી, તેણે સર્વે જાણ્યું છે; એવા સર્વોપરી આનંદરૂપ પોતે છે, તે માટે સહજાનંદ. ||૫૯||

અને **સહજ સ્વાભાવિક સાક્ષાત્ પોતે શ્રીકૃષ્ણનારાયણ તેની ઇચ્છા થકી અનંત બ્રહ્માંડોને વિષે અનંત પોતાના અવતાર થઈ ગયા ને અનંત થાશે, ને બીજી અનંત મૂર્તિઓ**

૧.જગદ્ગુરુ; સર્વશ્રેષ્ઠ.

વૈકુંઠાદિક ધામોને વિષે છે; એ સર્વેના કારણ ને પરમ આનંદરૂપ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૬૦॥

અને સહજ સ્વાભાવિક આ નામ[૧] ને નામી[૨] નોખા નથી એક છે, ને પોતે ચૈતન્યરસ[૩], દિવ્યવિગ્રહ[૪] ને પરિપૂર્ણ પુરુષોત્તમ સર્વ ગુણ સંપન્ન આનંદકારી છે, તે માટે સહજાનંદ. ॥૬૧॥


अनेस
हजस्वभाविकसर्वेअवतारअक्षरातितजेपोतेपुरुषोत्तमभगवानतेमांथिप्रगटथायछे
नेपाछापोतानेविषेलिनथायछेपणपोतानिमूर्त्तिकोइपोतानाअवतारनेविषेलिननथा
यएवुंअतर्क्यजेसर्वोपरिपोतानुंदिव्यऐश्वर्यतेवुंपूर्वेबिजाकोइनुंऐश्वर्यसांभल्युंदिठुंनथि
एवुंदिव्यऐश्वर्यपोतानाभक्तुंनेसमाधिनेविषेकोइकोइकनेदेखायनेतेआनंदपामेतेमाटे
सहजानंद॥

અને સહજ સ્વાભાવિક સર્વે અવતાર અક્ષરાતીત જે પોતે પુરુષોત્તમ ભગવાન તેમાંથી પ્રગટ થાય છે, ને પાછા પોતાને વિષે લીન થાય છે, પણ પોતાની મૂર્તિ કોઈ પોતાના અવતારને વિષે લીન ન થાય; એવું અતર્ક્ય જે સર્વોપરી પોતાનું દિવ્ય ઐશ્વર્ય, તેવું પૂર્વે બીજા કોઈનું ઐશ્વર્ય સાંભળ્યું-દીઠું નથી; એવું દિવ્ય ઐશ્વર્ય પોતાના ભક્તોને સમાધિને વિષે કોઈ કોઈકને દેખાય ને તે આનંદ પામે, તે માટે સહજાનંદ. ॥૬૨॥

અને સહજ સ્વાભાવિક નિર્વિશેષ ને નિરંકુશ દિવ્ય ઐશ્વર્યે કરીને સહજાનંદ નામ જે તે સર્વે નામથી ઉત્તમ

૧.સહજાનંદ. ૨.સહજાનંદ વગેરે નામ જેનાં છે તે ધર્મ-ભક્તિપુત્ર શ્રીહરિ. ૩.જ્ઞાનસ્વરૂપ. ૪.ચૈતન્યના આકારવાળા સદા સાકાર.

આનંદકારી છે, તે માટે સહજાનંદ. ॥૬૩॥

અને સહજ સ્વાભાવિક દિવ્ય એવા જે પોતે હરિકૃષ્ણ તેમનાં જન્મ-કર્મ તેને હેતે યુક્ત કહેવાં-સાંભળવાં તે રૂપ જાહ્નવીને[1] વિષે વારંવાર સ્નાન કરવું; તેના આનંદના પ્રતાપ થકી નિજદાસ જે તે ત્રિવિધ તાપરૂપ કલ્મષનો[2] સર્વે પ્રકારે ત્યાગ કરીને આનંદ પામે છે, તે માટે સહજાનંદ. ॥૬૪॥

અને સહજ સ્વાભાવિક અનંતકોટિ બ્રહ્માંડના રાજાધિરાજ ને અક્ષરાદિ સર્વેથી વિલક્ષણ ને અનવધિકાતિશયાનંદમય નારાયણ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૬૫॥

અને સહજ સ્વાભાવિક કૈવલ્યાર્થી[3] ને ઐશ્વર્યાર્થી[4] જે પોતાના ભક્ત છે, તે તો જેના અંશના આનંદને વિષે લીન થાય છે, પણ એવાં અનંત ઐશ્વર્ય તો જેના સંકલ્પમાત્રે કરીને ઉત્પન્ન થાય છે, એવા દિવ્યમૂર્તિ સાક્ષાત્ પોતે પુરુષોત્તમ તેમના આનંદને નથી પામતા; એવા સર્વોત્કૃષ્ટાનંદમય દિવ્ય સ્વરૂપ, ગુણગણ તેણે વિશિષ્ટ દિવ્યાનંદમય મૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૬૬॥

અને સહજ સ્વાભાવિક સર્વના કારણ જે પોતે હરિ તેનું કારણપણું[5] જે પુરુષાદિ શક્તિઓને પોતાના ધામના આનંદના લેશને વિષે લીન કરવા ને વળી સૃજવા પોતે સમર્થ

૧.ગંગાને. ૨.પાપનો. ૩.પરબ્રહ્મથી પણ બ્રહ્મને વિષે વધુ પ્રીતિવાળા. ૪.પરબ્રહ્મ પાસેથી ઐશ્વર્ય મેળવવાની ઈચ્છાવાળા. ૫.કાર્ય કરવાનું સામર્થ્ય.

છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૬૭॥

અને **સહજ સ્વાભાવિક આનંદમય જે પોતે હરિ તે પુરુષાદિક શક્તિઓ વિના પણ જગતની ઉત્પત્ત્યાદિક કરવા-કરાવવાને સમર્થ છે;** એવા આનંદરૂપ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૬૮॥

અને **સહજ સ્વાભાવિક પુરુષાદિક શક્તિઓ છે, તે પણ કાષ્ઠની પૂતળીની પેઠે આનંદમય જે પોતે પુરુષોત્તમ તેની પ્રેરણા વિના કાંઈ કરવા સમર્થ નથી;** એવા પરિપૂર્ણ સત્ય જ્ઞાનાનંદઘન દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૬૯॥

અને સહજ સ્વાભાવિક દિવ્ય સાકારમૂર્તિ જે પોતે પુરુષોત્તમ વાસુદેવ સ્વામિનારાયણ તે જેવા પુરુષાદિ સર્વેના કર્તા-હર્તા છે, તે તુલ્ય અક્ષરાદિ મુક્તોમાં કોઈ નથી, ને હમણાંના મુક્તમાં કોઈ નથી, ને હવે થાશે તે મુક્તોમાં કોઈ નહિ થાય; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૭૦॥

અને સહજ સ્વાભાવિક જેના આનંદના પ્રતાપ થકી નિજ ભક્ત કામાદિક શત્રુને સહજમાં જીતી જય કરીને આનંદ પામ્યા; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૭૧॥

અને સહજ સ્વાભાવિક પોતાનું અક્ષરધામ ને સર્વે મુક્ત તેના આનંદનો અંત નથી, તો પોતે પુરુષોત્તમ તેના આનંદનો અંત ન હોય તેમાં શું કે'વું ? એવા અનંતાનંદમય દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૭૨॥

અને સહજ સ્વાભાવિક સર્વેના કર્તા-હર્તા ને સદા દિવ્ય સાકારમૂર્તિ જે પોતે પુરુષોત્તમ, તેની નિષ્ઠા કરાવીને અનંત નાસ્તિક, વેદાંતી ને યવન જેવા જીવોને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૭૩॥

અને સહજ સ્વાભાવિક પોતાની મૂર્તિને વિષે અનંત જીવ આસક્ત વર્તે છે, તે સર્વે દેહનો ત્યાગ કરીને બ્રહ્મપુર ધામને પામીને પરમ આનંદ પામે છે, તે માટે સહજાનંદ. ॥૭૪॥


અને સહજ સ્વાભાવિક અનંતકોટિ બ્રહ્માંડની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તે રૂપ છે આનંદકારી લીલા તે જેની, તે માટે સહજાનંદ. ॥૭૫॥

અને સહજ સ્વાભાવિક પોતાની યોગકળાએ[૧] કરીને પોતાના અક્ષરધામમાં રહ્યા થકા અનંત બ્રહ્માંડોને વિષે જ્યાં જેમ જણાવું ઘટે (ત્યાં તેમ જણાય છે) ને જેને આનંદ દેવો ઘટે ત્યાં તેમ દે છે, પણ પોતે તો અક્ષરધામને મૂકીને ક્યાંય જાતા-આવતા નથી, અખંડ અક્ષરધામને વિષે રહે છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૭૬॥

અને સહજ સ્વાભાવિક દુર્લભમાં દુર્લભ એવો શુદ્ધ એકાંતિકધર્મ તેના કર્તા, વક્તા, રક્ષક, પ્રવર્તક ને આધાર પોતે આનંદકારી છે, તે તુલ્ય બીજો કોઈ નથી; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૭૭॥

૧.અતિ અદ્ભુત આશ્ચર્યકારી સામર્થ્યે.

અને સહજ સ્વાભાવિક પોતે પુરુષોત્તમવાસુદેવ જે તે અક્ષરધામને પોતાને વિષે લીન કરીને સ્વરાટ થકા રહેવાને ને સર્વે મુક્તોને ધારવાને ને આનંદ દેવાને પોતે સમર્થ છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૭૮॥


अनेसहजस्वभाविकनित्यसिद्धआनंदकारिअनंतदिव्यकल्याणकारिगुणेजुक्तजे
पोतेपुरुषोत्तमतेजेतेपोतेपोतानियोगकळायेकरिनेअक्षरादिकसर्वेनेधारिरह्याछेनेपो
तेतोपोतानेआधारेकरिनेरह्याछेपणपोतानेकोइनोआधारकेआनंदनथिएवाआनं
दमयपोतेछेतेमाटेसहजानंद॥

અને સહજ સ્વાભાવિક નિત્યસિદ્ધ, આનંદકારી, અનંત દિવ્ય કલ્યાણકારી ગુણે જુક્ત જે પોતે પુરુષોત્તમ, તે જે તે પોતે પોતાની યોગકળાએ કરીને અક્ષરાદિક સર્વેને ધારી રહ્યા છે, ને પોતે તો પોતાને આધારે કરીને રહ્યા છે, પણ પોતાને કોઈનો આધાર કે આનંદ નથી; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૭૯॥

અને સહજ સ્વાભાવિક જીવ, ઈશ્વર, બ્રહ્મ ને પરબ્રહ્મ જે પોતે પુરુષોત્તમનારાયણ એ ચાર ભેદ અનાદિ, નિત્યસિદ્ધ, શ્રુતિ-સ્મૃત્યાદિક સત્શાસ્ત્રને વિષે પ્રતિપાદન કરેલા છે. જેને એ **જીવ, ઈશ્વર ને અક્ષરબ્રહ્મ તે તો પોતાનું શરીર**[1] **છે ને પોતે તો એના શરીરી**[2] **ને પરમ આનંદમય મૂર્તિ છે,** તે માટે સહજાનંદ. ॥૮૦॥

અને સહજ સ્વાભાવિક પોતે **પુરુષોત્તમવાસુદેવ તેનું સર્વે**

૧.વ્યાપ્ય, નિયામ્ય અને અસમર્થ એવું. ૨.વ્યાપક, નિયામક અને સમર્થ એવા.

ચેતનાચેતન વસ્તુના સમગ્ર દોષે રહિત એવું જે તરેતરેનું અનંત નિરંકુશ દિવ્ય ઐશ્વર્ય છે, તેનો લેશ તેણે કરીને અક્ષરાદિક સર્વેને મોટપ ને આનંદ છે, તે માટે સહજાનંદ. ॥૮૧॥

અને સહજ સ્વાભાવિક સગુણ-નિર્ગુણપણું છે, તે તો સાક્ષાત્ પોતે જે શ્રીપુરુષોત્તમનારાયણ તેનાં અનંત આનંદકારી દિવ્ય ઐશ્વર્ય છે, તે માયલું કોઈક પોતાનું આનંદકારી ઐશ્વર્ય છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૮૨॥

અને સહજ સ્વાભાવિક આનંદકારી ને સ્વતંત્ર એવું જે અપરિમિત એ પોતાનું દિવ્ય ઐશ્વર્ય તેણે કરીને પોતે પોતા વતે જ શોભે છે, પણ કોઈ બીજા વતે નથી શોભતા; એવા મહા આશ્ચર્યકારી દિવ્યાનંદમય મૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૮૩॥

અને સહજ સ્વાભાવિક અખંડાનંદમય જે અક્ષરબ્રહ્મ તે તો પોતાને રહેવાનું ધામ છે, ને પોતે તો સર્વના શેષી[૧], કર્તા ને અક્ષરપર આનંદકારી છે, તે માટે સહજાનંદ. ॥૮૪॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાદિ અનાદિમુક્ત છે, તે પણ આનંદને પામતા થકા સર્વોપરી પોતે પુરુષોત્તમવાસુદેવ તેની ઉપાસના કરે છે; એવા આનંદરૂપ દિવ્ય ગુણ પોતાને વિશે છે જ, તે માટે સહજાનંદ. ॥૮૫॥

અને સહજ સ્વાભાવિક પોતે પરાવર[૨] સર્વને સદા

૧.ઉપભોક્તા-સ્વામી. ૨.મોટું-નાનું, શ્રેષ્ઠ-કનિષ્ઠ, ચેતન-અચેતન.

હસ્તામલ[1] દેખે છે, ને સત્શાસ્ત્ર ને સત્પુરુષના અનુભવને વિષે પણ સાક્ષાત્‌પણે નિરંકુશ દિવ્ય ઐશ્વર્ય તેણે કરીને પોતે જ સર્વકારણ ને સર્વાનંદમય પુરુષોત્તમ છે, તે માટે સહજાનંદ. ॥૮૬॥

અને **સહજ સ્વાભાવિક સાધુ-સત્સંગીને આજ સર્વે ભય થકી રક્ષા કરીને આનંદ સર્વે પ્રકારે પોતે આપ્યો, તેવા આ લોક-પરલોકમાં આનંદ આપવા કોઈ સમરથ નથી;** એવા સર્વોત્તમાનંદમય દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૮૭॥

અને સહજ સ્વાભાવિક જેના પ્રતાપ થકી જે બ્રહ્મરૂપ થયો તેને પણ આ નામ-નામી જે પરબ્રહ્મ શ્રીપુરુષોત્તમ નારાયણ તે જાણવા-ભજવા રહ્યા છે; એવા આનંદરૂપ દિવ્યગુણે સંપન્ન પોતે છે, તે માટે સહજાનંદ. ॥૮૮॥

અને સહજ સ્વાભાવિક પોતે હરિકૃષ્ણ વાસુદેવ સ્વામિનારાયણ તેની માહાત્મ્યજ્ઞાને યુક્ત જે એકાંતિક ભક્તિ, તેનો જે નિર્ણય કરવો તેમાં બીજા કોઈથી ન ભેદાય એવા નાના[2] મતાંતર[3], તેના અંતરાયરૂપી પ્રવાહરૂપ જાળ તથા નિજ જનના મનના જે સર્વે સંશય, તેને સમ્યક્ પ્રકારે[4] છેદી નાંખે એવા મહા આશ્ચર્યમય ને પરમ આનંદકારી, ને સર્વે ઉપનિષદ્‌રૂપ-વેદાંતતત્ત્વદીપરૂપ[5] છે પશ્ન, ને તે

૧.હાથમાં રહેલ આમળાની જેમ. ૨.જુદા-જુદા. ૩.અન્ય મત-સિદ્ધાંત. ૪.સંપૂર્ણ રીતે. ૫.વેદાંતનાં તત્ત્વોને દીવાની જેમ પ્રકાશનાર.

પ્રશ્નના ઉત્તરરૂપ વચનામૃત તે જેનાં; એવા આનંદમય જે પોતે પુરુષોત્તમ તે અક્ષરાદિ સર્વેની ભેળા રસબસ[1] થકા સ્વરાટ[2] રહેવાને ને સર્વેને આનંદ દેવા પોતે સમર્થ છે, તે માટે સહજાનંદ. ॥૮૯॥

અને સહજ સ્વાભાવિક પોતાને વિષે ચોવીશ અવતાર લીન થઈ ગયા, તેને સમાધિને વિષે વ્યાપકાનંદસ્વામી દેખીને મહાઆશ્ચર્યકારી આનંદ પામ્યા, તે માટે સહજાનંદ. ॥૯૦॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાદિક અનંત મુક્ત છે, તે પણ જેની મૂર્તિનાં દર્શનના આનંદને વિષે સ્નેહના આધિક્યપણા થકી લીન થાય છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૯૧॥

અને સહજ સ્વાભાવિક માર્કંડેય ઋષિ તેમણે હરિપ્રસાદજી પ્રત્યે કહ્યું છે જે, "આ તમારા પુત્ર કૃષ્ણ, હરિકૃષ્ણ, નીલકંઠ એ આદિક ઘણાક આનંદકારી નામે યુક્ત થાશે તથા બીજા પણ અનંત દિવ્ય કલ્યાણકારી આનંદમય ગુણે યુક્ત થાશે", એવા આનંદમય નામ ને ગુણે યુક્ત પોતે છે, તે માટે સહજાનંદ. ॥૯૨॥

અને **સહજ સ્વાભાવિક અક્ષરબ્રહ્મ છે તે તુલ્ય તો આ સર્વે સાધુ ને સત્સંગી છે, ને અક્ષરપર પરમાનંદમય પુરુષોત્તમ છે તે તો આ નામના નામી આનંદમય પોતે છે,**

૧.અન્વયપણે રહ્યા થકા. ૨.પોતે પોતાની રીતે એકલા જ.

તે માટે સહજાનંદ. ॥૯૩॥

અને સહજ સ્વાભાવિક સર્વે વૈષ્ણવાચાર્ય તેના અગ્રેસર જે શતાનંદ ને અયોધ્યાપ્રસાદ ને રઘુવીરજી મહારાજ આદિક આચાર્ય તેમનું રહસ્ય એ છે જે, 'આનંદમય શબ્દે કરીને અક્ષરાતીત, અદ્વૈતતત્ત્વ[૧], બ્રહ્મ, પરબ્રહ્મ, હરિકૃષ્ણ, વાસુદેવ નારાયણ છે, તે જ પરમ આનંદમય પુરુષોત્તમ પોતે છે', તે માટે સહજાનંદ. ॥૯૪॥

અને સહજ સ્વાભાવિક શ્રીનરનારાયણ તેમણે સંતદાસજી પ્રત્યે કહ્યું છે જે, "શ્રીસહજાનંદ હરિકૃષ્ણ તો સર્વના કારણ ને સર્વાનંદમય પુરુષોત્તમ પોતે છે", તે માટે સહજાનંદ. ॥૯૫॥

અને સહજ સ્વાભાવિક શુદ્ધ એકાંતિકધર્મ તેના આચાર્ય જે મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી આદિક સર્વે સદ્‌ગુરુ તેમનું રહસ્ય એ છે જે, 'આનંદમય શબ્દે કરીને એક સ્વામિનારાયણ, વાસુદેવ, પરબ્રહ્મ, પરમેશ્વર, પરાત્પર, હરિકૃષ્ણ, અદ્વૈતતત્ત્વ, કારણ, સર્વાનંદમય પુરુષોત્તમ પોતે છે', તે માટે સહજાનંદ. ॥૯૬॥

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રતાપે કરીને દશાવતારનાં દર્શન કરાવીને પોતે પોતાના ભક્તજનને આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૯૭॥

૧.જેની સમાન કોઈ જ નથી એવું અજોડ તત્ત્વ.

અને સહજ સ્વાભાવિક ધર્મદેવ ને મરિચ્યાદિક ઋષિને શ્રીકૃષ્ણરૂપે દર્શન ને વર દેઈને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૯૮॥

અને સહજ સ્વાભાવિક પોતાના ભક્તજનને કેશવાદિ ચોવીશ મૂર્તિઓ રૂપે દર્શન દઈને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૯૯॥

અને સહજ સ્વાભાવિક દુર્ગપત્તનને વિષે નિવાસ કરીને દાદા ખાચર આદિક હરિભક્તને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૦૦॥

અને સહજ સ્વાભાવિક બૃહદ્ધર્મના[1] આચાર્ય જે મુકુંદાનંદ બ્રહ્મચારી, અખંડાનંદ બ્રહ્મચારી ને વાસુદેવાનંદ આદિક બ્રહ્મચારી તેમને સર્વોપરી પોતાના સ્વરૂપનું જ્ઞાન દઈને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૦૧॥

અને સહજ સ્વાભાવિક પોતાને દિવ્યભાવે યુક્ત પોતે હરિએ સર્વે પિગાંબરરૂપે[2] એક યવનને દર્શન દીધાં ને પછી તેને જોઈને તે આનંદ પામ્યો, તે માટે સહજાનંદ. ॥૧૦૨॥

અને સહજ સ્વાભાવિક સાક્ષાત્ સર્વોપરી પુરુષોત્તમ નારાયણ તેના સ્વરૂપને તત્ત્વે કરીને યથાર્થ જાણવું તેને વિષે વિશાળ બુદ્ધિવાળા તો મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી,

૧.નૈષ્ઠિક બ્રહ્મચર્યરૂપ ધર્મના. ૨.પ્રભુનું જ્ઞાન તથા સંદેશને સમજાવનાર મુસ્લિમ સદ્ગુરુરૂપે.

નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, મુકુંદાનંદ બ્રહ્મચારી, ચૈતન્યાનંદસ્વામી, શુકમુનિ, આનંદાનંદસ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, પરમાનંદસ્વામી, નૃસિંહાનંદ સ્વામી, નિષ્કુળાનંદસ્વામી, આત્માનંદસ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, અક્ષરાનંદસ્વામી, અખંડાનંદસ્વામી, ક્રિપાનંદસ્વામી, યોગાનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, સોમલો ખાચર ને રતનજીભાઈ એ આદિક હજારો બ્રહ્મરૂપ એવા જે નિજ ભક્તજન તે સામું જોઈને મંદ મંદ હસતા થકા આનંદ પામે છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૦૩॥

અને **સહજ સ્વાભાવિક સાક્ષાત્ પોતે શ્રીપુરુષોત્તમ નારાયણ તેને લઈને નારદ, સનકાદિક જેવાને ભગવાન કહેવાય, ને પુરુષોત્તમને લીધા વિના તો અક્ષરબ્રહ્મને પણ ભગવાન ન કહેવાય, તો બીજાની શી ગણતી ?** એવા પરમ આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૦૪॥

અને સહજ સ્વાભાવિક હરિકૃષ્ણ તેમનાં જ્ઞાન-ધ્યાન વિના જીવાત્માનાં દર્શન કોઈ સાધન થકી થાતાં નથી, ને હરિકૃષ્ણ તેમનાં જ્ઞાન-ધ્યાન થકી તો જીવાત્માનાં દર્શન સદ્ય થાય છે, ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ જે હરિકૃષ્ણ તેમને પામીને આનંદ પામે છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૦૫॥

અને સહજ સ્વાભાવિક જેના આનંદને પ્રતાપે કરીને

તુચ્છ કરી નાખી છે નિજ દાસે સાલોક્યાદિક મુક્તિ[૧] તે જેણે; તેવા આનંદમય પોતે છે, માટે સહજાનંદ. ॥૧૦૬॥

અને સહજ સ્વાભાવિક પોતાને દર્શનમાત્રે કરીને જ અનંત જીવોના મનની વૃત્તિઓ પોતાની મૂર્તિમાં તણાઈ જાય ને તે આનંદ પામે, તે માટે સહજાનંદ. ॥૧૦૭॥

અને સહજ સ્વાભાવિક પોતાના સ્વરૂપ સંબંધી વાર્તાને કોઈ દેશ-પરદેશ, આ લોક-પરલોકમાં જાઈને કરે, તેને સાંભળીને બહુ મનુષ્યને અલૌકિકપણું જણાઈ આવે ને આનંદ પામે, તે માટે સહજાનંદ. ॥૧૦૮॥

અને સહજ સ્વાભાવિક આ લોક-પરલોકમાં જે જે આશ્ચર્ય થઈ ગયાં, થાય છે, થાશે તે સર્વે પોતે પુરુષોત્તમ તેની ઇચ્છા થકી થાય છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૦૯॥

અને સહજ સ્વાભાવિક જેવા તેવા અનંત જીવોને સમાધિએ કરીને પોતાની મૂર્તિને વિષે ચિત્તનો નિરોધ કરાવીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૧૦॥

અને સહજ સ્વાભાવિક આ નામરૂપ જાહ્નવીએ અઘ[૨] ધોઈને જેવા પવિત્ર કર્યા, તેવા કોઈ નામરૂપ જાહ્નવીએ અઘ ધોઈને પવિત્ર કર્યા નથી; એવું આનંદમય જેનું નામ છે, તે માટે સહજાનંદ. ॥૧૧૧॥

૧.(i) ભગવાનના લોકમાં રહેવું. (ii) ભગવાનની સમીપમાં રહેવું. (iii) ભગવાન જેવું રૂપ પામવું. (iv) ભગવાન જેવું ઐશ્વર્ય પામવું. -- આ ચાર પ્રકારના મોક્ષ. ૨. પાપ.

अने सहज
स्वभाविकदत्तात्रेयादिकअवतारद्वारेजेवुंजीवनुंकल्याणकर्युंनेचित्तनोनिरोधकर्योतेवुंतो
पोतानाभक्तद्वारेसामर्थ्यजणाविनेअनंतजीवुंनेपोतेआनंदआप्योतेमाटेसहजानंद॥

અને **સહજ સ્વાભાવિક દત્તાત્રેયાદિક અવતાર દ્વારે જેવું જીવનું કલ્યાણ કર્યું ને ચિત્તનો નિરોધ કર્યો તેવું તો પોતાના ભક્ત દ્વારે સામર્થ્ય જણાવીને અનંત જીવોને પોતે આનંદ આપ્યો,** તે માટે સહજાનંદ. ॥૧૧૨॥

અને સહજ સ્વાભાવિક પોતાની મૂર્તિ વિના જે ભક્તજન બીજું કાંઈ ન ઈચ્છે તેને પોતે પરમ આનંદ આપે છે. કેમ જે, પોતે સર્વોપરી પુરુષોત્તમનારાયણ છે, ને બદ્ધ મુક્ત સર્વે જીવના જીવનપ્રાણ ને મહા આનંદકારી છે, તે માટે સહજાનંદ. ॥૧૧૩॥

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રતાપે કરીને અક્ષરધામના મધ્યને વિષે રહ્યું દિવ્ય સિંહાસન તેની ઉપર સદા વિરાજમાન, ને ચારેકોરે અનંતકોટિ મુક્તમંડળની સભાએ વીંટાણા એવા જે દિવ્યમૂર્તિ પોતે તેનું દર્શન જેવા તેવા અનંત જીવોને કરાવીને તેમને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૧૪॥

અને સહજ સ્વાભાવિક ધામરૂપ સમગ્ર અક્ષરનું તેજ છે, તે જે તે પુરુષોત્તમ વાસુદેવ હરિકૃષ્ણ તેની મૂર્તિના આનંદમય તેજના એક રોમનું તેજ તેની સાદૃશ્ય[1] નથી આવતું; એવા

૧.સમાનતામાં.

મહા અદ્‌ભુત, આશ્ચર્યકારી આનંદરૂપગુણે સંપન્ન દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૧૫॥

અને સહજ સ્વાભાવિક પોતાના સર્વે અવતાર ને વૈકુંઠાદિક ધામની મૂર્તિઓમાં રહ્યાં છે જે દિવ્ય ઐશ્વર્ય, તે સર્વેને પોતાની મૂર્તિને વિષે અનંત મનુષ્યને દેખાડીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૧૬॥

અને સહજ સ્વાભાવિક પૂર્વે સત્શાસ્ત્રને વિષે કહ્યાં જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ ને યોગ, સાંખ્ય ને વેદાંતાદિક સત્શાસ્ત્રના મત તેમના સ્વરૂપનું પ્રતિપાદન જ્યારે પોતે કરે ને તેમના પ્રતિપાદનનાં શાસ્ત્ર પોતે કરે; તેમાં પૂર્વના શાસ્ત્રથી બહુ ચમત્કાર આવે ને તે સહેજે સર્વેના સમજ્યામાં આવે, ને તે વાર્તા શાસ્ત્રમાં જેની બુદ્ધિ પૂગતી હોય તેને યથાર્થ જણાય ને તે આનંદ પામે; તે માટે સહજાનંદ. ॥૧૧૭॥

અને સહજ સ્વાભાવિક દર્શન-સ્પર્શ ને પરિચર્યાદિક[1] થકી અનંત જીવનાં કલ્યાણ કર્યાં કરે છે ને હજી આગળ કરશે, એવા અનંત કલ્યાણકારી ગુણે અંકિત[2] નિજ સાધુ-સત્સંગી તેમની જે મહા અલૌકિક આશ્ચર્યકારી મોટી સભા તેને વિષે દિવ્ય સિંહાસન તે ઉપર વિરાજમાન એવા, ને તે સભાને વિષે સદા આનંદ પામતા થકા રહ્યાની છે રુચિ તે જેમની; એવા આનંદમય પરબ્રહ્મ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૧૮॥

૧.સેવા, પૂજા વગેરે. ૨.સહિત.

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે પુરુષોત્તમ છે, તે અક્ષરાદિક સર્વે પોતાના દિવ્ય મુક્ત તેમને પોતાની મૂર્તિનું અપરિમિતાનંદમય જે તેજ તેણે કરીને તે તેજમાં હરિની મૂર્તિનાં દર્શન નથી થાતાં ત્યારે તે મુક્તોને અતિશે કષ્ટ થાય છે, ત્યારે તે સર્વે પ્રકાશને પોતાની મૂર્તિમાં સંકેલીને પોતાની મૂર્તિનાં દર્શન કરાવે છે, ત્યારે તે સર્વે મુક્તોને અતિશે આનંદ થાય છે; એવો આનંદ પોતે આપીને નિજાનંદ થકી આનંદ પામે છે, તે માટે સહજાનંદ. ॥૧૧૯॥

અને સહજ સ્વાભાવિક અનંતકોટિ બ્રહ્માંડોના કારણ એવા જે અક્ષરપુરુષ તેના નિયંતા, અને સર્વે જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે થયા ને હજી વળી આગળ થાશે જે સર્વે ભગવાનના અવતાર તેમનું કારણ; એવા જે આ નામના નામી તેમનાં સ્વામિનારાયણ, નીલકંઠ, નારાયણ, હરિકૃષ્ણ, કૃષ્ણ એ આદિક સર્વે નામ છે, તે ચિંતામણિ સમ આનંદકારી છે; ને એ સર્વે નામને આ સહજાનંદ નામના અર્થને વિષે આ નામના નામીને લઈને ગ્રહણ કરીએ છીએ. એવા જે હરિ, તેના સાક્ષાત્ સંબંધને પામીને ઉન્મત્ત ગંગાજી[૧] ત્રિલોકને પાવન કરે એવા આનંદને પામ્યા, તથા મૂંગા જીવ તે પણ વેદ, ગિર્વાણ[૨] બોલે એવા આનંદને પામ્યા, તથા કોઈ કાળે કલ્યાણને માર્ગે ચાલે નહિ તેવા પગ વિનાના પાંગળા જીવ તે પણ મેરુથી મોટા જે કાળ-

૧.ગઢપુરમાં રહેલી ઘેલા નદી. ૨.સંસ્કૃત ભાષા.

માયાદિક તેને ઉલ્લંઘીને આનંદ પામ્યા; એવા જે નિરવધિકાતિશય આનંદકારી પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૨૦॥

અને સહજ સ્વાભાવિક પોતે પુરુષોત્તમનારાયણ છે, તે પોતાની સ્વાભાવિક સત્ય-જ્ઞાનાદિ શક્તિઓ તેણે કરીને મૂળ પુરુષને વિષે અન્વય થકા વ્યતિરેક છે, ને તે પુરુષ દ્વારાયે કરીને અનંત બ્રહ્માંડોને સર્જે છે, ને એ પુરુષના અંગ થકી થયું જે જળ[૧] તેને આશ્રે અનંત બ્રહ્માંડ રહ્યાં છે. ને એ પોતાના એક રોમ-બિંદુનું પ્રકાશાનંદરૂપ જે જળ[૨] તેનો લેશ સુખ તેણે કરીને અનેક બ્રહ્માંડોના સર્વે જીવ-ઈશ્વર સુખિયા છે. એવી રીતે એ પુરુષ દ્વારાયે કરીને પોતે સર્વેને આનંદ આપે છે; એવા સર્વ કારણ ને સર્વાનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૨૧॥

અને સહજ સ્વાભાવિક ક્યારેક નિજ ભક્તજન ઉપર આનંદ પામીને તેના મસ્તક ઉપર નિજ બે હાથ મૂકે છે, તથા કોઈક ભક્તજનના હૃદયને વિષે નિજ ચરણારવિંદનું ધારણ કરે છે, તથા પોતાની આજ્ઞાને તત્કાળ પાળવાને ઈચ્છતો જે કોઈક ભક્તજન તથા તે પોતાની આજ્ઞાને રૂડી રીતે પાળીને આવ્યો જે કોઈક ભક્તજન તેના હૃદયને વિષે પોતાનાં ચરણારવિંદ આપે છે, તથા કોઈ ભક્તજન તેને પોતાની પ્રસાદી, પુષ્પના હાર, વસ્ત્ર-આભૂષણ આપે છે;

૧.આધારપણે રહેલું તેજરૂપ સામર્થ્ય. ૨.પુરુષોત્તમના સ્વરૂપમાંથી નીકળતું એક રોમ જેટલું તેજ તથા આનંદ એ રૂપ જે પાણી.

એવો આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૨૨॥

અને સહજ સ્વાભાવિક આ લોક-પરલોક સંબંધી અતિ રમણીક પંચવિષય છે, તે પોતાને વગર ઈચ્છે આવીને પ્રાપ્ત થાય છે, તોપણ તે વિષયમાં[1] પોતે નિજાનંદને મૂકીને ઘણાય પ્રીતિ કરવાને ઈચ્છે છે, તોપણ લેશમાત્ર તે વિષયમાં પ્રીતિ થાતી નથી; એવા આનંદમય પરબ્રહ્મ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૨૩॥

અને સહજ સ્વાભાવિક સદ્ધર્મ ને ઉપાસના તેને અનંત વિઘ્નમાં અચળ રાખે-રખાવે એવા જે નિજ ભક્તજન તેમની ઉપર પ્રસન્ન થઈને મંદ મંદ હસતા થકા આનંદ પામે છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૨૪॥

અને **સહજ સ્વાભાવિક આ લોક-પરલોક સંબંધી પંચવિષયનાં સુખ તેને હરામ કરીને જે એક હરિની મૂર્તિ સંબંધી પંચવિષય તેમાં જોડાણા છે, તેવા જે નિજ ભક્તજન તેની ભેળા હરિ નિરંતર આનંદ પામતા થકા રહે છે;** એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૨૫॥

અને સહજ સ્વાભાવિક અતિ છેટે રહ્યા જે નિજ ભક્તજન તેમણે પોતાના ઘરને વિષે હરિની પ્રતિમાને આગળ ધર્યું જે નૈવેદ્ય તેને નિજ ભક્તને વિસ્મયને પમાડતાં થકાં પોતે જમીને આનંદ આપ્યો; એવા આનંદમય પોતે છે, તે

૧. પ્રેમી ભક્તોએ અર્પણ કરેલાં ખાન-પાન, વસ્ત્રાભૂષણ વગેરે પદાર્થોમાં.

માટે સહજાનંદ. ॥૧૨૬॥

અને સહજ સ્વાભાવિક ક્યારેક મોટા મહારુદ્રને વિષે પોતાના મુખારવિંદ આગળ બેઠી જે લાખો બ્રાહ્મણોની મોટી સભા તે સર્વે પરીક્ષા કર્યા સારુ પોતાને સાથે પ્રશ્ન પૂછે, ત્યારે પોતે પણ તેટલી મૂર્તિઓ ધરીને એક કાળે સર્વેને સાથે ઉત્તર આપે, તે વારે સર્વે સભા આશ્ચર્ય પામતી થકી મહાઆનંદ પામે; એવો આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૨૭॥

અને સહજ સ્વાભાવિક કોઈક પ્રારબ્ધકર્મને જોગે કરીને ગમે તેવાં દૈહિક દુઃખ આવી પડે, પણ તેણે કરીને શ્રદ્ધા, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, ઉપાસના ને સંતનો સમાગમ ઈત્યાદિક જે જે નિયમ છે, તેમાં રતીવા સરસ તે થાય પણ મોળા ન પડે, એવા જે નિજ ભક્તજન તેને જોઈને તેમની ઉપર પ્રસન્ન થઈને મંદ મંદ હસતા થકા આનંદ પામે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૨૮॥

અને સહજ સ્વાભાવિક માન-મત્સરાદિક દોષે રહિત નિષ્કામ એવા જે નિજ ભક્તજન તેમણે અતિ પ્રીતિએ કરીને કરી જે સેવા તેને વિષે છે રુચિ તે જેમને, તથા સાધુ-બ્રાહ્મણ તેમણે કર્યો જે નિજ અપરાધ તેને સહન કરવું એવો આનંદમય નિજ સ્વભાવ છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૨૯॥


અને સહજ સ્વાભાવિક ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત

જે નિજ એકાંતિક ભક્તિ તેને નિજ ભક્તજનના હૃદયને વિષે દૃઢ સ્થાપન કરીને, પોતે એવી નિજ જનના કલ્યાણને અર્થે સત્ક્રિયા કરીને, નિજાનંદે કરીને મંદ મંદ હસતા થકા આનંદ પામે છે; એવા આનંદકારી પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૩૦॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે પુરુષોત્તમ નારાયણ છે તેમની મૂર્તિના આનંદમય પગ છે, આનંદમય આંગળિયું છે, આનંદમય નખ છે, આનંદમય પાનિયું છે, આનંદમય ઘૂંટિયું છે, આનંદમય પિંડિયું છે, આનંદમય ઢીંચણ છે, આનંદમય સાથળ છે, આનંદમય કટિભાગ છે, આનંદમય ઉદર છે, આનંદમય ત્રિવળી છે, આનંદમય નાભિ છે, આનંદમય હૃદય છે, આનંદમય સ્તન છે, આનંદમય છાતી છે, આનંદમય બગલું છે, આનંદમય ભુજા છે, આનંદમય કૂણિયું છે, આનંદમય કાંડાં છે, આનંદમય હથેળિયું છે, આનંદમય આંગળિયું છે, આનંદમય નખ છે, આનંદમય પોંચા છે, આનંદમય ખભા છે, આનંદમય કંઠ છે ને આનંદમય વાંસો છે, આનંદમય ડોક છે, આનંદમય ચિબુક[૧] છે, આનંદમય મુખ છે, આનંદમય નાસિકા છે, આનંદમય નેત્ર છે, આનંદમય કાન છે, આનંદમય ભ્રૂકુટિ છે, આનંદમય લલાટ[૨] છે, આનંદમય મસ્તક છે; એવી રીતે સર્વે અંગ ચિહ્‌ન-તિલ-નખ-શિખાદિ સત્યજ્ઞાનાનંદઘન

૧. દાઢી. ૨. કપાળ.

દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૩૧॥


अनेसहजस्वभाविकक्यारेक
मोटासमैयानेविषेपोतानिआगळबेठिजेसाधुसत्संगिनिमोटिसभातेसर्वेपोतानेसाथे
प्रश्नपुछेतारेपोतेपणतेसर्वेनेतेटलीमूर्तियुंधरिनेसाथेउत्तरआपेतेवारेसर्वेसभाविस्मय
पामतिथकीआनंदपामेएवोआनंदपोतेआप्योतेमाटेसहजानंद॥

અને સહજ સ્વાભાવિક ક્યારેક મોટા સમૈયાને વિષે પોતાની આગળ બેઠી જે સાધુ-સત્સંગીની મોટી સભા તે સર્વે પોતાને સાથે પ્રશ્ન પૂછે, ત્યારે પોતે પણ તે સર્વેને તેટલી મૂર્તિઓ ધરીને સાથે ઉત્તર આપે, તે વારે સર્વે સભા વિસ્મય પામતી થકી આનંદ પામે; એવો આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૩૨॥

અને સહજ સ્વાભાવિક નિજ પ્રતાપે કરીને નાના પ્રકારનું સર્વોપરી દિવ્ય ઐશ્વર્ય-વૈભવ તેને પૃથ્વીને વિષે વિસ્તારીને નાના પ્રકારના ખોટા માયિક[1] પાખંડી ગુરુ તેમને સત્શાસ્ત્રને વચને જીતી પરાજય પમાડીને અનાદિ નિત્યસિદ્ધ દિવ્યવિગ્રહ મૂર્તિ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણસ્વરૂપાદ્વૈત[2] મત[3] તેને નિર્દોષપણે[4] સ્થાપન કર્યો; એવા જે આનંદમય પરબ્રહ્મ શ્રીકૃષ્ણ સહજાનંદ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૩૩॥

અને સહજ સ્વાભાવિક મહા આશ્ચર્યકારી મંદિર કરાવીને પોતે હરિકૃષ્ણનારાયણની ને નિજ દશ અવતારની ને પાંચ દેવ તેમની માંહી પ્રતિમાઓ પધરાવીને, ને તેમનું પ્રતિપાદક

૧.કપટી. ૨.ધામમાં જેવા દિવ્ય, સાકાર અને સમર્થ છે, તેવા ને તેવા જ મનુષ્યરૂપમાં તથા સર્વત્ર બિરાજમાન છે એવો. ૩. સિદ્ધાંત. ૪. એક પણ ખામી વિના - સંપૂર્ણપણે.

સત્શાસ્ત્ર તેણે કરીને ઉપાસના ને સદ્ધર્મ તેમનું સ્થાપન કરીને, તેમની સદ્‌ગુરુ ને આચાર્ય તેમને ભલામણ કરીને, પોતે મનમાં ગૂઢ સંકલ્પ ધારી રાખ્યો હતો તે સિદ્ધ થયો તેણે કરીને આનંદ પામ્યા; એવા જે નિત્ય-શુદ્ધાનંદમય-કલ્યાણકારી ગુણ તેના રત્નાકર[1] નિજાનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૩૪॥

અને સહજ સ્વાભાવિક દિવ્ય સાકારમૂર્તિ પોતે હરિકૃષ્ણ તેમની ઉપાસના-ભક્તિ દૃઢ કરતો હોય, ને તે હરિને અર્થે જે તપ, યોગ, પંચવિષયનો અભાવ, વૈરાગ્ય, અષ્ટાંગ-બ્રહ્મચર્યવ્રત ને ક્ષમા ઈત્યાદિક જે જે સાધન તેને હરિની પ્રસન્નતાને અર્થે નિર્દંભપણે કરે તેવો જે નિજ ભક્તજન તેને જોઈને તેની ઉપર અતિ પ્રસન્ન થઈને મંદ મંદ હસતા થકા આનંદ પામે છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૩૫॥

અને સહજ સ્વાભાવિક હરકોઈ મનુષ્યને દુઃખિયો દેખીને દયાએ કરીને આનંદ પામતાં થકાં તેને અન્ન-વસ્ત્રાદિક પદાર્થે કરીને ઉપકાર કરે છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૩૬॥

અને સહજ સ્વાભાવિક પોતે હરિ ને હરિજન તેમને સર્વ સાધન થકી જે ભક્તજને અધિક જાણ્યા છે, તેવા

૧.સાગર.

જે નિજ ભક્તજન તેને જોઈને તેની ઉપર અતિ પ્રસન્ન થકા આનંદ પામે છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૩૭॥

અને **સહજ સ્વાભાવિક બ્રહ્મરૂપ થઈને અક્ષરાતીત પરબ્રહ્મ આ નામના નામી તેમની મૂર્તિનું અખંડ ધ્યાનના આગ્રહવાળા જે નિજ ભક્તજન તેને જોઈને તેની ઉપર પ્રસન્ન થકા આનંદ પામે છે;** એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૩૮॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત આ નામના નામી તેમની મૂર્તિને હમણાં પણ પ્રગટ નિજ જન અખંડ દેખે છે, ને એમનાં દર્શન કર્યાં મોર પણ કેટલાક ભક્તજન દેખતા; એવો આનંદ નિજ જનને પોતે આપ્યો છે ને હજી આપશે; એવા આનંદમય પરબ્રહ્મ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૩૯॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે પુરુષોત્તમ તેમની મૂર્તિને વિષે જે ભક્તજન દૃઢ નિષ્ઠાને પામીને સિદ્ધદશાને પામ્યો છે, તે અખંડ હરિની મૂર્તિને સ્થાવર-જંગમ સર્વ આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે છે ને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસતું નથી, એક મૂર્તિ જ સર્વત્ર ભાસે છે; એવા જે નિજ ભક્તજન તેની ઉપર પ્રસન્ન થઈને મંદ મંદ હસતા થકા આનંદ પામે છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૪૦॥

અને સહજ સ્વાભાવિક ક્યારેક દેશાંતર થકી પોતાને સમીપે આવ્યા જે સાધુ તથા પોતાને પ્રિય એવા જે ભક્તજન તેમને જોઈને તત્કાળ આનંદ પામતાં થકાં તેમને બથમાં ઘાલીને મળે છે; એવો આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૪૧॥

અને સહજ સ્વાભાવિક બ્રહ્મપુરાદિક નિજ દિવ્ય ધામોનાં જે નિજ દિવ્યમુક્ત, શક્તિઓ, ઐશ્વર્ય અને આધુનિક[1] નિજ ભક્ત એ સર્વેને પોતે હરિકૃષ્ણ મહારાજ આનંદ આપીને પોતે તો નિરવધિકાતિશયાનંદમયમૂર્તિ છે તેણે કરીને આનંદ પામે છે; એવા જે સત્યજ્ઞાનાનંદઘન દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૪૨॥

અને સહજ સ્વાભાવિક ઘેલા નદીનાં[2] નિર્મળ જળ જાણીને સાધુ-સત્સંગી સહિત નાહવા પધારે છે. ને તે નદીનાં જળને વખાણતાં થકાં ને નિજ ભક્તજનને આનંદ ઉપજાવતાં થકાં તે ભક્તજન ભેળા બહુ પ્રકારે આનંદ પામતાં થકાં જળક્રીડા કરે છે; એવો આનંદ પોતે આપ્યો છે, તે માટે સહજાનંદ. ॥૧૪૩॥

અને સહજ સ્વાભાવિક ક્યારેક નિજ ભક્તજન ઉપર આનંદ પામતાં થકાં પોતાની પ્રસાદીનો થાળ આપે-અપાવે છે, તથા પોતાને પ્રિય એવા જે કોઈક ભક્તજન તેમને પોતાની

૧.અત્યારના. ૨.ગઢપુરની ઉન્મત્તગંગામાં.

ચરણપાદુકા[1] પ્રસન્ન થઈને આનંદ પામતા થકા આપે છે; એવો આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૪૪॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે હરિકૃષ્ણ તેમનાં નામ, અવતાર, આચાર્ય, સાધુ, સત્સંગી, ધામ, પાર્ષદ, ઐશ્વર્ય, મુક્ત, પ્રતિમાઓ, સદ્ધર્મ, સત્શાસ્ત્ર ને વિભૂતિઓ એ આદિક સર્વે તેમના દ્રોહાદિક[2] તેણે રહિત એવા અતિ આસ્તિકમતિવાળા જે સદ્ધર્મનિષ્ઠ જીવ તેમનો મહા આદરે યુક્ત સત્કાર કરવો, એવો આનંદકારી નિજ સ્વભાવ છે; એવા આનંદમય પરબ્રહ્મ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૪૫॥

અને સહજ સ્વાભાવિક નિજ પ્રતાપ થકી સત્સંગી-કુસંગી હજારો જીવોને સમાધિ થઈ જાય ને તે પાછા સમાધિમાંથી જાગે ત્યારે—અનેક કોટિ બ્રહ્માંડોની રચનાઓ તથા ગોલોકાદિક ધામોનાં દિવ્ય ઐશ્વર્ય, પાર્ષદ, મૂર્તિઓ, શક્તિઓ, મુક્ત—એ સર્વે પોતે સમાધિમાં દીઠાં છે, તેનું જે નોખું નોખું બીજા મનુષ્ય આગળ વર્ણન કરે તેને સાંભળીને તે મનુષ્ય આશ્ચર્ય પામતા થકા આનંદ પામે છે; એવો જે નિજપ્રતાપ તેને દેખાડીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૪૬॥

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રિય એવા જે ભક્તજન તેને આનંદ પામતા થકા પોતાની પ્રતિમા તથા બાલમુકુંદ

૧.ચાખડી અથવા કોઈ પણ પગરખાં. ૨.અભાવ, અવગુણ, ટીકા, નિંદા અને અપરાધ વગેરે.

તથા શાલગ્રામ તેમને પૂજવા પૂજા આપે-અપાવે છે, તથા કોઈક પોતાને પ્રિય એવા જે ભક્તજન તેમને આનંદ પામતા થકા પોતાનાં ચરણારવિંદ પૂજવા પાડી દે છે; એવો આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૪૭॥

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રિય એવા જે હજારો નિજ ભક્તજન તેમને પોતાને પ્રતાપે કરીને પોતે અષ્ટાંગજોગ સંપૂર્ણ શીખવીને આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૪૮॥

અને સહજ સ્વાભાવિક અક્ષિવિદ્યા આદિક ઘણીક પ્રકારની બ્રહ્મવિદ્યાઓ છે, તે સર્વે નિજ ભક્તજન તેમને શીખવીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૪૯॥

અને **સહજ સ્વાભાવિક પોતે કર્યા જે સમૈયા-ઉચ્છવ તથા મંદિર, નિવાસ એવી રીતનાં જે જે સ્થાનક તેને વિષે કુસંગી દેહત્યાગ કરે તેને પોતે અંતકાળે તેડવા આવે ને તે જીવ કહે જે, 'સ્વામિનારાયણ મુને પોતાના ધામ પ્રત્યે તેડી જાય છે'**; એવો જે નિજ પ્રતાપ તેને દેખાડીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૫૦॥

અને સહજ સ્વાભાવિક કોઈ કોઈક નિજ ભક્તજન સમાધિમાં જાય ત્યારે તેના શરીર ઉપર પુષ્પ-ચંદન, ગુલાલ તેની વૃષ્ટિ થાય, ને તે સમાધિમાંથી જાગે ત્યારે માળા, રૂમાલ, લવિંગ એ આદિક અલૌકિક પ્રસાદી લાવે; તેને દેખીને જે દૈવી જીવ હતા તે એવો જે નિજ પ્રતાપ તેને

દેખીને પ્રગટ હરિનો આશરો કરીને આનંદ પામ્યા; એવો આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૫૧॥

અને સહજ સ્વાભાવિક પોતે સાધુને જમાડતાં-જમાડતાં સાધુ ધરાય ત્યારે તેમના મસ્તક ઉપર પોતાના બે હાથ મૂકતા જાય ને લાડુ-જલેબી મુખમાં દેતા જાય; એવો આનંદ પોતે નિજ સાધુને આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૫૨॥

અને સહજ સ્વાભાવિક આ લોક-પરલોક તેને વિષે પરમતત્ત્વ જાણવા, માણવા ને ભજવા યોગ્ય તો આનંદમય પોતે છે; એવા અજિતાનંદમય[૧] દિવ્યગુણાકર[૨] પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૫૩॥

અને સહજ સ્વાભાવિક અતિ મલિન જીવ તેને યમના દૂત અંતકાળે અતિ કષ્ટને પમાડે, ત્યારે તે સમે તે પાસે મનુષ્ય હોય તે તેના કાનમાં જઈને ‘સ્વામિનારાયણ’ એ નામને સંભળાવે, ત્યારે તે નામને સાંભળતાંવેંત તે દુઃખ થકી મુકાઈ જાય, ને જે પોતા પાસે મનુષ્ય હોય તે પ્રત્યે કહે જે, **‘સ્વામિનારાયણ નામ સાંભળતાંવેંત યમના દૂત મુને મારતા’તા તે ભાગી ગયા, ને સ્વામિનારાયણનાં મુને દર્શન થાય છે ને મુને પોતાના ધામ પ્રત્યે તેડી જાય છે’**, એવો પ્રતાપ દેખીને જે દૈવી જીવ હતા તે પ્રગટ હરિનો આશરો કરીને આનંદ પામ્યા; એવો આનંદ પોતે આપ્યો, તે માટે

૧.અપરાજિત કે અમાપ આનંદવાળા. ૨.દિવ્ય ગુણોની ખાણરૂપ.

સહજાનંદ. ॥૧૫૪॥

અને સહજ સ્વાભાવિક નિજ ભક્તજન સાજા-સમા, માળા, ધ્યાન ને માનસી પૂજા કરતા હોય ત્યારે પોતાના જીવની વૃત્તિનો નિરોધ હરિની મૂર્તિમાં થઈ જાય, ને તે દેહત્યાગ કરી દે, ને આનંદ પામે; એવો આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૫૫॥

અને સહજ સ્વાભાવિક કોઈ કોઈક નિજ દર્શન કર્યાં વિનાના જૂના-નવા જે હરિભક્ત હતા, તેમને પોતે દર્શન દઈને આનંદ આપ્યો, આપે છે; તે માટે સહજાનંદ. ॥૧૫૬॥

અને સહજ સ્વાભાવિક બ્રહ્મચર્ય, અહિંસાદિક ધર્મે યુક્ત, ને નાડી-પ્રાણ તેનો સ્વઇચ્છાએ કરીને સંકોચ-વિકાસ કરી લઈને બીજાના દેહમાં પેસીને તેના મનની વાત જાણે એવા અંતર્યામી તુલ્ય તો અગણિત જેના ગૃહી-ત્યાગી શિષ્ય છે, તેને દેખીને જે દૈવી જીવ હતા તે સંશયરહિતપણે હરિને જાણીને પ્રગટ હરિનો આશરો કરીને આનંદ પામ્યા; એવો જે નિજ પ્રતાપ તેને દેખાડીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૫૭॥

અને સહજ સ્વાભાવિક કોઈ કોઈક નિજ ભક્તને પોતે આગળથી વાયદો કરી જાય, 'આટલા દિવસ વીત્યે તુંને તેડવા આવશું, તું બીજા માણસને વાત કરજે.' ત્યારે તે ભક્ત બીજા માણસને વાત કરે. તેને સાંભળીને તે માણસ

માંહોમાંહી વાત કરે જે, 'તેડવા આવે તો સહજાનંદસ્વામી ભગવાન ખરા.' તે પછી વાયદો પૂરો થાય ત્યારે પોતે વિમાન-પાર્ષદ લઈને તેડવા આવે, તેને તે ગામના માણસ પ્રગટ દેખે ને જેને તેડવા આવે તે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની વાત જણાવતાં થકાં અતિ પ્રતાપે યુક્ત દેહ મૂકે, તેને દેખીને તે માણસ પ્રગટ હરિનો આશરો કરીને આનંદ પામ્યા; એવો જે નિજ પ્રતાપ તેને દેખાડીને આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૫૮॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે હરિકૃષ્ણ તેમની ને બીજા મુક્તની વેદને વિષે નિર્વિકલ્પ સમાધિની સ્થિતિને ભેદે કરીને એકતા કહી છે, પણ સત્ય-જ્ઞાનાદિક સર્વે દિવ્ય ગુણ તેણે કરીને એકતા કહી નથી. એ ગુણ તો એક હરિને વિષે જ નિત્ય રહે છે ને બીજા મુક્તને વિષે તો એ ગુણ ગયા-આવ્યા રહે છે; એવા અખંડાનંદ દિવ્યાનંદમય ગુણાકર અદ્વૈતમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૫૯॥

અને સહજ સ્વાભાવિક શ્રુતિ-સ્મૃતિને વિષે સર્વોત્તમ હરિકૃષ્ણનારાયણ તેમનાં આનંદમય નામ છે, તેને ને બીજાં નામને સમાન જે સમજશે તથા આ નામના માહાત્મ્યનું બળ લઈને જે કુબુદ્ધિયે કરીને પાપ કરશે તે પાપિષ્ઠ છે; તથા નિજ તપના ફળના પ્રતાપ થકી નિજ આશ્રિત હરિજન સર્વે ને બીજા કોઈ તેમનાં મન શુદ્ધ થયાં ને તે

આનંદ પામ્યા; તથા મૂર્તિમાન વેદ છે તે દિવ્ય સ્વરૂપે કરીને નિરંતર અક્ષરધામને વિષે હરિકૃષ્ણની સ્તુતિ કરે છે, તેને સમાધિને વિષે નિજ ભક્તજન દેખી આનંદ પામ્યા; તથા કંઈક જીવના સંશય, શોક, મોહ હરીને પોતે આનંદ આપ્યો; તે માટે સહજાનંદ. ॥૧૬૦॥

અને સહજ સ્વાભાવિક ક્યારેક પોતાના સમાધિનિષ્ઠ ભક્તજન તેમને હરિ કહે જે, 'આપણે એક રમત કરીએ.' ત્યારે તે સર્વે કહે જે, 'ઠીક મહારાજ.' તે પછી એક પોતાનો પરિપક્વ સમાધિનિષ્ઠ ભક્તજન તેને હરિએ કહ્યું જે, "તું સમાધિ કરીને અક્ષરધામમાં આગળ જઈને જેટલા ભગવાન પાસે જવાના દરવાજા છે તેટલી મૂર્તિયો ધરીને ત્યાં બેસ. આ સર્વે સમાધિ કરીને આવે તેને માંહી પેસવા દઈશ નહીં."

અને તે પછી બીજા હજારો સમાધિનિષ્ઠ ભક્ત હતા તેમને હરિએ સમાધિ કરાવીને કહ્યું જે, "હવે અક્ષરધામમાં જેટલા ભગવાન પાસે જવાના દરવાજા છે, તેટલે દરવાજે થઈને સર્વે માંહી પેસી જાવો." તે વારે તે સર્વે સમાધિ કરીને જે જે દરવાજે પેસવા ગયા તે તે દરવાજે આગળ મેલ્યો તે ઊભો હતો, તે કોઈને માંહી પેસવા દીધા નહીં. ત્યારે તે સર્વે ભક્તજન તેમણે સમાધિમાંથી જાગીને હરિની આગળ વાત કરી જે, "અમે તો જે જે દરવાજે પેસવા

ગયા તે તે દરવાજે તમે બેસાડ્યો તે ઊભો છે, તે કોઈને માંહી પેસવા દેતો નથી.” ત્યારે એ સર્વેને હરિએ કહ્યું જે, “હવે તમારો વારો આવ્યો, તે સારુ તમે સર્વે સમાધિ કરીને અક્ષરધામમાં જેટલા ભગવાન પાસે જવાના દરવાજા છે તે સર્વે દરવાજે સાવધાન થઈને ઊભા રહો, એ માંહી પેસવા આવે તો તેને પેસવા દેશો નહીં.” ને તે પછી તે પરિપક્વ સમાધિવાળાને હરિ(એ) ફરીને સમાધિ કરાવીને કહ્યું જે, “તું હવે અક્ષરધામમાં ભગવાન પાસે જા.”

અને તે પછી બીજા આગળ દરવાજે રોકવાને ઊભા હતા તેને હરિ કહે જે, “તમને રોકતો તે સમાધિ કરીને તમ પાસે આવ્યો છે ?” ત્યારે તે સર્વે હરિને કહે જે, “અમ પાસે તો નથી આવ્યો.” ત્યારે તેમને હરિએ કહ્યું જે, “એના દેહમાં જુઓ.” તે પછી દેહમાં જોયું. તે દેહમાં ન ભાળ્યો ત્યારે તે હરિને કહે જે, “દેહમાં તો નથી.” તે પછી હરિએ તેમને કહ્યું, “અક્ષરધામમાં ભગવાન પાસે જુઓ.” ત્યારે ત્યાં જોયું ત્યારે ત્યાં હરિ પાસે દીઠો. તે પછી તે સર્વે હરિને કહે જે, “હે મહારાજ ! એ તો અક્ષરધામમાં તમારાં દર્શન કરે છે.” એવી રીતે કેટલીક વાર રમત કરી, તેને વિષે તેની ને તેની જ જીત્ય થઈ.

તે પછી તે સર્વેને હરિએ ઠપકો દીધો જે, “તમે દરવાજે રહીને શેની ખબર રાખી ? એ માંહી પેસી ગયો.” ત્યારે તે પછી તે સર્વે હરિને કહે જે, “અમે તો જેટલા દરવાજા

છે તેટલી મૂર્તિઓ ધરીને સર્વે તત્પર થઈને ઊભા હતા, તોય પણ કઈ રીતે કરીને એ માંહી પેસી ગયો ?" તે પછી તેને સમાધિમાંથી જગાડીને હરિએ પૂછ્યું જે, "તું કઈ રીતે કરીને માંહી પેસી ગયો ?" ત્યારે તેણે સર્વે યોગકળાની વાત કરી. તેને સાંભળીને તે સમે જે હરિ પાસે બેઠા હતા તે સર્વે મહાવિસ્મયને પામતા થકા એવી રીતે બોલતા હવા જે, "એક હરિ વિના બીજા કોઈ થકી ન જિતાય એવા બ્રહ્મરૂપ તો મહાયોગકળાએ સંપન્ન તો જેના ભક્ત છે, ત્યારે પરબ્રહ્મ સહજાનંદ હરિકૃષ્ણ છે તે તો સ્વરૂપ-સ્વભાવાદિક તેણે કરીને અજિતાનંદમય મહિમાએ સંપન્ન દિવ્યાનંદમય મૂર્તિ પોતે છે", તે માટે સહજાનંદ. ॥૧૬૧॥

અને <u>સહજ સ્વાભાવિક પોતે-હરિ વિના બીજો કોઈ ગમે તેવાં નાટક-ચેટક આદિક ચમત્કાર દેખાડે તેનો લેશમાત્ર ભાર આવે નહીં – એવું હરિએ પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન પોતાના ભક્તજન તેમને દઈને આનંદ આપ્યો તથા પોતાના ભક્તજન તેમનું જે જંત્ર-મંત્ર ને ભૂત-પ્રેતાદિક ઉપદ્રવનું સર્વે કષ્ટ કાપીને તેને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ</u>. ॥૧૬૨॥

અને સહજ સ્વાભાવિક અંતકાળે યમના દૂત કુસંગીને બહુ મારે, ત્યારે તે કષ્ટ થકી મુકાવાને અર્થે પોતાના તથા બીજા સર્વેના ઈષ્ટદેવ તેમને સંભારે તે વારે કોઈ તે કષ્ટ થકી

ન મુકાવે, ત્યારે તે **કષ્ટને ભયે કરીને સહજાનંદ હરિકૃષ્ણ તેમને સંભારે તે વારે તત્કાળ તે કષ્ટ થકી મુકાવીને તેને પોતે આનંદ આપે; એવો હજારો જીવોને આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ.** ||૧૬૩||

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત સહજાનંદ હરિકૃષ્ણ તેમની મૂર્તિ સંબંધી જે શબ્દાદિક પંચવિષય તેમની વાત કોઈ કરે, તેને સાંભળીને પોતાના ભક્તજન તેને સાક્ષાત્ હરિની મૂર્તિ સાંભરી આવે ને તે આનંદ પામે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ||૧૬૪||

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રતાપે કરીને હજારો સત્સંગી-કુસંગી મનુષ્ય તેમને હરિભજનમાં બેસાડીને કહે જે, "તમે સર્વે સમાધિ કરીને ભગવાનના અક્ષરધામમાં જઈને ભગવાનની મૂર્તિ જેવી છે તેવી જોઈ આવો." તે પછી તે સર્વે સમાધિએ કરીને અક્ષરધામમાં જેવી ભગવાનની મૂર્તિ છે તેવી જોઈને, તે પછી તે સર્વે ઘણીકવારે જ્યારે સમાધિમાંથી જાગે, ત્યારે તેને હરિ પૂછે જે, "તમે ભગવાનની મૂર્તિ જેવી સમાધિમાં જોઈ આવ્યા છો તેવી કહો." ત્યારે તે સર્વે કહે જે, "હે મહારાજ ! આ તમારી મૂર્તિ છે તેની તે જ અમે અક્ષરધામમાં સમાધિમાં ભાળી. તે મૂર્તિમાં ને આ તમારી મૂર્તિમાં કિંચિત્માત્ર ફેર નથી." એવી રીતે વાત કરે તેને સાંભળીને સર્વે સભા આનંદ પામે; એવા આનંદમય પરબ્રહ્મ

પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૬૫॥

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રતાપે કરીને પિંડ-બ્રહ્માંડમાં રહી જે ઈડા, પિંગળા ને સુષુમ્ણાદિક જે નાડીઓ તેને માર્ગે કરીને સૂર્ય-ચંદ્રાદિક દેવ તેના લોકનાં દર્શન કરાવીને તથા સુષુમ્ણાદિક નાડીઓ તેને માર્ગે કરીને અક્ષરબ્રહ્મ ને અક્ષરાતીત એવા જે આનંદમય સહજાનંદ હરિકૃષ્ણ તેમનાં દર્શન કરાવીને પોતે એવો ઘણાક જીવોને આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૬૬॥

અને સહજ સ્વાભાવિક જે કોઈ મુમુક્ષુ જીવ હતા તેમણે તીર્થ, મતપંથ, ગુરુ તે સર્વે જગ્યાએ ખોળી જોયું પણ જીવનું કલ્યાણ કરે એવું સત્સંગ વિના બીજે ક્યાંયે ભાળ્યું નહીં. ત્યારે તે નિરાશ થઈને દેહ પાડ્યાનો ઉપાય કરે તે વારે આકાશવાણી થાય જે, "સહજાનંદ હરિકૃષ્ણ ભગવાન પ્રગટ થયા છે તે તું દેહ શા વાસ્તે પાડે છે ? જઈને તેમનો આશરો કર, તારું કલ્યાણ થાશે." ત્યારે તે જીવ પ્રગટ હરિનો આશરો કરીને આનંદ પામે; એવો હજારો જીવોને પોતે આનંદ આપ્યો છે, તે માટે સહજાનંદ. ॥૧૬૭॥

અને સહજ સ્વાભાવિક જેમ શબ્દ-સ્પર્શાદિક ઘણાક ગુણ તેનો આશ્રયરૂપ જે એક પૃથ્વીરૂપ પદાર્થ તે જે તે નાના પ્રકારની ક્રિયાના માર્ગને વિષે પ્રવર્ત્યા એવા જે ઇન્દ્રિયો તેણે કરીને નાના પ્રકારે શબ્દાદિક પંચવિષયરૂપે જણાય છે;

કે'તાં જેમ પૃથ્વી છે તે નેત્રે કરીને શ્વેત, રક્ત, પીત, કૃષ્ણ જણાય છે ને શ્રોત્રે કરીને નાના પ્રકારના શબ્દે યુક્ત જણાય છે ને નાસિકાએ કરીને નાના પ્રકારના સુગંધે યુક્ત જણાય છે ને ત્વચાએ કરીને શીત-ઉષ્ણ, મૃદુ-કઠણ એવે રૂપે જણાય છે ને જિહ્‌વાએ કરીને તીખો, ખારો, મધુર ઈત્યાદિક રસે યુક્ત જણાય છે, તેમ અક્ષરાતીત એક હરિકૃષ્ણ-વાસુદેવ-સ્વામિનારાયણ છે તે ભક્તિશાસ્ત્ર, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, વેદાંતશાસ્ત્ર ને વેદ-પુરાણ ને ઈતિહાસ ઈત્યાદિક શાસ્ત્રના માર્ગે કરીને નાના પ્રકારે જણાય છે; કે'તાં ભક્તિશાસ્ત્રવાળા એને વાસુદેવ કહે છે, ભગવાન કહે છે, હરિ કહે છે; અને યોગશાસ્ત્રવાળા એને પરમાત્મા કહે છે, પરબ્રહ્મ કહે છે, પરાત્પર કહે છે; અને સાંખ્યશાસ્ત્રવાળા એને ક્ષેત્રજ્ઞપુરુષ કહે છે, પરમતત્ત્વ કહે છે, પુરુષોત્તમ કહે છે; અને વેદવાળા એને વિષ્ણુ કહે છે, આદ્ય નારાયણ કહે છે; અને ઉપનિષદ્‌રૂપે વેદાંતવાળા એને સર્વકારણ કહે છે, સર્વોત્કૃષ્ટ બ્રહ્મ કહે છે, દિવ્યવિગ્રહ કહે છે, અવ્યય કહે છે, અદ્વિતીય બ્રહ્મ કહે છે, નિર્ગુણ કહે છે, પરમ આનંદમય બ્રહ્મ કહે છે; અને પુરાણ-ઈતિહાસવાળા એને નારાયણ કહે છે, કૃષ્ણ કહે છે; એવી રીતે એ સર્વ શાસ્ત્ર એક હરિકૃષ્ણનારાયણ તેમનું સર્વકારણપણે કરીને પ્રતિપાદન કરે છે; કેમ જે, એ સર્વે નામના નામી સહજાનંદ હરિકૃષ્ણ જ એક પરમ આનંદમય

પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૬૮॥

અને સહજ સ્વાભાવિક પોતે હરિકૃષ્ણ ભગવાન તેમણે પોતાના પિતા પાસે નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મને વિષે રહીને વેદ, શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ, ધર્મશાસ્ત્ર એ સર્વે ગ્રંથોનું પોતે અધ્યયન કરીને તથા શ્રવણ કરીને તે સર્વેનું રહસ્ય તેને પોતે યથાર્થ જાણતા હવા; કેમ જે, પોતાને સદા અખંડિત છે વિજ્ઞાન[૧], જ્ઞાન ને ઐશ્વર્ય તે જેમનું; એવા સત્યજ્ઞાનાનંદઘન દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૬૯॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે હરિકૃષ્ણ ભગવાન તેમણે પોતાની માતા જે ભક્તિ ને પોતાના પિતા જે હરિપ્રસાદજી તેમને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન આપીને, દિવ્યગતિને પમાડીને તેમને પોતે અખંડાનંદ આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૭૦॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે હરિકૃષ્ણ ભગવાન જ્યારે રામાનંદસ્વામી પાસે આવ્યા ત્યારે તેમને જોઈને રામાનંદસ્વામી બહુ આનંદ પામ્યા; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૭૧॥

અને સહજ સ્વાભાવિક પોતે હરિકૃષ્ણ જે તે અલ્પ પ્રશ્ન કરે તેને વિષે મોટા મોટા વિદ્વાન તેમની બુદ્ધિ કુંઠિત થઈ જાય, પણ તેમાં કોઈને ક્ષણમાત્ર તર્ક કર્યાનો અવકાશ


૧.સાક્ષાત્ અનુભવજ્ઞાન.

સૂઝે નહિ ને તે સમે સભા સર્વે શૂન્યભાવને પામી જાય; અને શાસ્ત્રના જાણનારા તેમને કાંઈ સંશય હોય તે હરિને પૂછે ત્યારે હરિ નાના પ્રકારની યુક્તિઓ લાવીને તેના બહુ પ્રકારે ઉત્તર કરે, તેને સાંભળીને તે સર્વે વિદ્વાન પુરુષ આનંદ પામતા થકા તો એવી રીતે બોલે જે, 'આ તો સાક્ષાત્ પ્રભુ છે', એવી રીતે કહીને પછી હરિનો પ્રગટ આશ્રય કરીને તે આનંદ પામ્યા; એવા આનંદમય પ્રભુ પોતે જ છે, તે માટે સહજાનંદ. ॥૧૭૨॥

અને સહજ સ્વાભાવિક પોતે હરિકૃષ્ણ ભગવાન જ્યારે નાના બાળસ્વરૂપે હતા તે સમયને વિષે કોટરા આદિક બાલગ્રહ[૧] તે હરિને મારવા આવ્યા, તેને પોતાની દૃષ્ટિમાત્રે કરીને બાળીને ભગાવી દેતા હવા; એવા સત્યજ્ઞાનાનંદઘન દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૭૩॥

અને સહજ સ્વાભાવિક રામાનંદસ્વામીના આશ્રિત મુક્તાનંદસ્વામી આદિક સર્વે સાધુ તેમની પાસે પ્રથમ પહેલા પોતે હરિકૃષ્ણ આવ્યા ત્યારે તેમનું અનેક પ્રકારનું દિવ્ય ઐશ્વર્ય-પ્રતાપ તેને દેખીને સર્વે સાધુ મહા આનંદ પામતા થકા એવી રીતે પરસ્પર બોલતા હવા જે, **"આ વર્ણી કોઈ કારણરૂપ અવતારી છે";** એવો નિજ આનંદમય પ્રતાપ દેખાડીને તેને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૭૪॥

૧.નાનાં બાળકોને ભરખી જનાર રાક્ષસીઓ.


अनेसहजस्व
भाविकपोतेहरिक्रष्णतेमनाबिजाअवतारनेविषेतोएकबेकळानोप्रकाशजणायछेअने
अक्षरातितपोतेहरिक्रष्णतेमनेविषेतोसर्वकळासंपूर्णछेएवासर्वकारणनेसर्वानंदमयपो
तेछेतेमाटेसहजानंद॥

અને સહજ સ્વાભાવિક પોતે હરિકૃષ્ણ તેમના બીજા અવતારને વિષે તો એક-બે કળાનો પ્રકાશ જણાય છે અને અક્ષરાતીત પોતે હરિકૃષ્ણ તેમને વિષે તો સર્વ કળા સંપૂર્ણ છે; એવા સર્વ કારણ ને સર્વાનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૭૫॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે હરિકૃષ્ણ ભગવાન જ્યારે પ્રગટ થયા તે સમયને વિષે મુનિ ને બ્રહ્માદિક સર્વે દેવ તે હરિનાં દર્શન ને સ્તુતિ કરીને મહાઆનંદ પામ્યા; એવા આનંદમય પરબ્રહ્મ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૭૬॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત હરિકૃષ્ણ તેમની સાથે એક સમયને વિષે શુષ્કવેદાંતી ચર્ચા કરવા આવ્યા. તેમણે હરિને કહ્યું જે, “બ્રહ્મ તો નિરાકાર છે.” ત્યારે હરિએ તેમને કહ્યું જે, “શ્રુતિ-સ્મૃત્યાદિક સત્શાસ્ત્રને વિષે બ્રહ્મ તો પરબ્રહ્મ નારાયણ તેમનું રહેવાનું ધામ છે અને પરબ્રહ્મ જે શ્રીકૃષ્ણ ભગવાન તે તો સદા દિવ્ય સાકારમૂર્તિ છે.” ત્યારે તે વેદાંતી હરિને કહે જે, “હે મહારાજ ! કૃપા કરીને અમને તે ભગવાનનાં દર્શન કરાવો.” ત્યારે હરિએ તેમને ભજનમાં બેસારીને પોતાને પ્રતાપે કરીને તેમને તત્કાળ સમાધિ કરાવી ને અક્ષરધામને વિષે રહ્યા જે દિવ્યમૂર્તિ શ્રીકૃષ્ણ ભગવાન

તેમનાં દર્શન કરાવ્યાં. તે પછી સર્વે સમાધિમાંથી જાગીને હરિને કહે જે, “હે મહારાજ ! તમે જ શ્રીકૃષ્ણ ભગવાન છો. કેમ જે, અમે અક્ષરધામને વિષે દિવ્ય સાકારમૂર્તિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન છે તે તો સમાધિને વિષે આ પ્રત્યક્ષ પ્રમાણ તમને જ દીઠા.” એવી રીતે વાત કરીને, તે પછી પોતાનો મત તેને નિરસ જાણીને, પ્રત્યક્ષ હરિનો આશ્રય કરીને તે આનંદ પામ્યા. એવો આનંદ પોતે તેને આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૭૭॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે સહજાનંદ હરિકૃષ્ણ તેમને સદ્ગ્રંથ તેમનું જે રહસ્ય તેમાં પ્રીતિ છે, અને કામાદિક થકી પોતે અખંડ અજિત છે, અને પોતાને નિજ ભક્તજન સાથે અનંત અપાર હેત છે, અને પોતાની જે સર્વે ક્રિયા તે સાધુના સુખને અર્થે છે, અને પોતાને નિજ ભક્તજન સાથે માન લેશમાત્ર નથી, અને મેઘની પેઠે[1] પોતાને સર્વે જીવ-પ્રાણીમાત્ર પ્રાર્થના કરે છે; એવા આનંદમય દિવ્યગુણાકર જે પોતે હરિ તેમના સત્સંગની રીત સર્વે જે તે શાસ્ત્રપ્રમાણ દેખીને સર્વે જે મનુષ્ય તે મનમાં અતિ રાજી થઈને, અન્ય મત અસાર જાણીને, હરિને શરણે આવીને સર્વે આનંદ પામ્યા; એવા આનંદમય પરબ્રહ્મ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૭૮॥

૧.દુષ્કાળમાં લોકો વરસાદની અતિશય આજીજી કરે તેમ.

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત હરિકૃષ્ણ તેમનું જે આ 'સહજાનંદ' નામ તેના 'સ' શબ્દે કરીને કે'તાં સત્સંગ જે સત્પુરુષ ને સત્શાસ્ત્ર ને સદ્ધર્મ ને સદ્‌ઉપાસના ને સદ્દેશાદિક તેમને સેવનારા જે નિજ ભક્તજન તેમને પોતે જ આનંદ આપે છે. અને વળી આ નામના 'સ' શબ્દે કરીને કે'તાં અનંત બ્રહ્માંડના જે સદાશિવ તેમને પોતે જ આનંદ આપે છે. અને વળી આ નામના 'સ' શબ્દે કરીને કે'તાં સર્વે અવતારના અવતારી આનંદમય પોતે જ છે. અને વળી આ નામના 'સ' શબ્દે કરીને કે'તાં સત્યસંકલ્પ ને સર્વકારણ ને સર્વાનંદમયમૂર્તિ પોતે છે. અને વળી આ નામના 'સ' શબ્દે કરીને કે'તાં સર્વે દિવ્યગુણના ગુણી ને સર્વ ધામના ધામી આનંદમય પોતે જ છે. અને વળી આ નામના 'સ' શબ્દે કરીને કે'તાં દ્વારકાના આત્મા[૧] જે શ્રીકૃષ્ણ તે રૂપે સચ્ચિદાનંદસ્વામીને દર્શન દઈને પોતે આનંદ આપીને તેને વર આપ્યો જે, "હવે અમે વરતાલે લક્ષ્મીનારાયણરૂપે રહીને સર્વે જીવોને આનંદ દેશું."

અને આ નામના 'હ' શબ્દે કરીને કે'તાં અનંત બ્રહ્માંડોના હરિ જે વિષ્ણુ તેમને પોતે જ આનંદ આપે છે. અને વળી આ નામના 'હ' શબ્દે કરીને કે'તાં સર્વોપરી હરિકૃષ્ણ પુરુષોત્તમનારાયણ તે પોતે જ છે. અને વળી આ

૧.સ્વામી; નિયંતા.

નામના 'હ' શબ્દે કરીને કે'તાં સર્વેને હણીને આત્યંતિક પ્રલયને અંત્યે અક્ષરધામને વિષે અનંત મુક્તે સેવ્યા થકા સચ્ચિદાનંદમય[૧] એવા અવશેષ[૨] દિવ્યમૂર્તિ એક પોતે જ રહે છે.

અને આ નામના 'જ' શબ્દે કરીને કે'તાં અનંત બ્રહ્માંડોના જનક જે બ્રહ્મા તેમને પોતે જ આનંદ આપે છે. અને વળી આ નામના 'જ' શબ્દે કે'તાં જડભરત ને જનકરાજા તેમના થકી અતિ શ્રેષ્ઠ છે વરતાંત[૩] તે જેમનું એવા જે નિજ સાધુ ને સત્સંગી તેમને પોતે જ આનંદ આપે છે. અને વળી આ નામના 'જ' શબ્દે કરીને કે'તાં સર્વે જક્તને વિષે નિવાસ કરીને પોતે જ સર્વે જીવોને આનંદ દે છે. અને વળી આ નામના 'જ' શબ્દે કરીને કે'તાં જન્મ, કર્મ ને ગુણ તે પોતાના દિવ્યાનંદમય છે. અને વળી આ નામના 'જ' શબ્દે કરીને કે'તાં અક્ષરાદિક સર્વે થકી ઉત્કૃષ્ટપણે વર્તતો જે પોતાનો સર્વોત્કૃષ્ટાનંદમય મહિમા તેને પ્રગટ કરીને પોતે જ સર્વોત્કૃષ્ટપણે કરીને જયકારી પ્રવરતે છે.

અને આ નામના 'ન' શબ્દે કરીને કે'તાં નિષ્કામવ્રતને દૃઢ પાળનારા જે નિજ ભક્તજન તેમને પોતે જ આનંદ આપે છે. અને વળી આ નામના 'ન' શબ્દે કરીને કે'તાં

૧.**સત્** = સદા રહેનારા– અવિકારી; **ચિદ્** = સર્વજ્ઞ તથા ચૈતન્યસ્વરૂપ; **આનંદમય** = જેનાં નખ-શિખ અંગો આનંદરૂપ છે. ૨.આત્યંતિક પ્રલયને અંતે પણ એવા ને એવા રહેનારા. ૩.સદ્‌વર્તન-સ્થિતિ.

નરનારાયણ ને લક્ષ્મીનારાયણ આદિક પોતાની પધરાવેલી જે પ્રતિમાઓ તેને વિષે નિવાસ કરીને પોતે જ સર્વે જીવોને આનંદ આપે છે. અને વળી આ નામના 'ન' શબ્દે કરીને કે'તાં અક્ષરાદિ સર્વે નર તેણે યુક્ત આદ્ય આનંદમય નારાયણ અક્ષરાતીત પોતે જ છે.

અને વળી આ નામના 'દ' શબ્દે કરીને કે'તાં દયાળુ, અમાનિત્વાદિક સર્વ સાધુનાં લક્ષણ તેણે સંપન્ન નિજ સાધુ તેમને પોતે જ આનંદ આપે છે. અને વળી આ નામના 'દ' શબ્દે કરીને કે'તાં દહરવિદ્યાદિક સર્વે બ્રહ્મવિદ્યાઓ તેમણે કરીને જાણવા યોગ્ય અક્ષરાતીત આનંદમય હરિકૃષ્ણ પોતે જ છે; એવા પ્રચુરાનંદમય[1] દિવ્યગુણાકર[2] અર્થે યુક્ત, આનંદમય આ જેનું નામ છે, તે માટે સહજાનંદ. ॥૧૭૯॥

અને સહજ સ્વાભાવિક – જીવાત્મા ને વિરાટપુરુષ ને પ્રધાનપુરુષ ને મૂળ પ્રકૃતિપુરુષ ને અક્ષરધામના મુક્ત ને નિત્યમુક્ત ને અક્ષરધામના નિવાસી જે પોતે પુરુષોત્તમ નારાયણ – એ સર્વેનું નિરૂપણ ભેદ ને ઐશ્વર્ય સહિત નોખું નોખું સ્પષ્ટપણે પોતે કરી દેખાડે તથા તે ઐશ્વર્ય ને ભેદે સહિત તેનાં સ્વરૂપ બીજાને સાક્ષાત્કાર દેખાડીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૮૦॥

અને સહજ સ્વાભાવિક સંતદાસજી ને દલુજી આદિક

૧.અત્યંત આનંદમય. ૨.દિવ્ય ગુણોની ખાણરૂપ.

INDEX

સર્વે યોગકલાના પારને પામેલા તો આનંદકારી હજારો નિજ ભક્તજન તેમના પણ આનંદકારી આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૮૧॥

અને સહજ સ્વાભાવિક 'અક્ષરરૂપ તેજના મંડળને વિષે રહ્યા જે દિવ્યમૂર્તિ પોતે પુરુષોત્તમનારાયણ તેના સ્વરૂપનું જે પ્રતિપાદન કરવું' તે રૂપ જે બ્રહ્મવિદ્યા તેને સત્‌લક્ષણે યુક્ત જે સંતની સભા તેને વિષે વારંવાર શિક્ષા[1] કરવી; એવો આનંદકારી તો જેનો સ્વભાવ છે, તે માટે સહજાનંદ. ॥૧૮૨॥

अनेसहजस्वभाविकसर्वेनाइष्टदेवआविनेपोतपोतानाआश्रित
जननेसमाधिनविषेकहिजायजेश्रीसहजानंदहरिकृष्णमहाराजतोअमारासर्वेनामूलकार
णनेपरमआनंदमयपुरुषोत्तमछेतेसारुतमेआश्रोकरिनेआनंदपामोएवाआनंदमय
पोतेछेतेमाटेसहजानंद॥

અને સહજ સ્વાભાવિક સર્વેના ઈષ્ટદેવ આવીને પોત પોતાના આશ્રિતજનને સમાધિને વિષે કહી જાય જે, "શ્રીસહજાનંદ હરિકૃષ્ણ મહારાજ તો અમારા સર્વેના મૂળકારણ ને પરમ આનંદમય પુરુષોત્તમ છે, તે સારુ તમે આશરો કરીને આનંદ પામો." એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૮૩॥

અને સહજ સ્વાભાવિક જીવાત્મા ને તે જીવાત્માના આત્મા[2] પોતે પરમાત્મા-પરબ્રહ્મ એ બેયનાં સ્વરૂપનું પોતાને પ્રતાપે કરીને અનંત જીવોને સાક્ષાત્કાર-દર્શન કરાવીને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૮૪॥

૧.ઉપદેશ વાર્તા. ૨.નિયંતા.

અને સહજ સ્વાભાવિક પોતાના ભક્તના જે ગુણ લે છે પણ અવગુણ લેશ લેતા નથી, ને જે પોતાની અનુવૃત્તિમાં વર્તે છે; તેની અનંત વિઘ્નમાં રક્ષા કરીને ને તેના સર્વે દોષ ટાળીને તેને પોતે આનંદ આપે છે, તે માટે સહજાનંદ. ॥૧૮૫॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાદિ અનંત નિત્યમુક્ત ને મુક્ત તેમણે પણ જેના મહિમાનું પ્રમાણ કરવા સમર્થ નથી થવાતું; એવા નિરવધિકાતિશય આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૮૬॥

અને સહજ સ્વાભાવિક બદ્ધ-મુક્ત સર્વે જીવોના સ્વામી જે પોતે તે પોતે પોતાના મહિમાના પારને નથી પામતા; કેમ જે, આનંદમય જે પોતે તે પોતાના મહિમાનો પાર જ નથી; એવા અપરિમિતાનંદમય મહિમાયે સંપન્ન પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૮૭॥

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રતાપે કરીને વ્યાપકાનંદસ્વામીને સમાધિને વિષે અનંતકોટિ બ્રહ્માંડ રચનાએ સહિત દેખાડીને પોતે આનંદ આપ્યો; એવા આનંદમય જે પોતે પુરુષોત્તમ તે અક્ષરાદિ સર્વેના સંગી થકા અસંગી ને આનંદકારી છે, તે માટે સહજાનંદ. ॥૧૮૮॥

અને **સહજ સ્વાભાવિક સ્વરૂપ-સ્વભાવાદિકે કરીને મૂળ અક્ષરપર્યંત સાક્ષાત્ પોતે પુરુષોત્તમ વાસુદેવ સ્વામિનારાયણ તે તુલ્ય બીજો કોઈ નથી, તો અધિક તો હોય જ કેમ ?!**

તે સારુ વેદાંતશાસ્ત્રને વિષે હરિને અદ્વિતીય બ્રહ્મ ને પરમ આનંદમય બ્રહ્મ કહ્યા છે; એવા નિર્વિશેષરૂપ[૧] સર્વે દિવ્ય-ગુણગણ તેણે અલંકૃત[૨] સર્વોત્કૃષ્ટાનંદમય પુરુષોત્તમ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૮૯॥

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રતાપે કરીને મૂળજીને સમાધિને વિષે અક્ષરધામને વિષે જેટલા મુક્ત છે, તેટલી મૂર્તિઓ ધરાવીને એકકાલાવચ્છિન્ન સર્વ મુક્તની પૂજા કરાવી, તથા પોતાના જેટલા અવતાર થઈ ગયા ને હજી આગળ થાશે, એ સર્વે રૂપે પ્રત્યક્ષ દર્શન દૈને પોતે આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૯૦॥

અને સહજ સ્વાભાવિક પોતાના સંબંધને પામ્યા જે માયિક પદાર્થ તે સર્વે નિર્ગુણ છે; કેમ જે, પોતે ગુણાતીત ને દિવ્ય આનંદમય મૂર્તિ છે, તે માટે સહજાનંદ. ॥૧૯૧॥

અને સહજ સ્વાભાવિક વ્યાપકાનંદસ્વામી ને વિજ્ઞાનદાસજી ને પર્વતભાઈ આદિક જે પોતાના ભક્ત છે, તે પણ આ શ્રીસહજાનંદ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને આ સર્વે સભાએ સહિત તેજના મંડળને વિષે અનંત મુક્તે જુક્ત સદા દેખે છે; એવો આનંદ પોતે પોતાના ભક્તને આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૯૨॥

અને સહજ સ્વાભાવિક પોતે શ્રીસહજાનંદ હરિકૃષ્ણ

૧.તેનાથી વિશેષ બીજે ક્યાંય નથી એવા. ૨.શોભાયમાન.

મહારાજ તેમણે પણ કહ્યું છે જે, "અમે અહીં બેઠા થકા આ સર્વે સભાએ સહિત તેજના મંડળને વિષે અનંત મુક્તે સેવ્યા થકા સદા બેઠા છીએ." એવા આનંદમય સાક્ષાત્ શ્રીપુરુષોત્તમનારાયણ તે થકી સૃષ્ટિ રચવાને સમે સર્વે અર્થનો બોધ કરનારો જે વેદ તે પ્રથમ મૂળ પ્રણવ[૧] થકી ઉત્પન્ન થયો છે; એવા સર્વકારણ ને સર્વાનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૯૩॥

અને સહજ સ્વાભાવિક શુદ્ધ એકાંતિકધર્મ તેના પ્રવર્તક ને સદ્‌ગુણે યુક્ત જે સર્વે ગુરુ, તેમાંના મુગટમણિ[૨] એવા જે શતાનંદસ્વામી ને રઘુવીરજી મહારાજ ને અયોધ્યાપ્રસાદજી મહારાજાદિક આચાર્ય, તેમને સર્વોપરી આનંદ પોતે આપ્યો; તે માટે સહજાનંદ. ॥૧૯૪॥

અને સહજ સ્વાભાવિક પ્રત્યક્ષ પોતે હરિકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ તેના સ્વરૂપના જ્ઞાનરૂપી તપના પ્રતાપ થકી પિંડ-બ્રહ્માંડાદિ કોઈ સુખમાં ન લોભાય એવા અનંત મુક્ત થયા, થાશે ને અનંત અક્ષરાદિ નિત્ય મુક્ત પોતાની સેવામાં હજૂર છે; એવા આનંદકારી પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૯૫॥

અને સહજ સ્વાભાવિક અષ્ટાંગયોગના અભ્યાસ વિના કેવળ પોતાને પ્રતાપે કરીને સદ્ય સમાધિ કરાવે ને વળી

૧.'ૐ'કાર. ૨.સર્વશ્રેષ્ઠ.

સમાધિમાંથી શબ્દે કે સંકલ્પે કરીને સદ્ય જગાડે, એવા આનંદકારી તો ગોપાળાનંદસ્વામી ને વ્યાપકાનંદસ્વામી આદિક હજારો જે નિજ ભક્તજન તેમના પણ આનંદકારી આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૧૯૬॥

અને સહજ સ્વાભાવિક આનંદમય જે પોતાની મૂર્તિ તેને સચ્ચિદાનંદસ્વામી ને ગુણાતીતાનંદસ્વામી આદિક જે પોતાના ભક્ત છે, તે પણ ત્રણ્ય અવસ્થાને વિષે અખંડ દેખે છે; એવો આનંદ પોતે પોતાના ભક્તને આપ્યો, તે માટે સહજાનંદ. ॥૧૯૭॥

અને સહજ સ્વાભાવિક શુદ્ધ એકાંતિકધર્મના આચાર્ય જે સદ્‌ગુરુ રામાનંદસ્વામી તેમનું રહસ્ય એ છે જે, 'દર્શન, સ્પર્શ ને નામોચ્ચારણમાત્ર થકી સદ્ય મુક્તિ કરે એવા સર્વકારણ ને સર્વાનંદમય શ્રીકૃષ્ણપુરુષોત્તમ આ વર્ણી[1] પોતે છે', તે માટે સહજાનંદ. ॥૧૯૮॥

અને સહજ સ્વાભાવિક આ નામના નામી તેમની મૂર્તિને વિષે અતિ સ્નેહે યુક્ત છે ચિત્ત તે જેમનું એવા પૂર્વજન્મના જ્ઞાનવાળા મહામુક્ત જે દલુજી તેમણે સંતદાસજી પ્રત્યે કહ્યું જે, 'સહજાનંદ હરિકૃષ્ણ તો સર્વકારણ ને સર્વાનંદમય પુરુષોત્તમ પોતે છે', તે માટે સહજાનંદ. ॥૧૯૯॥

અને સહજ સ્વાભાવિક આ સહજાનંદ નામના અર્થને

૧.નીલકંઠ બ્રહ્મચારી – સહજાનંદસ્વામી

રૂડી રીત્યે જાણવું તે રૂપ જે સર્વે યજ્ઞથી ઉત્તમ બ્રહ્મયજ્ઞ તથા **આ નામના નામી તેનું ધ્યાન કરવું તે રૂપ જે સર્વે યજ્ઞથી ઉત્તમ યોગયજ્ઞ તેને હરકોઈ કરે છે, કરશે તે મનોવાંછિત આનંદ પામશે,** પણ તે કોઈ વિઘ્ન થકી નાશ ન પામી જાય; ને અન્ય યજ્ઞનું ફળ તો વિઘ્ન થકી નાશ પામી જાય ને વળી પાછો દોષ લાગે; એવો નિર્વિઘ્નાનંદમય ને મહામંગલકારી તો જેના નામનો પ્રતાપ છે; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૦૦॥

અને સહજ સ્વાભાવિક સર્વે દિવ્ય ગુણની ઉપમા દેવા યોગ્ય ને ચિદ્-અચિદ્ શક્તિઓના ગંધ(સંગ)દોષે રહિત ને અનવધિકાતિશયાનંદકારી એવા દિવ્ય ગુણ તેણે કરીને વિશિષ્ટ આ નામ છે; તેના અર્થને જે સત્સંગીને સંભળાવશે તેને પોતે આનંદ દેશે, તે માટે સહજાનંદ. ॥૨૦૧॥

અને સહજ સ્વાભાવિક પોતાની ઈચ્છાએ કરીને પરમજ્ઞાનાનંદસ્વામીને સમાધિને વિષે સર્વે અવતારે સહિત પોતે દર્શન દીધાં, ને પછી તે **સર્વે અવતારની મૂર્તિઓ શ્રીસહજાનંદ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિને વિષે લીન થઈ ગઈ;** તેને જોઈને તે આનંદ પામ્યા, તે માટે સહજાનંદ. ॥૨૦૨॥

અને સહજ સ્વાભાવિક પોતે બાલસ્વરૂપે હતા ત્યારે દિવ્યરૂપે રહી જે ધર્મદેવની દ્વાદશ પત્નીઓ તેમનું દ્વાદશ મૂર્તિઓ ધરીને સ્તનનું પય પીને તે સર્વેને સાથે પોતે આનંદ

આપ્યો, તે માટે સહજાનંદ. ॥૨૦૩॥

અને સહજ સ્વાભાવિક વટપત્તનને વિષે એક પોતાના ભક્તજનને સમાધિને વિષે અષ્ટ પટરાણીઓ સહિત શ્રીકૃષ્ણરૂપે દર્શન દઈને તેને પોતે આનંદ આપ્યો; તે માટે સહજાનંદ. ॥૨૦૪॥

અને સહજ સ્વાભાવિક પોતાની ઈચ્છાએ કરીને કાશીદાસને સીતા-લક્ષ્મણ ને હનુમાને યુક્ત શ્રીરામચંદ્રજી રૂપે દર્શન દઈને, પોતાના સ્વરૂપનો નિશ્ચે કરાવીને, તેને પોતે આનંદ આપ્યો; તે માટે સહજાનંદ. ॥૨૦૫॥

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રતાપે કરીને સમાધિને વિષે જે વિષ્ણુને સ્થાનકે જાય છે ત્યારે તેને બ્રહ્માંડ ફોડી નાખે એવા નાદ ને પ્રણવના કડાકા ને ઘોષ સંભળાય છે; ને તેમાં કોટિ કોટિ સૂર્ય-ચંદ્ર સમ તેજ દેખાય છે; ને એ પ્રણવને વિષે સર્વે ધામોના જેટલા મુક્ત આવે-જાય તેની, તથા એ નાદ ને પ્રણવ તેનું મૂળકારણ એવી જે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ તેની, તથા પોતાના દેહની ક્રિયા કરવી તેની – એ સર્વેની સૂરત તેને ત્રણ્ય અવસ્થાને વિષે અખંડ રાખવી; ને એક સ્થાનકે રહ્યા થકા સર્વે સ્થાનકે જણાવું; ને સર્વે ખટચક્ર દેખાડવાં, ભેદાડવાં, સંકેલી લેવાં ને પાછાં વસાવવાં; એવી મહાઆશ્ચર્યકારી યોગકળાયું હજારો પોતાના ભક્તોને પોતે શીખવીને આનંદ આપ્યો, તે માટે સહજાનંદ. ॥૨૦૬॥

અને **સહજ સ્વાભાવિક સર્વોપરી આત્યંતિક કલ્યાણ છે તે તો આ નામના નામી તેમનું જ્ઞાન, ધ્યાન, માહાત્મ્ય ને આજ્ઞામાં વર્તવે કરીને થાય છે, પણ તે વિના બીજાં કોટિ સાધન થકી એવું કલ્યાણ નથી થાતું;** કેમ જે, પોતે જ સર્વકલ્યાણકારી અશેષગુણના[1] નિકેતમૂર્તિ[2] ને સર્વાનંદમય પુરુષોત્તમ છે, તે માટે સહજાનંદ. ॥૨૦૭॥

અને સહજ સ્વાભાવિક પોતાને પ્રતાપે કરીને અનંત આસુરી જીવ તેને પણ બ્રહ્મરૂપ કરીને પોતે આનંદ આપ્યો, ત્યારે દૈવી જીવોને આનંદ આપે એમાં શું કહેવું ? એ તો આપે જ; એવા અખંડાનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૦૮॥

અને સહજ સ્વાભાવિક સહજાનંદ હરિકૃષ્ણ તેમનો અલૌકિક પ્રતાપ તેને સાંભળીને, એક સમયને વિષે દેશાંતર થકી હરિનો પ્રતાપ જોવાને અર્થે આવ્યા જે વેદ-પુરાણાદિક સર્વે સત્શાસ્ત્ર તેમના ભણેલા એવા જે ભગવાનને વિષે અતિ આસ્તિક મતિવાળા બ્રાહ્મણ તેમણે હરિને ભારે ભારે જે જે પ્રશ્ન પૂછ્યા, તેના હરિએ બહુ પ્રકારે કરીને ઉત્તર કર્યા. તેને સાંભળીને તે સર્વે મહાઆશ્ચર્ય પામતા થકા એમ બોલતા હવા જે, "હે મહારાજ ! તમે જેવા તેવા હજારો જીવોને સમાધિ કરાવો છો, ત્યારે અમને દયા કરીને સમાધિ કરાવો તો અમારે

૧.સંપૂર્ણ ગુણોના. ૨.સ્થાનરૂપ મૂર્તિ.

જે **'सदेव सोम्येदमग्र आसीद् ऐकमेवाद्वितीयं (ब्रह्म)'**[1] **'सर्वं खल्विदं ब्रह्म'**[2] **'सर्वे वेदा......'**[3] **'अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः'**[4] એવી રીતે વેદ, પુરાણ, સાંખ્ય, યોગ, વેદાંતાદિક જે સત્શાસ્ત્ર તેમને વિષે સર્વના કારણપણે કરીને પ્રતિપાદન કર્યા એવા જે અક્ષરાતીત પુરુષોત્તમનારાયણ, તેમનાં અમને કૃપા કરીને દર્શન કરાવો તો બહુ સારું."

તે પછી હરિએ તેમનું જે પ્રાર્થના વચન તેને સાંભળીને, તેમને તત્કાળ પોતાને પ્રતાપે કરીને સમાધિ કરાવીને, અક્ષરધામને વિષે અનેકકોટિ મુક્ત ને મૂર્તિમાન જે વેદ તેમણે સેવ્યા થકા સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ તેમનાં દર્શન કરાવ્યાં; ને તે પછી ઘણીકવાર દર્શન કર્યાં. ને એ સર્વે પ્રત્યે ત્યાં હરિની પાસે મૂર્તિમાન વેદ દિવ્યસ્વરૂપે કરીને રહ્યા હતા તેમણે કહ્યું જે, "સાંખ્ય-યોગાદિ ને અમારી વાણી જે વેદ એ સર્વેને વિષે અક્ષરાદિક સર્વ થકી ઉત્કૃષ્ટપણે બહુ

૧.હે શિષ્ય, આ સૃષ્ટિ રચાણી તે પહેલાં પરમ સત્ય સ્વરૂપ એક પરમાત્મા જ હતા. તે વખતે એ પ્રભુ જેવા તો એ એક પોતે જ હતા, બીજો કોઈ જ નહીં. (અર્થાત્ આ જગત ત્યારે આવું નામ-રૂપના વિભાગવાળું નો'તું.) (છાન્દો.-૬/૨/૧). ૨.આ જડ-ચિદ્ તમામ પદાર્થરૂપી વિશ્વ ખરેખર પરબ્રહ્મ છે. (કેમ જે, તે પરબ્રહ્મ જ તેના ઉપાદાન તથા નિમિત્ત કારણ છે.) (છાન્દો.-૩/૧૪/૧). ૩.સર્વે વેદો તે પરબ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે. (કઠો.-૧/૨/૧૫). ૪.(ભગવાન કહે છે : હું ક્ષર-અક્ષરથી પર છું) એટલે જ હું લોકમાં તથા વેદમાં પુરુષોત્તમ તરીકે પ્રસિદ્ધ છું. (ગીતા-૧૫/૧૮)

પ્રકારે કરીને તરેતરેનું વર્ણન કર્યું છે. સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને ઐશ્વર્ય તે જેમનું એવા જે અક્ષરધામના પતિ ને સર્વ અવતારના કારણ ને અમારા સર્વેના સ્વામી આ જે પુરુષોત્તમનારાયણ છે, તે જ તમને સમાધિ કરાવી, તે સહજાનંદ હરિકૃષ્ણ પોતે પૃથ્વીને વિષે પ્રગટ થયા છે; તે માટે તમે સર્વે જઈને એમનો આશરો કરો."

તે પછી સમાધિમાંથી સર્વે જાગીને મહાઆનંદ પામતા થકા એમ બોલતા હતા જે, "હે મહારાજ ! અક્ષરાતીત પુરુષોત્તમનારાયણ તે તમે જ છો, એમ અમને મૂર્તિમાન જે વેદ ત્યાં તમ પાસે હતા તેમણે કહ્યું." એમ કહીને પ્રગટ હરિનો આશરો કરીને તે સર્વે મહાઆનંદ પામ્યા. એવો આનંદ તેને પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૨૦૯॥

અને સહજ સ્વાભાવિક પોતે હરિ જે તે વેદનો ગૂઢ અર્થ જે દુઃખે કરીને પણ કોઈના જાણ્યામાં ન આવે એવો જે દુર્બોધ અર્થ જે **'સદા દિવ્ય સાકાર મૂર્તિ એવા જે અક્ષરાતીત પુરુષોત્તમનારાયણ તેમનું સ્થાપન કરવું'**, તેનાં લક્ષણ તેને સભા સર્વે પ્રમાણ કરે તેવી રીતના જે તરેતરેનાં સત્શાસ્ત્ર તેનાં વચન લાવીને તેનું પ્રતિપાદન કરે. તેની વિગતી જે, **'दिव्ये ब्रह्मपुरे ह्येष व्योम्न्यात्मा प्रतिष्ठितः'**[1]

૧.દિવ્ય એવા ચિદાકાશરૂપ બ્રહ્મપુર ધામમાં આ પરમાત્મા બિરાજમાન છે. (મુણ્ડકોપનિષદ-૨/૨/૭).

"यस्याक्षरं शरीरम्..."[1] "यस्यात्मा शरीरम्..."[2] "न तत् समश्चाभ्यधिकश्च दृश्यते..."[3] "दिव्यो देव एको नारायणः"[4] "नित्यो नित्यानां चेतनश्चेतनानाम्, एको बहूनां यो विदधाति कामान्"[5] "नारायणपरा वेदाः"[6] "वासुदेवपरा वेदाः" ઇત્યાદિક હજારો વાક્યે કરીને 'અક્ષરાતીત પરબ્રહ્મ નારાયણ તે સદા દિવ્ય સાકારમૂર્તિ છે' તેનું નિરૂપણ કરી દેખાડે. ને વળી, તે વાતની પુષ્ટિ કરવાને અર્થે તે સમે હજારો જીવોને સમાધિ કરાવીને, જે તેજના મંડળને વિષે જેવા દિવ્ય સાકારમૂર્તિ સદા પોતે છે, તેનાં દર્શન કરાવે. ને તે પછી ઘણીકવારે સમાધિમાંથી જાગીને તે સર્વે વાત કરે જે, "જેવા આ પ્રગટ સહજાનંદસ્વામી છે, તેવા ને તેવા જ અમે સમાધિમાં અક્ષરધામમાં અનેક કોટિ મુક્ત ને વેદ તેમણે સ્તુતિ કરતા દિવ્ય સાકારમૂર્તિ દીઠા", એવી વાત કરે. તેને સાંભળીને સર્વે સભા મહાઆશ્ચર્ય પામતી થકી આનંદ પામે; એવો આનંદ તે સર્વેને પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૨૧૦॥

અને સહજ સ્વાભાવિક આ નામના નામી ને તેના

૧.જે પરબ્રહ્મનું અક્ષરબ્રહ્મ (પણ) શરીર છે. (સુબાલોપનિષદ ખંડ-૭). ૨.જે પરબ્રહ્મનું જીવાત્મા શરીર છે.(બૃહદારણ્યકોપનિષદ-માધ્યન્દિની શાખા-૩/૭/૨૨). ૩.તે સર્વોપરી પુરુષોત્તમથી સમાન કે અધિક હોય એવો કોઈ જ જણાતો નથી. (શ્વેતાશ્વતરોપનિષદ-૬/૮). ૪.માયાથી પર એવા દિવ્ય દેવ તો એક નારાયણ જ છે. (સુબાલોપનિષદ-૬/૧). ૫.નિત્ય એવા અનેક જીવાત્માઓને નિત્ય એવા એક પરમાત્મા કર્માનુસાર ફળ આપે છે. (કઠોપનિષદ-૨/૨/૧૩). ૬.સર્વે વેદો નારાયણનું પ્રધાનપણે પ્રતિપાદન કરે છે. (ભાગવત-૨/૫/૧૫).

અવતાર તેમનાં દિવ્ય એવાં જે જન્મ, કર્મ ને ગુણ તેણે અંકિત જે કોઈ શાસ્ત્ર છે, તે જ શાસ્ત્ર છે; એવા દિવ્ય જે જન્મ, કર્મ ને ગુણ તેણે અંકિત સર્વે અવતારના અવતારી આનંદકારી પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૧૧॥

અને સહજ સ્વાભાવિક **"नारायणात्मको वेदो यतः प्रोक्तः सनातनः"**[૧] **"दिव्यो देव एको नारायणः" "सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयं ब्रह्म" "तदैक्षत"**[૨] **"जन्माद्यस्य यतः"**[૩] **"अधिकं तु भेदनिर्देशात्"**[૪]

तथा हि "नारायणपरा वेदाः" "वासुदेवपरा वेदाः" "वेदैश्च सर्वैरहमेव वेद्य"[૫] **इति। "तदेव नित्याभिः स्वशक्तिभिः सच्चिदानन्दाभिः प्रकृतिपुरुषौ तत्कार्यभूतान्यनेककोटिब्रह्माण्डानि च स्वतेजोभिः सूर्य इव व्याप्य स्वधामन्यक्षरब्रह्मणि पृथगेव विलसत्यतिव्यापकत्वेऽपि।**[૬]

प्रकृतिपुरुषादिसकलचेतनाचेतनशरीरकं, अत एव चेतनाचेतन-शरीरी, चेतनाचेतनविशिष्टं, चेतनाचेतनविलक्षणं, समस्तदोषकलंक-

૧.સનાતન એવો વેદ નારાયણ વડે જ ઉચ્ચારેલ હોવાથી નારાયણરૂપ છે. ૨.તે પરબ્રહ્મે જોયું - ચિંતવ્યું હતું. (છાંદો. ૬/૨/૩). ૩.આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય જે પરમાત્મા થકી જ થાય છે. (બ્રહ્મસૂત્ર-૧/૧/૨). ૪.જીવ, ઈશ્વર અને બ્રહ્મ થકી પણ પરબ્રહ્મ ઘણા જ અધિક-શ્રેષ્ઠ છે. કેમ જે, શાસ્ત્રોમાં એવી વિલક્ષણતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. (બ્રહ્મસૂત્ર-૨/૧/૨૨). ૫.ભગવાન કહે છે, 'તમામ વેદો દ્વારા હું જ જાણવા યોગ્ય છું.' (ગીતા-૧૫/૧૮). ૬.જેમ સૂર્ય પોતાના તેજ વડે બીજા તમામ તારાઓને લીન કરી વર્તે છે, તેમ પુરુષોત્તમનારાયણ પોતાની નિત્ય તથા સચ્ચિદાનંદ એવી શક્તિઓ વડે પ્રકૃતિપુરુષ અને તેનાં કાર્યભૂત અનંત બ્રહ્માંડોને પોતાના વશમાં રાખીને વર્તે છે. વળી, આટલા વ્યાપક હોવા છતાં પણ પોતાના અક્ષરધામમાં સ્વરાટ થકા વિરાજમાન છે.

वर्जिताद्यसंख्यस्वरूपगुणगणविशिष्टं हरिकृष्णनारायणमिति विशिष्टाद्वैतं परंब्रह्म सिद्धं।

विशिष्टाद्वैतं विशिष्टं चिदचिन्मिश्रं यदद्वैतमन्तर्यामिरूपं परंब्रह्म तद्विशिष्टाद्वैतम्। यथा देहविशिष्टस्य जीवात्मनोऽद्वैतत्वं तथा प्रकृतिपुरुषादिचेतनाचेतनशरीरविशिष्टस्य शरीरिणः परमात्मनो नारायणस्याद्वैतत्वं विशिष्टाद्वैतत्वमिति।[1] એવી રીતે વિશિષ્ટાદ્વૈત મતનો રહસ્ય અભિપ્રાય એ છે જે, અક્ષરાદિક સર્વેના એક આદિ કારણ એવા જે સર્વોત્કૃષ્ટ હરિકૃષ્ણ નારાયણ છે, તે જ એક પોતે પ્રકૃતિ-પુરુષાદિક સર્વ ચેતનાચેતન શક્તિયોને વિષે સદા અંતર્યામીરૂપે વિશિષ્ટ થકા, નિર્દોષ, નિર્વિકાર, અખંડ, નિત્યતૃપ્ત ને સ્વતંત્ર મૂર્તિ થકા, એ સર્વેને પોતે આનંદ આપતા થકા, વ્યતિરેક પોતાના અક્ષરધામને વિષે પોતાના સર્વે અક્ષરાત્મક મુક્ત તેમણે સેવ્યા થકા સદા

૧.આવા એ પરબ્રહ્મનું પ્રકૃતિપુરુષાદિક તમામ જડ-ચિદ્ તત્ત્વ શરીર-નિયામ્ય છે. એટલે જ તે પ્રભુ જડ-ચિદ્ સર્વના શરીરી, સર્વથી વિશિષ્ટ અને સર્વથી વિલક્ષણ છે. વળી, એ શ્રીહરિ સમગ્ર દોષરૂપ કલંકથી રહિત અને અસંખ્ય સ્વરૂપ તથા દિવ્ય ગુણોના સમુહે યુક્ત હરિકૃષ્ણ એવા નામવાળા પુરુષોત્તમનારાયણ છે. આવા હોવાથી જ તે પરબ્રહ્મ વિશિષ્ટ-અદ્વૈત છે, એમ સિદ્ધ થાય છે.

હવે વિશિષ્ટાદ્વૈતનો અર્થ સમજાવે છે. વિશિષ્ટ એટલે કે, ચેતન તથા અચેતનની સાથે ઓત-પ્રોત થઈને રહેલા. અદ્વૈત એટલે કે એવા સર્વાંતર્યામી સ્વરૂપ એક પરબ્રહ્મ. તે જ વિશિષ્ટાદ્વૈત તત્ત્વ છે. જેમ દેહે સહિત એવા જીવાત્માનું એકપણું ગણાય છે, તેમ જ પ્રકૃતિ-પુરુષાદિક તમામ ચેતન-અચેતનરૂપ શરીરવિશિષ્ટ એવા શરીરી પરમાત્મા નારાયણનું જે એકપણું, તે જ વિશિષ્ટાદ્વૈત શબ્દથી કહેવાય છે.

વિરાજમાન છે; એ જે પરમાત્માનું સ્વરૂપ તે સર્વે જગતનું નિમિત્ત કારણ[1] છે. અને એના એ જ પરમાત્મા તે સૂક્ષ્મરૂપે કરીને પ્રકૃતિ-પુરુષાદિક સર્વ ચેતન-અચેતન શક્તિયોને વિષે સદા વિશિષ્ટ અંતર્યામીરૂપે કરીને રહ્યા છે, એ સર્વે જગતના ઉપાદાન કારણ[2] છે. એવી રીતે એક[3] પરમાત્મા જ સર્વ જગતના નિમિત્ત ને ઉપાદાન એ બેય પ્રકારે કરીને આદિ કારણ છે, પણ તે એક પરમાત્મા વિના જગતનું કારણ બીજો કોઈ નથી; એમ સર્વ સત્શાસ્ત્ર ને સર્વ સત્યરૂપ સત્પુરુષો તેમનો સિદ્ધાંત છે. એવા સર્વોત્કૃષ્ટ પરમાત્મા પરબ્રહ્મ દિવ્યાનંદમય મૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૧૨॥

અને સહજ સ્વાભાવિક આ નામના અર્થને જે સર્વે જીવોની ઉપર દયાયે યુક્ત થકા, ને પરસ્પર વૈરે રહિત થકા, ને માહાત્મ્યજ્ઞાન તથા સ્નેહે યુક્ત થકા જે કોઈ કહેશે-સાંભળશે તેને પોતે આનંદ દેશે; તે માટે સહજાનંદ. ॥૨૧૩॥

અને સહજ સ્વાભાવિક સર્વે કલંકના ભરેલા જે અનંત જીવ તેમને નિષ્કલંક કરીને મહાઆશ્ચર્યકારી આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૨૧૪॥

અને સહજ સ્વાભાવિક સત્શાસ્ત્ર ને સત્પુરુષ તેનો

૧.મૂળ કારણરૂપ દ્રવ્યને કાર્યનું સ્વરૂપ આપનાર નિમિત્તભૂત કારણ. જેમ કે, માટીમાંથી ઘડો વગેરે બનાવનાર કુંભાર. ૨.જે કાર્યરૂપ અવસ્થાને પામે તે મૂળ કારણરૂપ દ્રવ્ય. જેમ કે, ઘડા વગેરેનો આકાર પામનાર માટી. ૩.મૂળમાયા તથા તમામ જીવોથી વિશિષ્ટ એવા.

સિદ્ધાંત-અર્થ એ છે જે, 'અક્ષરાદિક સર્વના કારણ જે હરિકૃષ્ણ સહજાનંદ તેમનું જે આ નામ તેના અર્થનો નિષેધ કરનારો જે નર તે દર્શન કરવા યોગ્ય નથી; કેમ જે, પોતે જ સર્વ જગતના કર્તા-હર્તા ને સદા દિવ્યવિગ્રહ ને પરમ આનંદમય સત્યમૂર્તિ છે', તે માટે સહજાનંદ. ॥૨૧૫॥

અને સહજ સ્વાભાવિક બદ્ધ-મુક્ત સર્વે ક્ષેત્રજ્ઞ જીવ ને અક્ષરબ્રહ્મ એ સર્વે ક્ષેત્રજ્ઞના પરમ ક્ષેત્રજ્ઞ પરબ્રહ્મ એવા જે પોતે પુરુષોત્તમનારાયણ તેના સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ ને લીલા તેના સ્વરૂપ, શ્રુતિ-સ્મૃતિ આદિકને વિષે જેવા અનાદિ નિત્યસિદ્ધ પ્રતિપાદન કરેલા છે, તેનો પૃથક્ પૃથક્ નિર્ણય છે.

અને નિરવધિકાતિશય, અક્ષરપર ને પોતાને ગમતું એવું જે રૂપ, ને માયિક ઇન્દ્રિયોના ચિંતવનમાં ન આવે એવું, ને સર્વકાળને વિષે સદા સરખું, ને મહા અદ્‌ભુતકારી, ને ચિદ્-અચિદ્ શક્તિઓના ગંધ(સંગ)દોષ કલંકે રહિત, ને નિરવધિકાતિશય ઔજ્વલ્યપણું, સૌંદર્યપણું, સૌગંધ્યપણું, સુકુમાર્યપણું, લાવણ્યપણું ને યૌવનાદ્યનંત દિવ્ય સ્વરૂપ ગુણ તેના નિધિ એવું હરિનું સ્વરૂપ છે.

અને અનવધિકાતિશય જ્ઞાન, બળ, ઐશ્વર્ય, વીર્ય, શક્તિ, તેજ ને પ્રભુત્યાદિક અસંખ્યાત દિવ્ય કલ્યાણકારી ગુણ તેના નિધિ ને નથી અડ્યા ચિદ્-અચિદ્ શક્તિઓના

સમગ્ર દોષ જેમને એવા હરિના ગુણ છે.

અને અપાર કરુણાપણું, સુશીલ્યપણું, વાત્સલ્યપણું, ગાંભીર્યપણું, ઉદાર્યપણું ને ઐશ્વર્ય તેમનો મહોદધિ; ને જેમ છે તેમ નથી આવતા વિચાર્યામાં ભેદ જેમના એવા જે સર્વે લોક, તેના શરણરૂપ; એવો હરિનો સ્વભાવ છે.

અને વિચિત્ર ને અનંત એવા ભોગવ્યાના દિવ્ય પદાર્થ, ને ભોક્તૃવર્ગ જે અનંત ભોગ, ને ભોગવનારા દિવ્ય પાર્ષદ, ને ભોગને ભોગવવાનાં અનંત દિવ્ય ઉપકરણ, ને ભોગને ભોગવવાનાં અનંત બ્રહ્મપુરાદિક દિવ્ય સ્થાનક–તેણે કરીને પોતે પરિપૂર્ણ એવી હરિની વિભૂતિ છે.

અને પોતાની મૂળ પ્રકૃતિ-પુરુષાદિક જે શક્તિયો તે પાસે પોતે સ્વતંત્ર થકા પોતાને પ્રતાપે કરીને અનંતકોટિ બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિક કરાવે છે; તેમાં કાંઈ પોતાને દાખડો નથી પડતો, એ તો રમત જેવું છે. એવી હરિની લીલા છે. એવા નિજસ્વરૂપ, સ્વભાવાદિકે કરીને પરિપૂર્ણાનંદમય પરબ્રહ્મ નારાયણ આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૧૬॥

અને સહજ સ્વાભાવિક 'શ્રીસત્સંગિજીવન' ને શ્રીહરિનાં 'વચનામૃત' તેમને વિષે જેવા પોતે અનાદિ નિત્યસિદ્ધ છે તેવા યથાર્થ તત્ત્વે કરીને પ્રતિપાદન કર્યા છે, એવા જે પરમ આનંદમય પોતે **પુરુષોત્તમનારાયણ તેના દિવ્યભાવ ને**

મનુષ્યભાવ તેને અભેદપણે[1] સમજવાની રીત જે અનંતકોટિ સૂર્ય-ચંદ્રના પ્રકાશ જેવું તેજામય એવું જે પોતાનું અક્ષરધામ તેને વિષે અનંતકોટિ અક્ષરરૂપ મુક્તે સેવ્યા ને દિવ્ય ને દ્વિભુજ મૂર્તિ સદા પોતે વિરાજમાન છે; ને અનંતકોટિ મુક્ત ને અક્ષર ને પુરુષપ્રકૃતિ ને કાળ એ સર્વેના નિયંતા છે, ને એ સર્વેના સ્વામી છે, ને એ સર્વેને સુખના આપનારા છે, ને મહારાજાધિરાજ છે, ને સ્વતંત્ર છે, અનંત દિવ્ય શક્તિમાન છે; ને એવા સામર્થ્યે જુક્ત જે એના એ પોતે હરિ તે જીવોની ઉપર દયાએ કરીને તેમના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થાય છે.

અને મનુષ્ય પોતાનો આશ્રય કરે ને પોતાની ભક્તિ કરે તેને અર્થે મનુષ્યને અનુસરતાં ચરિત્ર કરે છે. અને તે મનુષ્ય સ્વરૂપને વિષે પોતાની જે અક્ષરધામમાં રહી તેજોમય દિવ્યમૂર્તિ તે દેખાઈ આવે, તથા પોતાના રામ-કૃષ્ણાદિક અવતાર તથા વાસુદેવાદિક ચતુર્વ્યૂહ તથા કેશવાદિક ચોવીશ મૂર્તિઓ એ સર્વે દેખાઈ આવે, તથા બ્રહ્મપુરાદિક ધામ દેખાઈ આવે, તથા પ્રકૃતિપુરુષના જેવું સામર્થ્ય જણાઈ આવે, તથા વિરાટપુરુષના જેવું સામર્થ્ય જણાઈ આવે, તથા એક થકા અનંતરૂપે જણાઈ આવે, તથા બ્રહ્મા, વિષ્ણુ, શિવના જેવું સામર્થ્ય જણાઈ આવે, તથા તે પોતાની મૂર્તિને દેખીને

૧.એકપણે – દિવ્ય થકા જ મનુષ્યભાવ જણાવે છે ને મનુષ્યભાવ જણાવે છે ત્યારે પણ દિવ્ય જ છે એવી રીતે.

અનંત જીવના ચિત્તનો નિરોધ સમાધિએ કરીને થઈ જાય; એવા તરેતરેનાં જે અનંત દિવ્યચરિત્ર ને અનંત દિવ્યગુણ તે મનુષ્યની રીતે વર્તતા જે એ ભગવાન તેને વિષે છે. તે સારુ દિવ્યભાવ ને મનુષ્યભાવ તે બેય એક જ છે, પણ એમાં કિંચિત્‌માત્ર પણ ભેદ નથી; એવા સર્વોપરી આનંદમય દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૧૭॥

અને સહજ સ્વાભાવિક આનંદમય એવા જે પોતે **પુરુષોત્તમ ભગવાન તેના નિર્ગુણ-સગુણપણાની રીત સમજવી જે,** એવી રીતે દિવ્યભાવને ને મનુષ્યભાવને જણાવતા જે એ હરિકૃષ્ણ તેની જે મૂર્તિ તે તો અનાદિ નિત્યસિદ્ધ માયા ને માયાના જે સત્ત્વ, રજ ને તમ -એ ત્રણ્ય ગુણ ને એ ત્રણ્ય ગુણનાં કાર્ય તેણે રહિત છે ને દિવ્ય છે, તે સારુ એ ભગવાનને નિર્ગુણ જાણવા. અને એવા જે એ નિર્ગુણ હરિકૃષ્ણ ભગવાન તેને વિષે અનાદિ નિત્યસિદ્ધ સત્ય, શૌચ, દયા એ આદિક જે અમાયિક એવા સમગ્ર દિવ્ય કલ્યાણકારી ગુણ તે રહ્યા છે, તે સારુ એ ભગવાનને સગુણ જાણવા; અથવા માયાના ત્રણ્ય ગુણે યુક્ત ને બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનાં કારણ એવાં જે – અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ ને બ્રહ્મા, વિષ્ણુ ને શિવ–એ છો પોતાનાં રૂપ[1] તેણે કરીને પણ એ ભગવાનને સગુણ જાણવા. એવા આનંદમય

૧.જગતની સૃષ્ટિ માટે જેમાં પોતે અંતર્યામીપણે પોતાનું ઐશ્વર્ય પ્રકાશે છે એવાં તે છ સ્વરૂપ.

પુરુષોત્તમ પોતે છે, તે માટે સહજાનંદ. ।।૨૧૮।।

અને સહજ સ્વાભાવિક આનંદમય એવા જે પોતે **પુરુષોત્તમ ભગવાન તેના સાકાર-નિરાકારપણાની રીત સમજવી જે,** આત્યંતિક પ્રલયને અંતે પણ પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય અવયવવાન[1] એવો અનાદિ નિત્યસિદ્ધ જે ભગવાનનો આકાર તે રહ્યો છે, તે સારુ એ ભગવાનને સાકાર જાણવા. ને એવો જે એ હરિકૃષ્ણ ભગવાનનો સદા દિવ્ય આકાર તેને એ ભગવાનના એકાંતિક ભક્ત દેખે છે, ને એ ભગવાનનો જે સદા દિવ્ય અવયવી[1] એવો આકાર તે માયા ને માયામાંથી થયાં જે ચોવીશ તત્ત્વ તેણે રહિત છે; તે સારુ એ ભગવાનને નિરાકાર કહે છે. એવા નિત્યસિદ્ધ પ્રચુરાનંદમય દિવ્યવિગ્રહ મૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ।।૨૧૯।।

અને સહજ સ્વાભાવિક આનંદમય એવા જે પોતે **પુરુષોત્તમ ભગવાન તેના કર્તા-અકર્તાપણાની રીત જાણવી;** એવા જે એ ભગવાન તે પુરુષ, કાળ ને માયા તેના આદિકર્તા, પ્રેરક ને નિયંતા છે, તે સારુ એ ભગવાનને કર્તા જાણવા. અને પુરુષ, કાળ ને માયા તે પાસે અનેક કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયને કરાવે છે પણ પોતે નથી કરતા, ને પોતે તો પોતાના અક્ષરધામને વિશે

૧.હાથ-પગ વગેરે તમામ અંગોએ યુક્ત.

પોતાના ભક્તજને સેવ્યા થકા નિત્યે વિરાજમાન છે, તે સારુ એ ભગવાનને અકર્તા જાણવા. અને એ પુરુષ, કાળ ને માયા તે જે બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયને કરે છે તે એ ભગવાનની અંતર્યામીપણે પ્રેરણાએ કરીને કરે છે, પણ તે વિના સ્વતંત્રપણે કરવાને સમર્થ નથી, ને જે એમને સ્વતંત્ર કર્તા જાણે છે તે તો નાસ્તિક છે, ને એ હરિકૃષ્ણ ભગવાનની પ્રેરણાએ કરીને જે એમને કર્તા જાણે છે તે તો આસ્તિક એવા ભગવાનના જ્ઞાની ભક્ત છે તે જે તે પરમ આનંદને પામે છે; તે માટે સહજાનંદ. ॥૨૨૦॥

અને સહજ સ્વાભાવિક વિવક્ષિત[૧] સર્વોત્તમ અપહતપાપ્મત્વાદિક અષ્ટગુણ[૨] તથા સર્વજ્ઞત્વાદિક છ ગુણ[૩] તથા સત્યશૌચાદિક ઓગણચાલીસ ગુણ એ આદિક નાના પ્રકારના સર્વે દિવ્યગુણ તેના રત્નાકર એક પરમાત્મા પરબ્રહ્મ વાસુદેવ હરિકૃષ્ણ સ્વામિનારાયણ છે; તે જ એક **'अक्षरात् परतः पर...'**[૪] **'सर्वं खल्विदं ब्रह्म'** **'नेति नेति'**[૫] **'ऐकमेव...'**[૬]

૧.કહેવા માટે ઈચ્છેલા. ૨.ભગવાનના દિવ્ય આઠ ગુણો : (i) એક પણ પ્રકારના પાપથી રહિતપણું, (ii) વૃદ્ધાવસ્થા-વિકારથી રહિતપણું, (iii) મૃત્યુથી રહિતપણું, (iv) શોકથી રહિતપણું, (v) ખાવાની ઈચ્છાથી રહિતપણું, (vi) પીવાની ઈચ્છાથી રહિતપણું, (vii) સત્ય સંકલ્પપણું, (viii) કલ્યાણકારી પદાર્થવાળાપણું. ૩.ભગવાનના છ ગુણો : (i) સર્વજ્ઞતા, (ii) સંપૂર્ણ સંતોષ, (iii) નિત્યસિદ્ધ જ્ઞાન, (iv) સ્વતંત્રતા, (v) અજિત શક્તિ, (vi) અનંત શક્તિ. ૪.કાળ, માયા અને કર્મથી પર એવા અક્ષરબ્રહ્મથી પણ (પરમાત્મા) પર-શ્રેષ્ઠ છે. (મુંડક.-૨/૧/૨) ૫.પરબ્રહ્મ પુરુષોત્તમનો મહિમા આટલો જ નથી, આટલો જ નથી (અપાર છે). (બૃહદા.-૨/૩/૬) ૬.પરબ્રહ્મ જેવા તો એ એક જ છે. (છાંદો.-૬/૨/૧)

ઇત્યાદિક સર્વ શ્રુતિ-સ્મૃતિ આદિકને વિષે બ્રહ્મ કે'તાં સર્વથી અતિશે મોટા એવા જે પોતે પુરુષોત્તમનારાયણ તે સદા મૂર્તિમાન દિવ્યવિગ્રહ પોતાના અક્ષરધામમાં રહ્યા થકા, પોતાની શક્તિએ કરીને, સર્વ જીવને યથાયોગ્ય કર્મફળ દેવાને અર્થે અંતર્યામીરૂપે બહુપણાને પામ્યા થકા, કાર્યકારણ અવસ્થાને વિષે તથા મુક્ત અવસ્થાને વિષે રહ્યા જે અનાદિ નિત્યસિદ્ધ અછેદ્યાદિક ગુણે સંપન્ન સર્વે ક્ષર-અક્ષર જીવ તે પ્રત્યે પોતે વ્યાપ્યા થકા સદા નિર્લેપ ને અખંડાનંદમય મૂર્તિ છે.

ને એ સર્વે ક્ષર-અક્ષર જીવરૂપ જગત છે, તે જેની કૃપાકટાક્ષે[1] કરીને નાના પ્રકારના વિનોદ કરતા થકા આનંદને પામે છે; એવા સર્વકારણ ને સર્વાનંદમય દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૨૧॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે હરિકૃષ્ણ તેમના જે અક્ષરધામના મુક્ત તેમના એક એક રોમને વિષે કોટિ કોટિ સૂર્યના જેવો પ્રકાશ છે, ત્યારે તેમના સ્વામી જે અક્ષરાતીત હરિકૃષ્ણ તેમનો આનંદમય પ્રકાશ તેનો મહિમા તે ક્યાં ?! એવા જે અક્ષરાતીત સહજાનંદ હરિકૃષ્ણ તેમની એક સમયને વિષે પોતાના મોટા મોટા પરમહંસ, બ્રહ્મચારી ને સત્સંગી તેમણે ચંદન-પુષ્પાદિક તેણે કરીને પૂજા બહુ કરી,

૧.કૃપાદૃષ્ટિએ.

ને તે પછી તરેતરેનું જે હરિનું સર્વોપરી દિવ્ય ઐશ્વર્ય તેણે કરીને હરિની સ્તુતિ બહુ કરીને તે સર્વે આનંદ પામ્યા; એવા આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૨૨॥

अनेसह
जस्वभाविकसर्वेअवतारनाधरनारानेसर्वेनाकारणनेसर्वेथिपरपोतेछेपणपोताथकी
बिजोकोईपरनथिपोतेश्रीसहजानंदहरिक्रष्णनारायणछेतेजएकएसर्वेथिपरनेसर्वेज
गतनाआधारईश्वरनेअमाराइष्टदेवछे

અને સહજ સ્વાભાવિક સર્વે અવતારના ધરનારા ને સર્વેના કારણ ને સર્વેથી પર પોતે છે, પણ પોતા થકી બીજો કોઈ પર નથી. પોતે શ્રીસહજાનંદ હરિકૃષ્ણનારાયણ છે, તે જ એક એ સર્વેથી પર ને સર્વે જગતના આધાર, ઈશ્વર ને અમારા ઈષ્ટદેવ છે. તેમને ને તેમના જે દાસ તેમને હું જે તે હજારો હજાર દંડવત્ પ્રણામ કરીને કહું છું જે, આ અર્થમાં કાંઈ અઘટિત કે'વાણું હોય તે મારો અપરાધ ક્ષમા કરજો. કેમ જે, તમે તો અનંત જીવોના અપરાધ ક્ષમા કરીને તેને આનંદ આપ્યો છે. એવા સર્વોત્તમાનંદમય દિવ્ય કલ્યાણકારી ગુણ તેના રત્નાકર ને સર્વ આનંદમાત્રના શેષી[1] જે અક્ષરાતીત સહજાનંદ હરિકૃષ્ણ છે, તે જ એક એ પોતાના દાસ છે તેને નિત્ય નવો નવો આનંદ આપે છે, તે માટે સહજાનંદ. ॥૨૨૩॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે સહજાનંદ હરિકૃષ્ણનારાયણ તેમના સ્વરૂપના જ્ઞાનરૂપ જે બ્રહ્મવાદ તેનું તત્ત્વે કરીને જે નિર્ણય કરવું તેને વિષે શ્રુતિ જે વેદ તે જે

૧.સ્વામી.

તે લીન થાય છે કે'તાં, હરિનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ, ચરિત્ર ને વિભૂતિ તેમનું જે અક્ષરાદિક સર્વ થકી ઉત્કૃષ્ટપણે વર્ણનને કરતા જે વેદ તેનો અભિપ્રાય જે તે જે બ્રહ્મવાદને વિષે સર્વે આવી જાય છે; એવા નિર્વેશેષાનંદમય અક્ષરાતીત આનંદઘન પોતે છે, તે માટે સહજાનંદ ॥૨૨૪॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે સહજાનંદ હરિકૃષ્ણનારાયણ તેમની એક સમયને વિશે શતાનંદમુનિ તેમણે સત્સંગની રક્ષા કરવા સારુ હરિની સ્તુતિ બહુ કરી, તેણે કરીને હરિ રાજી થઈને પોતાના ભક્તજન તેમને મનોવાંછિત આનંદ પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૨૨૫॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે સહજાનંદ હરિકૃષ્ણ તેમણે કૃપા કરીને નાના પ્રકારના દેશને વિષે રહ્યા જે પોતાના આશ્રિત સર્વે સત્સંગી તે પ્રત્યે શિક્ષાપત્રી લખીને વૃત્તાલેથી મોકલી, તેને સાંભળીને તે સર્વે સત્સંગી અતિ રાજી થઈને આનંદ પામ્યા; એવો આનંદ નિજ આશ્રિતજનને પોતે આપ્યો, તે માટે સહજાનંદ. ॥૨૨૬॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત અચ્યુત,[૧] અદ્વૈત, અજન્મા ને અખંડાનંદમય એવા જે પોતે સહજાનંદ હરિકૃષ્ણ તે જ્યારે અસુરવિમોહની લીલા તેને વિસ્તારીને પોતે તિરોધાન[૨] થયા, તે સમયને વિશે આકાશમાર્ગે અનંત વૈમાન

૧.અવિકારી. ૨.અંતર્ધાન-અદૃશ્ય.

લઈને હરિને તેડવાને આવ્યા જે અક્ષરધામના પોતાના દિવ્ય પાર્ષદ, તે જે તે બહુ હરિને પૂજવાને અર્થે ચંદન-પુષ્પાદિક પૂજાની સામગ્રી લાવ્યા હતા. તેણે કરીને હરિની અતિ હર્ષે પૂજા-સ્તુતિ કરી, ને તે પછી હરિને તેડીને વિમાનમાં બેસાર્યા, ને તે પછી પોતે પોતાના પાર્ષદ સોતા પોતાના અક્ષરધામમાં પધાર્યા.

તે વારે નભમાર્ગે[૧] બ્રહ્માદિક દેવ તેમણે આવીને અતિ હર્ષે કરીને હરિનાં દર્શન-પૂજા-સ્તુતિ વાજિંત્ર વગાડીને કરી, તે સમયને વિષે આકાશને વિષે વાજિંત્રનો તથા જયજયકાર એવા શબ્દનો મોટો ઘોષ સંભળાતો હતો. તથા તે સમયને વિષે પૃથ્વીને વિષે ચંદન-પુષ્પોની બહુ વૃષ્ટિ થાતી હવી.

તથા તે સમયને વિષે હરિના જે આંહીંના અનંત ભક્તજન હતા, તે હરિને વિષે અતિશે જે સ્નેહ તેને પરવશ થકા સમાધિએ કરીને પોતાના દેહનો ત્યાગ કરીને હરિની સાથે અક્ષરધામમાં ગયા; તેમને હરિએ પોતાના પ્રતાપે કરીને જેટલા એ પોતાના ભક્તજન હતા તેટલી મૂર્તિઓ ધરીને પાછા દેહમાં લાવીને બળાત્કારે આજ્ઞાએ કરીને એ ભક્તજન તેમને પોતે રાખ્યા.

એવું જે હરિનું તે સમયનું તરેતરેનું જે સર્વોપરી દિવ્ય ઐશ્વર્ય તેમને સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી

૧.આકાશમાં.

ને શુકમુનિ આદિક હરિની સેવામાં હતા તેમણે પ્રત્યક્ષ દીઠું; એવા જે નિરવધિકાતિશયાનંદના સમુદ્ર દિવ્યવિગ્રહમૂર્તિ અક્ષરાતીતાનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ॥૨૨૭॥

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે સહજાનંદ હરિકૃષ્ણ તે જ્યારે પોતાના ભક્તજન તેમની દૃષ્ટિને અગોચર થયા, તે પછી પોતાની પ્રતિષ્ઠાને કરેલી જે પોતાની પ્રતિમાઓ તેની આગળ પોતાના ભક્તજન તેમણે અતિ હેતે કરીને અર્પણ કર્યાં જે અન્ન-પાનાદિક તેને તે ભક્તજનને દેખતાં પોતે પ્રત્યક્ષ પ્રમાણ ગ્રહણ કરતા હવા. અને કોઈક પોતાના ભક્તજન તેને પોતે હાર-તોરા આપે છે.

અને પોતાના ભક્તજનને કોઈક કષ્ટ આવે તેમાં આવીને પોતે તેની રક્ષા કરે છે. અને કોઈક પોતાના ભક્તને બથમાં ઘાલીને મળે છે. અને કોઈક પોતાના ભક્તને માર્ગે ચાલતા પાંચ-સાત અસવારે સહિત પ્રત્યક્ષ દર્શન થાય છે. અને કોઈક પોતાના ભક્તને સભામાં આવીને કથા સાંભળતા દર્શન થાય છે. અને કોઈક ભક્તને પ્રત્યક્ષ આવીને વાત કરે છે.

અને કેટલાક પોતાના ભક્તને નરનારાયણ ને લક્ષ્મીનારાયણાદિક જે પોતાની પધરાવેલી પ્રતિમાઓ તેને વિષે સહજાનંદ હરિકૃષ્ણ તેમનાં પ્રત્યક્ષ દર્શન થાય છે. ને તે ભક્તજન તેમને પોતે હરિ અતિ હેતે કરીને હસીને

બોલાવે છે. અને કોઈક પોતાના ભક્ત પાસે જમવાનું ભોજન પ્રત્યક્ષ માગીને જમે છે. અને કોઈક જગ્યાએ કાગળ લખાવતા પોતાના ભક્તને દર્શન થાય છે. અને કોઈક પોતાના ભક્તજન પાસે પાણી માગીને પીએ છે. અને કોઈક પોતાના ભક્તને શજ્યામાં પોઢ્યા છે, એવી રીતે દર્શન થાય છે. એમ અનેક પ્રકારે પોતાના ભક્તજન તેમની સહાય કરતા થકા પોતાના ભક્તજન પાસે સ્નેહરૂપી દોરડીએ બંધાણા થકા નિરંતર રહે છે. એવા દયાનંદકર આનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ।।૨૨૮।।

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત સહજાનંદ હરિકૃષ્ણ નારાયણ, ને તે હરિકૃષ્ણનારાયણ તેમના જે અવતાર, ને તે હરિકૃષ્ણનારાયણ તેમના જે એકાંતિકભક્ત, ને તે હરિકૃષ્ણનારાયણ તેમની જે પ્રત્યક્ષ પ્રતિષ્ઠાને કરેલી જે પોતાની પ્રતિમા તેનું જે સત્શાસ્ત્રમાં કહ્યો જે પોતાનો સદ્ધર્મ તેમાં રહીને તેનું જે ધ્યાન ને 'સ્વામિનારાયણ' ભજન કરવું; એ ચાર કલ્યાણના હેતુ છે. ને એ સર્વે જે પોતાના અવતાર, ને પોતાના જે એકાંતિકભક્ત, ને હરિકૃષ્ણ તેમની જે પ્રતિષ્ઠાને કરેલી પોતાની પ્રતિમા, ને સદ્ધર્મ—એ સર્વેના કારણ ને સર્વાનંદમય પોતે છે, તે માટે સહજાનંદ. ।।૨૨૯।।

અને સહજ સ્વાભાવિક સર્વ કારણના કારણ

શ્રીસહજાનંદ હરિકૃષ્ણનારાયણ તેમના નામના આ અર્થ તેમને ઉપેક્ષાએ કરીને જે દૂષણ દેશે તેને – આ નામના નામી ને તેમના અવતાર, એકાંતિકભક્ત, આચાર્ય, વિભૂતિયું, પાર્ષદ, ધામ, ઐશ્વર્ય, એકાંતિકધર્મ, ને ગોપીનાથ આદિક પ્રતિમાયું ને સર્વેનું પ્રતિપાદક વેદાદિક સત્શાસ્ત્ર – એ સર્વે તેમને દૂભવે તે સમ અપરાધ થાશે. ને આ અર્થનું માહાત્મ્ય જાણીને જે રૂડી રીતે સત્કાર કરશે તેને એ સર્વેને પ્રસન્ન કરે તે સમ પરમ આનંદ થાશે. એવા નિત્ય અક્ષરાતીત પુરુષોત્તમ સચ્ચિદાનંદમય દિવ્યમૂર્તિ પોતે છે, તે માટે સહજાનંદ. ||૨૩૦||

અને સહજ સ્વાભાવિક અક્ષરાતીત પોતે સહજાનંદ હરિકૃષ્ણ-વાસુદેવ-નારાયણ તેમનું જ એક સર્વકારણપણે કરીને રૂડી રીતે પ્રતિપાદનને કરનારા જે સમગ્ર વેદ, પુરાણ, ભારત ને ઉપનિષદ ને સત્સંગિજીવન ને હરિનાં વચનામૃત એ આદિક સર્વે સત્શાસ્ત્ર તેમનો સારતત્ત્વ તેનો ઉદ્ધાર કરીને, કે'તાં એ સર્વેનું મંથન કરીને, એ સર્વેનો સિદ્ધાંત પ્રગટ કરીને આ 'શ્રીસહજાનંદ' નામ તેના જે તરેતરેના બસે ને ત્રીસ(૨૩૦) અર્થ તેને મેં રૂડી પ્રકારે કર્યા છે. તેને અતિ નિપુણ બુદ્ધિવાળા જે સદ્ગુરુ નિત્યાનંદસ્વામી તેમણે પૂર્વાપર સાંભળીને પ્રસન્ન થઈને અતિ પ્રમાણ કર્યા છે. તેને જે પુરુષ

અસૂયાએ રહિત થકો ને અતિશે વિશ્વાસ ને આસ્તિકપણે યુક્ત થકો સર્વ પ્રકારે હૃદયને વિષે ધારશે, તેને સદ્ધર્મ-જ્ઞાને યુક્ત પોતાની પરમ આનંદકારી એવી એકાંતિકભક્તિ રાજી થઈને પોતે દેશે, તે માટે સહજાનંદ કહિયે. ॥૨૩૧॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય વિધાત્રાનંદમુનિ વિરચિતા શ્રીસહજાનંદનામાભિપ્રાય-રહસ્યાર્થસિદ્ધાંતતત્ત્વ વિચિત્રસન્મણિરત્નરચિતાર્થદીપિકા વ્યાખ્યા શ્રીસહજાનંદ હરિકૃષ્ણચરણકમલોપાસકભક્તજનાનંદવ્યાખ્યા સમાપ્તા ॥

INDEX

સદ્. શ્રીવિધાત્રાનંદસ્વામી કૃતઃ

શ્રીહરિકૃષ્ણસ્વરૂપાદ્વૈત જ્ઞાનનિર્ણયઃ

INDEX

॥ શ્રીસહજાનંદસ્વામિને નમો નમઃ ॥

સદ્. શ્રીવિધાત્રાનંદસ્વામિકૃતઃ

શ્રીહરિકૃષ્ણસ્વરૂપાદ્વૈત જ્ઞાનનિર્ણયઃ

॥ અથ શ્રીહરિકૃષ્ણસ્વરૂપાદ્વૈતજ્ઞાનનિર્ણયો લિખ્યતે ॥

जीवेश्वराणां हरिरक्षराणां उपास्य एकोऽस्ति तदेव नान्यः ।
यो ब्रह्मधामाधिपतिः स भक्त्या सर्वावतारोदयहेतुराद्यः ॥१ ॥
तं भक्तितनयं शान्तं, कामक्रोधादिनाशनं ।
ज्ञानदं स्वस्वरूपस्य, वंदेऽहं पुरुषोत्तमम् ॥२ ॥[1]

અને વેદાદિક જે સર્વ સત્શાસ્ત્ર ને સત્પુરુષ તેમણે નાના પ્રકારનો – બહુ પ્રકારે કરીને રૂડી રીતે વર્ણન કર્યો છે અક્ષરાદિક સર્વ થકી ઉત્કૃષ્ટપણે કરીને મહિમા જેમનો, એવા જે અમારા સર્વેના ઈષ્ટદેવ ને ભક્તિ-ધર્મના પુત્ર હરિકૃષ્ણ પુરુષોત્તમનારાયણ તેમના સ્વરૂપજ્ઞાનનો જે નિર્ણય તે કહીએ છીએ.

તેમાં પ્રથમ એ હરિકૃષ્ણનારાયણનું અક્ષરધામ છે,

---


૧. જે સર્વ અવતારોના અવતારી, સર્વના ઉપરી એવા અક્ષરધામાધિપતિ શ્રીહરિ છે તે એક જ અસંખ્ય જીવો, ઈશ્વરો અને અક્ષરસ્વરૂપ મુક્તાત્માઓને અતિ પ્રેમથી ઉપાસના કરવા યોગ્ય છે; બીજા કોઈ એવા નથી. એવા તે પુરુષોત્તમનારાયણ આ પૃથ્વી ઉપર ભક્તિપુત્ર તરીકે પ્રગટ થયા છે. તેઓ શાંતસ્વરૂપ છે અને આશ્રિતોના કામ-ક્રોધાદિ તમામ શત્રુઓને નાશ કરનારા છે. વળી, પોતાના સ્વરૂપના યથાર્થ જ્ઞાનના દેનારા છે. એવા તે પ્રભુને હું (વિધાત્રાનંદસ્વામી) વંદન કરું છું. (શ્લોક : ૧ તથા ૨)

તે કેવું છે ? તો અનંતકોટિ સૂર્ય, ચંદ્ર ને અગ્નિ તે સરખું પ્રકાશમાન છે ને દિવ્ય છે ને અનંત છે ને સચ્ચિદાનંદરૂપ છે. અને જેને બ્રહ્મપુર કહે છે, નિર્ગુણ કહે છે, અમૃતધામ કહે છે, પરમપદ કહે છે, અનંત-અપાર કહે છે, ચિદાકાશ કહે છે; એવું જે એ અક્ષરધામ તેને વિષે હરિકૃષ્ણ ભગવાન જે તે સદા બિરાજમાન છે. તે કેવા છે ? તો જેને પુરુષોત્તમ કહે છે, નારાયણ કહે છે, કૃષ્ણ કહે છે, વાસુદેવ કહે છે, પરમાત્મા કહે છે, બ્રહ્મ કહે છે, પરબ્રહ્મ કહે છે, પરમતત્ત્વ કહે છે, પરમેશ્વર કહે છે, જ્યોતિસ્વરૂપ[1] કહે છે, વિષ્ણુ કહે છે, શ્રીહરિ કહે છે.

અને વળી, તે ભગવાન કેવા છે ? તો ક્ષર-અક્ષર થકી પર છે, સર્વજ્ઞ છે, સર્વાધાર છે, નિર્ગુણ છે, સ્વપ્રકાશ છે. અને બ્રહ્મરૂપ એવા જે અસંખ્ય મહામુક્ત તેમણે દિવ્ય એવાં જે અનેક પ્રકારનાં પૂજા કર્યાનાં ઉપકરણ તેણે કરીને સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા છે. અને કોટિ કંદર્પ[2] સરખા સુંદર છે. અને નવીન મેઘ સરખો શ્યામ છે વર્ણ જેનો એવા છે. અને જેના એક રોમના તેજની સાદશ્ય[3] અનંત-અપાર ધામરૂપ જે સમગ્ર અક્ષરબ્રહ્મ તેનું જે તેજ, તે જે તે નથી આવતું એવા છે. અને અનંતકોટિ એવા જે દિવ્ય કલ્યાણકારી ગુણ તેણે યુક્ત છે. અને ધર્મ, જ્ઞાન ને વૈરાગ્યાદિક જે ઐશ્વર્ય તથા અણિમાદિક

૧.પ્રકાશમાન સ્વરૂપવાળા. ૨.કામદેવ. ૩.સમાન.

જે સિદ્ધિઓ[૧] તેમણે સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા છે.


अनेअनंतकोटिजेमुक्ततथाअक्षरतथापुरुषप्रकृति
नेकाळएसर्वेनानियंताछेनेएसर्वेनास्वामिछेनेएसर्वेनेसुखनाआपनाराछेनेस्व
तंत्रछेनेमहाराजाधिराजछेअनेवासुदेवादिकजेचतुर्व्युहतथाकेशवादिक
जेचोविसमूर्त्तियोतथारामकृष्णादिकजेअवतारएसर्वेनाधरनाराछेएवाजेअ
क्षरातितहरिकृष्णपुरुषोत्तमभगवानतेजेतेआजेपोतानुंअनवधिकातिशय
परमआनंदमयएवुंजेसमग्रसर्वोपरिदिव्यऐश्वर्यतेणेजुक्तथकाप्रेमवतिमा
तानेहरिप्रसादजिपितानेमनेघेरपोतेअवताराधारणकरताहवा

અને અનંતકોટિ જે મુક્ત તથા અક્ષર તથા પુરુષ-પ્રકૃતિ ને કાળ–એ સર્વેના નિયંતા છે. ને એ સર્વેના સ્વામી છે ને એ સર્વેને સુખના આપનારા છે ને સ્વતંત્ર છે ને મહારાજાધિરાજ છે. અને વાસુદેવાદિક જે ચતુર્વ્યૂહ[૨] તથા કેશવાદિક જે ચોવીસ મૂર્તિઓ તથા રામ-કૃષ્ણાદિક જે અવતાર એ સર્વેના ધરનારા છે.

એવા જે અક્ષરાતીત હરિકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન તે જે તે આ જે પોતાનું અનવધિકાતિશય પરમ આનંદમય એવું જે સમગ્ર સર્વોપરી દિવ્ય ઐશ્વર્ય, તેણે જુક્ત થકા પ્રેમવતી માતા

---

૧. **અણિમા** – અણુ જેવું સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરી ગમે તેમાં પ્રવેશ કરવાની શક્તિ.
મહિમા – મોટામાં મોટું સ્વરૂપ ધારણ કરવાની શક્તિ.
ગરિમા – ચાહે તેટલું વજનદાર કે ભયંકર સ્વરૂપ દેખાડવાની શક્તિ.
લઘિમા – પોતાના સ્વરૂપને અત્યંત હળવું કરી બતાવવાની શક્તિ.
પ્રાપ્તિ – આ ને આ જ દેહે ગમે તે વસ્તુને પ્રાપ્ત કરી શકવાની શક્તિ.
પ્રાકામ્ય – જેની ઈચ્છાને કોઈ જ અવરોધ ન નડે એવી શક્તિ.
ઈશિત્વ – જડ-ચિદ્ સર્વનું નિયમન કરવાની શક્તિ.
વશિત્વ – સર્વને વશીભૂત કરવાની શક્તિ–વશીકરણ વિદ્યા.

૨. વાસુદેવ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ –એ ચાર ઈશ્વરોનો સમૂહ.

ને હરિપ્રસાદજી પિતા તેમને ઘેર પોતે અવતાર ધારણ કરતા હવા.

અને એ જે અક્ષરધામમાં રહી જે શ્રીહરિની દ્વિભુજ દિવ્ય મૂર્તિ તેમાં ને આ નરાકૃતિ શ્રીહરિની મૂર્તિ તેમાં કિંચિત્માત્ર પણ ભેદ નથી; તે બેય એક જ છે; એમ શતાનંદમુનિ આદિક જે મોટા મોટા વૈષ્ણવાચાર્ય તેમનો સિદ્ધાંત નિશ્ચય(નક્કી) છે.

■ દિવ્યભાવ તથા મનુષ્યભાવની એકતા...

અને એના એ જે દિવ્યમૂર્તિ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેમણે નરનાટક દેહ જીવોનાં કલ્યાણને અર્થે ધર્યો છે. અને એ મનુષ્ય સ્વરૂપને વિષે પોતાની જે અક્ષરધામમાં રહી તેજોમય દિવ્ય મૂર્તિ તે દેખાય આવે, અને વળી એવો દિવ્યભાવ ન જણાવે ને મનુષ્યની રીતે જ વર્તે, ને વળી પાછો દિવ્યભાવ જણાવે; તેને શ્રીહરિના ભક્ત જેમ છે તેમ યથાર્થ શ્રીહરિના દિવ્યભાવ ને મનુષ્યભાવાદિકને વિચારે, (તેણે) કરીને શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન થાય છે. તે સારુ તેને વિસ્તારે કરીને ગોપાળાનંદસ્વામી આદિક જે સત્પુરુષ પાસેથી જેવું મેં સાંભળ્યું છે અને 'શ્રીસત્સંગિજીવન' ને શ્રીહરિનાં 'વચનામૃત' એ આદિક જે સર્વે સત્શાસ્ત્ર તેમાં જેવું છે, તેમાંથી સાર-સાર કાઢીને હું જે તે શ્રીહરિ (તથા) તેમના એકાંતિકભક્ત તેમની પ્રસન્નતાને અર્થે પોતાની જે સ્મૃતિ ને બુદ્ધિ તેને અનુસારે કરીને કહું છું.


પૃથ્વીને વિષે એકાંતિકધર્મને પ્રવર્તાવવાને અર્થે ને પોતાના એકાંતિકભક્ત તેમની રક્ષા કરવાને અર્થે ને તેમને સુખ આપવાને અર્થે ને અનેક પ્રકારનું પોતાનું દિવ્ય ઐશ્વર્ય-વૈભવ તેમને પૃથ્વીને વિષે વિસ્તારવાને અર્થે અને અધર્મનો ઉચ્છેદ કરવાને અર્થે પોતે કૌશલ દેશને વિષે હરિપ્રસાદજીના હૃદયને વિષે પ્રવેશ કરીને તે હરિપ્રસાદજી દ્વારે કરીને પ્રેમવતી માતાના ગર્ભને વિષે આવ્યા. તે મનુષ્યભાવને દસ માસ વીતે પ્રથમ જન્મ સમયે પોતાનાં માતા-પિતાને શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન શ્રીહરિએ દીધું – એ દિવ્યભાવ. અને શ્રીહરિ જે તે દિવ્ય સ્વરૂપે રહી જે ધર્મદેવની દ્વાદશ પત્નીઓ તેમનું દ્વાદશ મૂર્તિઓ ધરીને સર્વનું સાથે સ્તનનું પય પીતા હવા.

અને શ્રીહરિ જ્યારે અયોધ્યાપુરીમાં રહ્યા હતા ત્યારે પોતે એક મૂર્તિ થકા જેટલાં રામચંદ્રજીનાં મંદિર છે, તેટલી મૂર્તિઓ ધરીને આરતી સમે સર્વે મંદિરમાં રહી જે રામચંદ્રની પ્રતિમાઓ તેનાં સાથે દર્શન કરે (છે); એમ કેટલાક મનુષ્યને દર્શન થાય. અને શ્રીહરિ જે તે પોતાની ભક્તિમાતાને અંત સમે શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને શ્રીહરિ જે તે પોતાના પિતા જે ધર્મદેવ તેમને શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને શ્રીહરિ જે તે પુલહાશ્રમને વિષે રહ્યા જે સર્વે સિદ્ધ તેમને દિવ્યરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને શ્રીહરિ જે તે ગોપાળયોગીને શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન દેતા હવા.

અને શ્રીહરિ જે તે નવલખાપર્વતને વિષે રહ્યા જે નવલાખ સિદ્ધ, તે સર્વેને સરખું સુખ આપવાને અર્થે પોતે એક મૂર્તિ થકા તેટલી (નવલાખ) મૂર્તિઓ ધરીને તે સર્વેને સાથે પોતાનું દર્શન દેતા હવા.

અને શ્રીહરિ જે તે જગન્નાથપુરીને વિષે જગન્નાથજીની પ્રતિમાને વિશે પ્રવેશ કરીને પૂજારીનો છળકપટ જોતા હવા. અને શ્રીહરિ જે તે પૂર્તકર્મોચ્છવને[1] વિષે સર્વે વિપ્રને માંગરોળમાં ચતુર્ભુજ વિષ્ણુરૂપે પોતાનું દર્શન દેતા હવા.

અને શ્રીહરિ જે તે રામાનંદસ્વામીના આશ્રિત જે સર્વે સાધુ-સત્સંગી તેમને જન્માષ્ટમીના ઉત્સવ ઉપર શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને શ્રીહરિ જે તે સ્વરૂપાનંદ સ્વામીને ચતુર્વ્યૂહરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને શ્રીહરિ જે તે સંતદાસજીને શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન દેતા હવા.


अनेतेश्रीहरिजेतेव्यापकानंदस्वामिनेअनंतब्रह्मांडदेखाड
ताहवा।अनेवलिश्रीहरिनिमूर्त्तिनेविषेसर्वेअवतारलिनथयातेनेव्यापकानंद
स्वामिदेखताहवा

અને તે શ્રીહરિ જે તે વ્યાપકાનંદસ્વામીને અનંત બ્રહ્માંડ દેખાડતા હવા. અને વળી શ્રીહરિની મૂર્તિને વિષે સર્વે અવતાર લીન થયા, તેને વ્યાપકાનંદસ્વામી દેખતા હવા.

અને શ્રીહરિ જે તે રામાનંદસ્વામી પાસે આવ્યા મોર વૃંદાવનમાં રામાનંદસ્વામીને શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન દેતા

૧.માંગરોળની વાવ ગાળવાનું કામ પૂરું થયું તે નિમિત્તેના ઉત્સવને.

હવા. અને શ્રીહરિ જે તે શતાનંદમુનિને સમાધિને વિષે નરનારાયણ ને લક્ષ્મીનારાયણ એ આદિક જે સર્વે ધામની મૂર્તિઓ તે રૂપે પોતાનું દર્શન દેતા હવા.

અને નરાકૃતિ એવા જે શ્રીહરિ તે સમાધિએ કરીને કેટલાક મનુષ્યને તો ગોલોકને મધ્યે જે અક્ષરધામ, તેને વિષે લક્ષ્મી, રાધિકા ને શ્રીદામાદિક પાર્ષદે સહિત શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો વૈકુંઠલોકને વિષે લક્ષ્મી ને નંદ-સુનંદાદિક પાર્ષદે સહિત વિષ્ણુરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો શ્વેતદ્વીપને વિષે નિરન્નમુક્તે સહિત મહાપુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો અવ્યાકૃતધામને વિષે લક્ષ્મી આદિક શક્તિઓ અને પાર્ષદે સહિત ભૂમાપુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો બદરિકાશ્રમને વિષે મુનિઓએ સહિત નરનારાયણરૂપે પોતાનું દર્શન દેતા હવા.

ને કેટલાકને તો ક્ષીરસમુદ્રને વિષે લક્ષ્મી ને શેષનાગે સહિત યોગેશ્વરરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને સૂર્યના મંડળને વિષે હિરણ્યમય પુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો અગ્નિમંડળને વિષે યજ્ઞપુરુષરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો પ્રણવના જે નાદ તેને તત્કાળ સંભળાવતા હવા. અને કેટલાકને તો કોટિ કોટિ સૂર્ય સરખું જે પોતાનું તેજ તેને દેખાડતા હવા.

અને કેટલાકને તો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ થકી પર ને સચ્ચિદાનંદ છે લક્ષણ જેનું ને દૃષ્ટા છે નામ જેનું એવું જે બ્રહ્મ, તે રૂપે પોતાનું દર્શન દેતા હવા. અને કેટલાકને તો બ્રહ્માંડના આધાર ને પુરુષસૂક્તને વિષે કહ્યા એવા જે વિરાટપુરુષ, તે રૂપે પોતાનું દર્શન દેતા હવા.

અને ક્યારેક તો સોએ સો ગાઉને છેટે રહ્યા એવા જે પોતાના ભક્ત તેમને પ્રત્યક્ષ પ્રમાણ પોતાનું દર્શન દેતા હવા. અને ક્યારેક તો દેહત્યાગને કરતા એવા જે પોતાના ભક્ત, તેમને પોતાના ધામ પ્રત્યે લેઈ જાવાને ઇચ્છતા થકા ત્યાં પોતે આવીને તે ભક્તના ગામને વિષે રહ્યા એવા જે બીજા ભક્ત અથવા અભક્ત તેમને પણ પોતાનું સાક્ષાત્ દર્શન દેતા હવા.

એવા જે શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિ તેમનો એવો અલૌકિક પ્રતાપ તેને દેખીને ઘણાક જે મતવાદી તે શ્રીહરિ સંઘાથે વિવાદ કરવા આવ્યા, પણ વાદે કરીને શ્રીહરિને જીતવાને કાજે કોઈ સમર્થ ન થયા. પછી તે સર્વે મતવાદી જે તે શ્રીહરિનાં અલૌકિક ઐશ્વર્ય-પ્રતાપને દેખીને ને નમસ્કાર કરીને બોલ્યા જે, “હે હરે ! તમે તો પરમેશ્વર છો માટે અમારા જે જે ઈષ્ટદેવ છે તેનાં દર્શન અમને કૃપા કરીને કરાવો.” એવી રીતે જે તેમનું પ્રાર્થનાવચન તેને સાંભળીને, તે સર્વને બેસારીને પોતાને પ્રતાપે કરીને તેમને તત્કાળ સમાધિ કરાવતા હવા.

પછી તે સર્વે જે તે શ્રીહરિને દર્શનમાત્રે કરીને ખેંચાઈ ગયાં છે નાડી-પ્રાણ જેમનાં, એવા થકા પોતપોતાના હૃદયને વિષે પોતાના ઈષ્ટદેવરૂપે હરિકૃષ્ણનારાયણને દેખતા હવા.

તેમાં જે વલ્લભકુળને આશ્રિત એવા વૈષ્ણવ હતા તથા નિમાનંદી હતા તથા માધ્વી સંપ્રદાયના હતા, એ ત્રણ તો ગોપીના ગણે[૧] વીંટાણા ને વૃંદાવનને વિષે રહ્યા ને બાળલીલાએ કરીને મનોહર મૂર્તિ એવા જે શ્રીકૃષ્ણ તે રૂપે દેખતા હવા. અને જે રામાનુજ સંપ્રદાયના હતા તે તો નંદ, સુનંદ, વિશ્વકસેન ને ગરુડાદિક પાર્ષદે સહિત લક્ષ્મીનારાયણ રૂપે દેખતા હવા. અને જે રામાનંદી હતા તે તો સીતા, લક્ષ્મણ ને હનુમાને જુક્ત થકા દિવ્ય સિંહાસન ઉપર બેઠા એવા જે શ્રીરામચંદ્રજી તે રૂપે દેખતા હવા. અને જે શંકરાચાર્યના મતવાળા હતા તે તો બ્રહ્મજ્યોતિરૂપે દેખતા હવા. અને જે શૈવી હતા તે તો પાર્વતી ને પ્રમથગણે[૨] સહિત જે શિવજી તે રૂપે દેખતા હવા. અને જે સૂર્યના ઉપાસક હતા તે તો સૂર્યના મંડળને વિષે રહ્યા જે હિરણ્યમય પુરુષ તે રૂપે દેખતા હવા. અને જે ગણપતિના ઉપાસક હતા તે તો મહાગણપતિ રૂપે દેખતા હવા. અને જે દેવીના ઉપાસક હતા તે તો દેવીરૂપે દેખતા હવા. અને જે જૈન હતા તે તો તીર્થંકરરૂપે દેખતા હવા. અને જે યવન હતા તે તો પીગાંબરરૂપે દેખતા હવા.

૧.સમૂહથી. ૨.પ્રમથ નામના સેવકના સમૂહે.

અને એવી રીતે સમાધિએ કરીને પોતપોતાના ઈષ્ટદેવરૂપે શ્રીસહજાનંદસ્વામી હરિકૃષ્ણ તેમને જોઈને, ને સર્વેના કારણ જાણીને, ને પોત પોતાના મતનો ને ગુરુનો ત્યાગ કરીને શ્રીહરિનો દૃઢ આશ્રય કરીને પ્રગટ પ્રમાણ શ્રીહરિનું ભજન કરતા હવા. અને શ્રીહરિને વિષે સર્વે અવતાર લીન થયા, તેને પર્વતભાઈ દેખતા હવા. અને શ્રીહરિ જે તે પોતાના જેટલા પૂર્વે અવતાર થઈ ગયા ને હજી આગળ થાશે, તે સર્વે રૂપે મૂળજીભક્તને પોતાનું દર્શન દેતા હવા.

અને શ્રીહરિ જે તે મયારામ ભટની માતાને દિવ્ય સ્વરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને શ્રીહરિ જે તે કાશીદાસને રામચંદ્રજી રૂપે પોતાનું દર્શન દેતા હવા. અને શ્રીહરિ જે તે દ્વારકાને વિષે સચ્ચિદાનંદસ્વામીને શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન દેતા હવા. ને શ્રીહરિ જે તે વટપત્તનને વિષે પોતાના ભક્તને સમાધિને વિષે અષ્ટપટરાણીએ સહિત શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન દેતા હવા.

અને શ્રીહરિ જે તે પોતાના ભક્તને કેશવાદિક ચોવીસ મૂર્તિઓ રૂપે પોતાનું દર્શન દેતા હવા. અને શ્રીહરિ જે તે પોતાના ભક્તને સમાધિને વિષે દશ અવતારરૂપે પોતાનું દર્શન દેતા હવા. અને શ્રીહરિ જે તે દુર્ગપુરને વિષે ફૂલડોલના ઉત્સવ પર શ્રીહરિને દર્શને આવ્યા જે સર્વે સાધુ, સત્સંગી

ને બ્રહ્માદિકદેવ ને વૈકુંઠાદિક ધામોના પાર્ષદ—એ સર્વે સાથે પોતે એક મૂર્તિ થકા તેટલી મૂર્તિઓ ધરીને પતંગ[૧], ગુલાલ તે વડે કરીને પોતે રમતા હવા.

અને શ્રીહરિએ એક સમે દેશ દેશને વિશે વિચરતા એવા જે પોતાના સાધુ તથા દેશ દેશને વિશે રહ્યા એવા જે પોતાના સત્સંગી તેમને અસુરે ઉપદ્રવને પમાડ્યા, તે સમયે પોતે એક મૂર્તિ થકા તેટલી મૂર્તિઓ ધરીને અસુરના ભય થકી તે સર્વેની સાથે સાંત્વના કરતા હવા.


અને શ્રીહરિ જે તે મોટા મોટા સમૈયાને વિશે તથા મોટા મોટા મહારુદ્રને વિષે હજારો ભક્ત અથવા અભક્ત પોતાને (એક) સાથે પ્રશ્ન પૂછે, ત્યારે પોતે એક મૂર્તિ થકા તેટલી મૂર્તિઓ ધરીને તે સર્વેને સાથે ઉત્તર આપે. તથા હજારો ભક્ત શ્રીહરિની સાથે પૂજા કરવા આવે, ત્યારે શ્રીહરિ પણ તે સમે પોતે એક મૂર્તિ થકા તેટલી મૂર્તિઓ ધરીને તે સર્વેની સાથે પૂજા ગ્રહણ કરે; એમ સર્વેને દર્શન થાય.

અને શ્રીહરિને દર્શનમાત્રે કરીને અનંત જીવના ચિત્તનો નિરોધ થઈ જાય. અને શ્રીહરિની મૂર્તિને તેજના મંડળને વિશે અનંત મુક્તે સેવી થકી પોતાના ભક્ત સમાધિને વિશે સદા દેખે છે. અને શ્રીહરિએ વચનામૃતમાં[૨] કહ્યું છે જે, 'અમે અહીં બેઠા થકા તેજના મંડળને વિશે અનંત મુક્તે વીંટાણા

૧.એક પ્રકારનો કાચો રંગ. ૨.ગ.મ.૧૩માં.

થકા સદા બેઠા છીએ, પણ આ ગઢડું શહેર કે ઓસરી તે કાંઈ દેખાતું નથી.'

અને શ્રીહરિ જે તે જન્મ ધર્યા મોર વૃંદાવનમાં ધર્મદેવ ને મરિચ્યાદિક ઋષિ, તેમને શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન દઈને, તેને પોતે વર દેતા હવા.


अनेश्रीहरिजेतेपोतानाभक्तद्वारेतथापोतानिप्रतिष्ठानेकरेलीजेगो
पिनाथआदिकप्रतिमाउतेद्वारेकरिनेअनंतमनुष्यनेदिव्यभावजणाव्योनेहजी
जणावेछेअनेहरिकृष्णनिमूर्त्तिनेविषेसर्वेपोतानाअवतारनिमूर्त्तियोतथावैकुं
ठादिकधामनिमूर्त्तियोलीनथायपणहरिकृष्णनिमूर्त्तिबिजापोतानाअवता
रनेविषेकोटिकोटीउपायेकरिनेपणलीननथायएमकोईकपोतानाभक्तने
पोतेसमाधिमांदेखाडे

અને શ્રીહરિ જે તે પોતાના ભક્ત દ્વારે તથા પોતાની પ્રતિષ્ઠાને કરેલી જે ગોપીનાથ આદિક પ્રતિમાઓ, તે દ્વારે કરીને અનંત મનુષ્યને દિવ્યભાવ જણાવ્યો; ને હજી જણાવે છે. અને હરિકૃષ્ણની મૂર્તિને વિશે સર્વે પોતાના અવતારની મૂર્તિઓ તથા વૈકુંઠાદિક ધામની મૂર્તિઓ લીન થાય, પણ હરિકૃષ્ણની મૂર્તિ બીજા પોતાના અવતારને વિશે કોટિ કોટિ ઉપાયે કરીને પણ લીન ન થાય; એમ કોઈક પોતાના ભક્તને પોતે સમાધિમાં દેખાડે.

અને શ્રીહરિએ પોતાના ભક્તને દેવ, દૈત્ય, અગ્નિ, જળ, જમ એ આદિક જે જે થકી સંકટ આવ્યા, તેને એકરૂપે પોતે રહ્યા થકા અનેક રૂપે કરીને તેમની પોતાને પ્રતાપે કરીને

પોતે રક્ષા કરી; ને હજી કરે છે. અને શ્રીહરિને મારવા સારુ આવ્યા જે કોટરા આદિક બાલગ્રહ તથા કૃત્યાઓ, તેને પોતાની દૃષ્ટિમાત્રે કરીને શ્રીહરિ જે તે બાળીને ભગાવી દેતા હવા.

અને શ્રીહરિના ગુણ માર્કંડેય ઋષિએ ધર્મદેવ પ્રત્યે કહ્યા છે જે, 'આ તમારા પુત્ર કૃષ્ણ, હરિકૃષ્ણ એ આદિક ઘણાંક નામે જુક્ત થાશે; તથા બીજા પણ અનંત કલ્યાણકારી દિવ્ય ગુણે જુક્ત થાશે.'

અને શ્રીહરિએ સદ્ધર્મ ને સાધુ તેમને પીડનારા એવા જે માયાવી કાલીદત્ત ને પીબેક આદિક હજારો અસુર, તેને જીતી પરાજય કરીને સદ્ધર્મ ને સાધુ તેમની રક્ષા કરી. અને શ્રીહરિએ દેવ, દૈત્ય ને મનુષ્ય તેમણે દુઃખે કરીને પણ ન જિતાય એવા જે મહાબળિયા સર્વે કામાદિક અંતરશત્રુ, તેને સહજમાં જીતી લઈને આજ હળાહળ કળિમાં સત્યયુગના જેવા ધર્મ સ્થાપન કર્યા.

અને શ્રીહરિએ બાલચરિત્ર કર્યાં તથા વનને વિષે વિચર્યા; ત્યાં અનંત જીવોનાં કલ્યાણ કર્યાં. તથા દેવ, મનુષ્ય કોઈએ ન થાય એવું શ્રીહરિએ મહાભારે તપ કર્યું. તથા શ્રીહરિએ સર્વે તીર્થ કર્યાં; તેમાં અપાર મનુષ્યને દર્શનદાન દઈને તેમને ભવના બંધનથી છોડાવ્યા; તથા તે તીર્થોને વિષે અધર્મ રહ્યો હતો તેને ટાળીને ધર્મનું સ્થાપન કર્યું. અને શ્રીહરિએ સત્શાસ્ત્રને વચને કરીને પાખંડી ગુરુમાત્ર તેમને

જીતીને, તે થકી અનંત શુદ્ધ મુમુક્ષુ જીવને મુકાવીને તેમનાં કલ્યાણ કર્યાં.

અને શ્રીહરિએ સદ્ધર્મ ને સત્ઉપાસના, તેનું સ્થાપન કરીને તેની રક્ષા કરવાને અર્થે આચાર્ય તેમનું સ્થાપન કર્યું. અને શ્રીહરિએ અનંત પોતાના ભક્તને પોતાને પ્રતાપે કરીને સિદ્ધદશા આપી. અને કેટલાક પોતાના ભક્તને જીવ, ઈશ્વર, અક્ષર ને અક્ષરાતીત હરિકૃષ્ણ ભગવાન; એ સર્વેના જેવા પૃથક્ પૃથક્ સ્વરૂપ છે તેવા યથાર્થ જાણે ને દેખે એવું જ્ઞાન આપ્યું. અને કેટલાકને તો સત્શાસ્ત્રનું રહસ્ય-તત્ત્વ તેને યથાર્થ જાણે એવું જ્ઞાન આપ્યું.

અને કેટલાકને તો ભારે ભારે યોગની કળાઓ શીખવી. તથા શ્રીહરિએ પોતાના સ્વરૂપ સંબંધી ભારે ભારે બ્રહ્મવિદ્યા સંબંધી જ્ઞાનવાર્તાઓ કરીને પોતાના ભક્તના સંશય છેદ્યા. તથા એકાંતિકધર્મનું સ્થાપન કર્યું. તથા અહિંસામય યજ્ઞનું પ્રતિપાદન કર્યું. તથા ધર્મે સહિત ભગવાનની ભક્તિ કરવી તેનું સ્થાપન કર્યું.

તથા ભૃગુનંદીના શાપ થકી અનંત મનુષ્યને મુકાવીને તેમનાં કલ્યાણ કર્યાં. અને શ્રીહરિએ વેદ, સાંખ્ય, યોગાદિક સત્શાસ્ત્ર તેનાં રહસ્ય સંબંધી જ્ઞાનવાર્તાઓ કરી. અને ધર્મ, ભક્તિ ને મરિચ્યાદિક ઋષિ તેમને દુર્વાસાના શાપ થકી મુકાવ્યા. અને શ્રીહરિએ મોટાં મોટાં સદાવ્રત બાંધ્યાં, તથા

મોટા મોટા ઉત્સવ કર્યા, તથા મોટા મોટા મહારુદ્ર કર્યા, તથા મોટાં મોટાં મંદિર કરાવ્યાં, તથા મોટા મોટા સમૈયા કર્યા; ત્યાં જે જે જિજ્ઞાસુ જીવ આવ્યા, તે સર્વેને પોતાનાં સ્વરૂપનું દર્શન-જ્ઞાન દઈને તેમનાં કલ્યાણ કર્યાં.

અને દેવ, દૈત્ય ને મનુષ્ય તેમણે દુઃખે કરીને પણ ન જિતાય એવા જે મન ને ઇન્દ્રિયો, તેને શ્રીહરિને પ્રતાપે કરીને શ્રીહરિના ભક્તે સહજમાં જીતી લીધાં. અને શ્રીહરિએ વૈરાગ્યે સહિત જીવાત્મા ને પરમાત્માનું જ્ઞાન પ્રતિપાદન કર્યું. તથા બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે સદા દિવ્ય સાકાર સ્વરૂપ હરિકૃષ્ણ, તેમની ભક્તિએ સહિત ઉપાસના દૃઢ કરાવી ને તેનું સ્થાપન કર્યું. અને શ્રીહરિએ પોતાને પ્રતાપે કરીને જેવા તેવા અનંત જીવોને કામ-ક્રોધાદિક જે શત્રુ, તે થકી મુકાવીને પરમ ભાગવત સાધુ કર્યા.

એવી રીતનાં પ્રથમ કહ્યાં જે તરે તરેનાં અનેક દિવ્ય ચરિત્ર અને તે પછી કહ્યા જે તરે તરેના અનેક દિવ્ય ગુણ, તે મનુષ્યની રીતે વર્તતા એવા જે એ હરિકૃષ્ણ નારાયણ તેમને વિષે છે. તે માટે મનુષ્યાકૃતિ હરિકૃષ્ણ નારાયણ છે, તેના તે જ સમગ્ર પોતાનું સર્વોપરી નિરંકુશ દિવ્ય ઐશ્વર્ય સોતા દિવ્યમૂર્તિ છે; એમ હરિના એકાંતિક જ્ઞાની ભક્ત કહે છે.

તે માટે એ દિવ્ય મૂર્તિ ને નરાકૃતિ શ્રીહરિની મૂર્તિ તે બેય એક જ છે, પણ એમાં કિંચિત્માત્ર ભેદ નથી; અને જે

ભેદ સમજે છે તે અજ્ઞાની છે. ને અનેક રૂપે જણાતા થકા એક જ રૂપે જાણે(જણાય) છે ને એક રૂપે રહ્યા થકા અનેક રૂપે જણાય છે. અને મનુષ્યાકૃતિ છે તેના તે જ સદા દિવ્ય મૂર્તિ છે; એમ જે જાણે છે તે જ્ઞાની છે.

અને જેમ બલિરાજાએ પ્રથમ નાના વામનરૂપે ભગવાનને દીઠા, ને પછી તેના તે જ વૈરાજરૂપે દીઠા, ને વળી તેના તે જ પાછા નાના વામનરૂપે દીઠા. અને જ્યારે અગ્નિને અજીરણ થયું હતું ત્યારે મોટું પેટ ને દાઢી ને કેશ તે પીળા; એવો થકો બ્રાહ્મણને વેશે મૂર્તિમાન અગ્નિદેવ શ્રીકૃષ્ણ ને અર્જુન પાસે આવ્યો, ને ઈન્દ્રનું ખાંડવ વન બાળવાને અર્થે પ્રાર્થના કરી. પછી ભગવાને આજ્ઞા કરી ત્યારે તે જ અગ્નિ જ્વાળારૂપે થઈને ઈન્દ્રના સમગ્ર વનમાં વ્યાપ્યો ને સમગ્ર વનને બાળીને પછી પ્રથમની પેઠે બ્રાહ્મણને વેશે મૂર્તિમાન અગ્નિ ભગવાનની પાસે આવ્યો. તેમ અનંત યોગકળાના નિધિ ને નરાકૃતિ એવા એ શ્રીહરિકૃષ્ણ ભગવાન છે; તેના તે જ સદા દિવ્ય મૂર્તિ છે એમ જાણવું.

અને અનંત દિવ્ય શક્તિએ જુક્ત દિવ્યમૂર્તિ એ શ્રીહરિકૃષ્ણ ભગવાન છે. તેમણે જ નરનાટક દેહ જીવોનાં કલ્યાણને અર્થે ધર્યો છે. તે સારુ એ હરિકૃષ્ણ ભગવાનનાં જે જન્મ ને કર્મ તે દિવ્ય છે એમ જાણવું. અને હરિકૃષ્ણ ભગવાનનો પ્રેમવતીજી થકી જે જન્મ તે તો કથનમાત્ર છે.

અને એ હરિકૃષ્ણ ભગવાન જ્યારે અસુર વિમોહની લીલા, તેને વિસ્તારીને પોતાની ઈચ્છાએ કરીને પોતાનો જે મનુષ્યભાવ, તેને પોતાના દિવ્યભાવને વિષે સંયોગીને પોતે તિરોધાન થયા. તે સમાને વિષે આકાશમાર્ગે અનંત વેમાન લઈને શ્રીહરિને તેડવાને આવ્યા જે અક્ષરધામના પોતાના દિવ્ય પાર્ષદ, તે નાના પ્રકારની શ્રીહરિની પૂજા કરવાને અર્થે દિવ્ય પૂજાની સામગ્રી લાવ્યા હતા; તેણે કરીને શ્રીહરિની અતિ હર્ષે પૂજા-સ્તુતિ કરી. ને તે પછી શ્રીહરિને તેડીને વેમાનમાં બેસાર્યા; ને પછી પોતે પોતાના પાર્ષદ સોતા પોતાના અક્ષરધામમાં પધાર્યા.

તે વારે નભમાર્ગે બ્રહ્માદિક દેવ તેમણે આવીને અતિ હર્ષે કરીને શ્રીહરિનાં દર્શન-સ્તુતિ તથા વાજિંત્ર વજાડીને પૂજા કરી. તે સમે આકાશને વિષે વાજિંત્રોનો તથા જય જયકાર એવા શબ્દનો મોટો ઘોષ સંભળાતો હવો. તથા તે સમાને વિષે પૃથ્વીને વિષે ચંદન-પુષ્પની બહુ વૃષ્ટિ થાતી હવી. તથા તે સમે અનંત શ્રીહરિના જે અહીંના ભક્તજન હતા, તે શ્રીહરિને વિષે અતિ સ્નેહ, તેને પરવશ થકા સમાધિએ કરીને પોતે પોતાના દેહનો ત્યાગ કરીને શ્રીહરિની સાથે અક્ષરધામમાં ગયા. તેમને શ્રીહરિએ પોતાને પ્રતાપે કરીને જેટલા હરિભક્ત હતા તેટલી મૂર્તિઓ ધરીને પાછા દેહમાં લાવીને બલાત્કારે આજ્ઞાયે કરીને તે સર્વેને રાખ્યા; ને પોતે

પણ પોતાના ભક્તજન પાસે સ્નેહરૂપી દોરડીએ બંધાણા થકા નિરંતર તેમને પોતાનું દર્શન દેતા થકા પોતાના અક્ષરધામને વિષે અનંતકોટી મુક્ત તેમણે સેવ્યા થકા રહ્યા છે. એવું જે શ્રીહરિકૃષ્ણનું તે સમાનું અનંત પ્રકારનું દિવ્ય ઐશ્વર્ય; તેને સદ્ગુરુ ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી ને શુકમુનિ—એ આદિક જે શ્રીહરિની સેવામાં હતા તે પ્રત્યક્ષ પ્રમાણ દેખતા હવા.


અને એ ભગવાનને જે મૂઢ જીવ છે, તે માયિક દષ્ટિએ કરીને જૂવે છે ત્યારે પોતાના જેવા મનુષ્ય દેખે છે; ને જેમ પોતે જન્મ્યા હોય, બાળક થાય, જુવાન થાય, વૃદ્ધ થાય ને મરી જાય તેમ જ ભગવાનને પણ જાણે છે. અને જ્યારે એની માયિક દષ્ટિ મટે ત્યારે એની એ જે ભગવાનની મૂર્તિ તેને પરમ ચૈતન્યરૂપ સત્-ચિદ્-આનંદમય જાણે.

અને એ ભગવાનને વિષે જે બાળક-જુવાન-વૃદ્ધપણું દેખાય છે તથા જન્મ-મરણપણું દેખાય છે, તે તો એની જોગમાયાએ કરીને દેખાય છે; પણ વસ્તુગત્યે તો ભગવાન જેવા છે તેવા જ છે. જેમ નટવિદ્યાવાળા હોય તે શસ્ત્ર બાંધીને આકાશમાં ઈન્દ્રના જોધા[1] સાથે વઢવા[2] જાય, પછી કટકા થઈને હેઠો પડે અને તે પછી કટકાને ભેગા કરીને તે નટની સ્ત્રી બળી મરે. પછી થોડીવારે તે નટ પાછો આકાશમાંથી હથિયાર બાંધીને જેવો હતો તેવો જ આવે, ને તે રાજા પાસે

૧.સૈનિક. ૨.લડવા.

મોજ માંગે ને કહે જે, 'મારી સ્ત્રી લાવો.' એવી રીતની જે નટની માયા તે પણ કળ્યામાં કોઈને આવતી નથી, તો ભગવાનની જોગમાયા કળ્યામાં કેમ આવે ? અને જે નટની માયાને જાણતો હોય એ તો એમ જાણે જે, 'એ નટ મર્યો પણ નથી ને બળ્યો પણ નથી, જેવો છે તેવો ને તેવો જ છે.'

તેમ એ હરિકૃષ્ણનારાયણના સ્વરૂપને જે તત્ત્વે કરીને જેમ છે તેમ યથાર્થ સમજે છે, તે તો એ ભગવાનને પરમ સત્ય સ્વરૂપ, જેવા આત્યંતિકપ્રલયને અંતે અક્ષરધામને વિષે અનંત ઐશ્વર્ય તેજે જુક્ત અખંડ અવિનાશી છે, તેવા ને તેવા જ પ્રત્યક્ષ હરિકૃષ્ણના સ્વરૂપને સમજે છે; પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશ ભેદ સમજતા નથી.


।एवाजेसदादिव्यविग्रहमूर्त्तिनेसर्वेदोषेरहितनेसर्वऐश्वर्यसंपन्ननेसर्वना
कारणएहरिक्रष्णपुरुषोत्तमतेनिमूर्त्तिनेविषेसाकरनानालियेरनीपेठेत्याग
भागसमजवोनहिनेजेविमूर्त्तिदिठिहोयतेनुंजध्यानउपासनाभक्तिकरवीपण
तेथिकांईपृथकनसमजवुंनेभगवाननेविषेदेहभावजणायछेतेतोनटनिमा
यानिपेठेसमजवुं॥

એવા જે સદા દિવ્ય વિગ્રહ મૂર્તિ ને સર્વે દોષે રહિત ને સર્વ ઐશ્વર્ય સંપન્ન ને સર્વના કારણ એ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેની મૂર્તિને વિષે સાકરના નાળિયેરની પેઠે ત્યાગ-ભાગ સમજવો નહિ; ને જેવી મૂર્તિ દીઠી હોય તેનું જ ધ્યાન-ઉપાસના, ભક્તિ કરવી, પણ તેથી કાંઈ પૃથક ન સમજવું. ને ભગવાનને વિષે દેહભાવ જણાય છે, તે તો નટની માયાની

પેઠે સમજવું.

અને કોઈ એમ કહેશે જે, શ્રુતિમાં એમ કહ્યું છે જે, ‘પરમેશ્વર તો કરચરણાદિકે રહિત છે ને સર્વત્ર પૂરણ છે.’ તો એ શ્રુતિએ કરચરણાદિકનો જે નિષેધ કર્યો છે, તે તો માયિક કરચરણાદિકનો નિષેધ કર્યો છે; ને ભગવાનનો આકાર છે તે તો સદા દિવ્ય છે પણ માયિક નથી. તે જ્યારે આત્યંતિક પ્રલય હતો ત્યારે શ્રુતિએ એમ કહ્યું છે જે, **‘स ऐक्षत’** કહેતાં ‘તે ભગવાન જે તે જોતા હવા.’ ત્યારે જો જોયું તો એ ભગવાનનું નેત્ર-શ્રોત્રાદિ અવયવે સહિત સાકાર એવું દિવ્ય સ્વરૂપ હતું જ; તે સારુ એ ભગવાન તો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી. ને જીવનાં કલ્યાણનું અસાધારણ સાધન પણ એ જ છે જે, એ હરિકૃષ્ણ પુરુષોત્તમને બ્રહ્મજ્યોતિના સમૂહને વિશે અનાદિ દિવ્ય સાકારમૂર્તિ સમજવા ને તેના જ સર્વે અવતાર છે.

માટે ગમે તેટલાં વેદ, ઉપનિષદ ને પુરાણ તેનું શ્રવણ થાય, ને તેમાં નિરાકારપણા જેવું સાંભળ્યામાં આવે તોપણ એમ જાણે જે, કાં તો આપણને એ શાસ્ત્રનો અર્થ સમજાતો નથી ને કાં તો એમાં કેમ કહ્યું હશે ! પણ એ હરિકૃષ્ણ ભગવાન તો સદા સાકાર જ છે. ને જો સાકાર ન સમજે તો તેની ઉપાસના દૃઢ ન કહેવાય. ને સાકાર ન હોય તેને વિષે આકાશની પેઠે કર્તાપણું ન કહેવાય તથા એક દેશને વિષે

રહેવાપણું ન કહેવાય; માટે ભગવાન તો સદા સાકાર જ છે પણ નિરાકાર નથી. કાં જે, ભગવાન થકી જ અનેક કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય થાય છે. તે જો ભગવાન નિરાકાર હોય તો તે થકી સાકાર સૃષ્ટિ તે કેમ થાય ? ને જેમ આકાશ નિરાકાર છે તો તે થકી જેવા પૃથ્વી થકી ઘટાદિક આકાર થાય છે તેવા થાતા નથી; તેમ બ્રહ્માદિક જે સૃષ્ટિ તે સાકાર છે તો તેના કરનારા જે એ હરિકૃષ્ણ પુરુષોત્તમ તે સદા સાકાર જ છે.

ને શાસ્ત્રમાં જે શબ્દછળ છે તે ભગવાનના એકાંતિક જ્ઞાની ભક્ત વિના બીજાને તો કોટિ શાસ્ત્ર ભણે પણ સમજાતા નથી. તે કિયા શબ્દછળ ? તો જે, 'ભગવાન અરૂપ છે, જ્યોતિ સ્વરૂપ છે, નિર્ગુણ છે, ને સર્વત્ર વ્યાપક છે' – એવાં વચન સાંભળીને મૂર્ખ હોય તે એમ જાણે જે, 'શાસ્ત્રમાં ભગવાનને અરૂપ જ કહ્યા છે.' ને જે ભગવાનના એકાંતિક જ્ઞાની ભક્ત હોય તે એમ જાણે જે, 'શાસ્ત્રમાં ભગવાનને જે અરૂપ ને નિર્ગુણ કહ્યા છે, તે તો માયિક એવા જે રૂપ ને ગુણ તેના નિષેધને અર્થે કહ્યા છે, પણ ભગવાન તો ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય–સર્વકાળને વિષે માયિક પદાર્થની પેઠે વિકારને પામતા નથી; એ તો સદા દિવ્ય વિગ્રહ મૂર્તિ રહે છે; ને અનંત કલ્યાણ ગુણે જુક્ત છે. ને તેજપૂંજ કહ્યા છે, તે તો મૂર્તિ વિના તેજ હોય નહિ; માટે એ તેજ તે મૂર્તિનું જ છે.'

માટે ગમે તેવાં શાસ્ત્ર વંચાતા હોય ને તેમાં ભગવાનનું નિર્ગુણપણે કરીને પ્રતિપાદન આવે, તે ઠેકાણે એમ જાણવું જે, 'એ ભગવાનની મૂર્તિનો મહિમા કહ્યો છે, પણ ભગવાન તો સદા મૂર્તિમાન જ છે.' તે કહ્યું છે જે, **'पुरुषेणात्मभूतेन वीर्यमाधत्त वीर्यवान्'** એવી રીતે પુરુષરૂપે થઈને પુરુષોત્તમ તેણે માયાને વિષે વીર્યને[1] ધારણ કર્યું ત્યારે એ ભગવાન પ્રથમ જ સાકારમૂર્તિ હતા. એવા જે સદા દિવ્ય સાકારરૂપ એ હરિકૃષ્ણ પુરુષોત્તમ તે પોતાને ઐશ્વર્યે કરીને સર્વોપરી વર્તે છે. તેને ને બીજા અક્ષરાદિકને જે સરખા કહે છે, તથા એ ભગવાનને જે નિરાકાર કહે છે, તેને દુષ્ટ મતવાળા-પાપી જાણવા. ને એવી રીતની સમજણવાળાનાં દર્શન કરીએ તો પંચ મહાપાપ થાય.

અને એ પુરુષોત્તમનારાયણને લઈને નારદ-સનકાદિક જેવાને ભગવાન કહેવાય ને નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય; તો બીજાની શી વાત કહેવી ? ને **'अपरिमिता ध्रुवास्तनुभृतो यदि सर्वगताः'** એ વેદ-સ્તુતિના ગદ્યનો પણ એ જ અર્થ છે જે, 'એ નારાયણ જેવા તો એક નારાયણ છે, પણ બીજો કોઈ એ જેવો થાતો નથી.' અને **'एकमेवाद्वितीयं ब्रह्म'** એ શ્રુતિનો પણ એ જ અર્થ છે જે, 'એ હરિકૃષ્ણ પુરુષોત્તમનારાયણ જેવા તો એ એક નારાયણ છે.' એમ સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે.

૧.સૃષ્ટિ કરવાના સામર્થ્યને.

અને એવા જે એ હરિકૃષ્ણ પુરુષોત્તમ તે પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા છે. તે જ જાણવા યોગ્ય, ભજવા યોગ્ય ને પામવા યોગ્ય છે. અને તે જ ભગવાન જે તે શ્વેતદ્વીપવાસી જે અનંત નિરન્નમુક્ત તેમને પાંચ વખત પોતાનું દર્શન આપે છે. તથા વૈકુંઠલોકને વિષે તે જ ભગવાન ચતુર્ભુજ મૂર્તિ થકા લક્ષ્મીએ સહિત છે. અને તે જ ભગવાન રામ-કૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે અને વાસુદેવાદિક ચતુર્વ્યૂહરૂપે વર્તે છે.

એવા જે સદા દિવ્ય સાકાર મૂર્તિ એ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેમનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ, વિભૂતિ ને લીલા—તેમનો નિર્ણય છે જે, અનવધિકાતિશય આનંદમય એવું જે અક્ષરપર પોતાને ગમતું સ્વરૂપ ને માયિક ઈન્દ્રિયોના ચિંતવનમાં ન આવે એવું ને સર્વકાળને વિષે સદા સરખું ને મહાઆશ્ચર્યકારી ને ચેતન-અચેતન સર્વ શક્તિઓના સંગ, દોષ, કલંક તેણે કરીને રહિત એવું જે અનવધિકાતિશય પ્રકાશપણું, સુંદરપણું, સુકુમારપણું, લાવણ્યપણું ને જોબનપણાદિક અનંત દિવ્ય સ્વરૂપ, ગુણ તેણે યુક્ત દિવ્યમૂર્તિ છે—એવું એ હરિકૃષ્ણનું સ્વરૂપ છે. (૧)

અને અક્ષર પર અનવધિકાતિશય આનંદમય એવું જે કારુણ્યપણું, સૌશીલ્યપણું, વાત્સલ્યપણું, ગાંભીર્યપણું, ઔદાર્યપણું ને ઐશ્વર્યાદિક તેના રત્નાકર[1], ને જેમ છે તેમ

૧.સાગર.

નથી આવતા વિચાર્યામાં ભેદ જેમના, એવા જે સર્વે લોક તેના શરણરૂપ એવા એ હરિકૃષ્ણનારાયણના દિવ્ય સ્વભાવ છે. (૨)

અને અનવધિકાતિશય અક્ષરપર આનંદમય એવું જે જ્ઞાન, બળ, ઐશ્વર્ય, વીર્ય, પરાક્રમ, શક્તિ તે જે તે પ્રભૃત્યાદિક અસંખ્યાત કલ્યાણકારી દિવ્ય ગુણ તેના ભંડાર, ને નથી અડતા ચેતન-અચેતન સર્વ શક્તિઓના સમગ્ર દોષ જેમને–એવા એ હરિકૃષ્ણના દિવ્ય ગુણ છે. (૩)

અને એ ગુણ ને સ્વભાવ તેમાં એ ભેદ છે જે, ગુણ પોતાને વશ છે ને સ્વભાવ પોતાને વશ નથી; એમ પરસ્પર (ભેદ) જ્ઞાની પુરુષ તેમણે જાણવા જોગ્ય છે. ને વિચિત્ર ને અનંત એવાં ભોગવ્યાનાં દિવ્ય પદાર્થ, ને ભોક્તૃવર્ગ-જે અનંત ભોગને ભોગવનારા દિવ્ય પાર્ષદ અને ભોગને ભોગવવાનાં અનંત દિવ્ય ઉપકરણ[1] અને ભોગને ભોગવવાનાં અનંત બ્રહ્મપુરાદિક દિવ્ય સ્થાનક–એ સર્વે તેમણે કરીને પોતે પરિપૂર્ણ (છે); એવી એ હરિકૃષ્ણની દિવ્ય વિભૂતિ[2] છે. (૪)

અને મૂળપ્રકૃતિ-પુરુષાદિક જે પોતાની શક્તિઓ, તે પાસે પોતે સ્વતંત્ર થકા પોતાને પ્રતાપે કરીને અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેને પોતે દૃષ્ટિમાત્રે કરીને કરાવે છે; પણ તેમાં કાંઈ પોતાને દાખડો નથી પડતો, એ તો રમત જેવું છે – એવી એ હરિકૃષ્ણ પુરુષોત્તમની લીલા છે. (૫)

૧.સાધન-ઈન્દ્રિયો વગેરે. ૨.દિવ્ય સમૃદ્ધિ.

અને એવી રીતે સદા સ્વતંત્ર, નિત્યતૃપ્ત, અછેદ્ય, અભેદ્ય, અચ્યુત, અજીત, અદ્વૈત, નિર્લેપ, નિર્વિકાર, અપ્રાકૃત, સચ્ચિદાનંદ, સર્વાંતર્યામી, સર્વત્ર વ્યાપક, સર્વ કારણ ને પરમસત્યજ્ઞાનાનંદઘનમૂર્તિ છે. તેનું અનેક પ્રકારે કરીને જીવની બુદ્ધિમાંથી માયિકભાવ ટાળવાને અર્થે, એ દિવ્યમૂર્તિ ને નરાકૃતિ હરિકૃષ્ણની મૂર્તિ, તે બેયનું અભેદપણે ને નિર્ગુણપણે કરીને રૂડી રીતે પ્રતિપાદન કર્યું છે; એવું યથાર્થ એ ભગવાનનું સ્વરૂપ જેણે વેદાંતાદિક પાંચશાસ્ત્ર ને સત્પુરુષને વચને કરીને જાણ્યું છે, તેને તો મોહ નથી થાતો ને અસુરને મોહ થાય છે. તે કહ્યું છે જે –

अज्ञत्वं पारवश्यत्वं, विधिभेदादिकं तथा।
तथा प्राकृतदेहत्वं, देहत्यागादिकं तथा।
असुराणां विमोहाय, दोषो विष्णोर्न हि क्वचित्।।[1]
जन्मकर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन !।।[2]

૧.અર્થઃ ભગવાન જ્યારે પૃથ્વી પર પ્રગટ હોય છે ત્યારે પણ તેમાં એક પણ દોષ હોતો નથી. તેમ છતાં તેઓ આવા પ્રકારના મનુષ્યભાવો જણાવે છે : (૧) બીજાનું નહિ જાણવાપણું (૨) બીજાને આધીન વર્તવાપણું (૩) વિધિ-નિષેધ તથા પારકું-પોતાપણું (૪) પ્રાકૃત દેહભાવ (૫) અંતે દેહનો ત્યાગ, તેનો અગ્નિ સંસ્કાર વગેરે. આ બધું અભક્ત એવા જે અસુરાંશ જીવો તેને મોહ પમાડવા માટે પ્રભુ દેખાડે છે.

૨.ભગવાન કહે છે : હે અર્જુન ! મારો પ્રાદુર્ભાવ તથા જીવનભરની દરેક ક્રિયાને જે ભક્ત યથાર્થપણે દિવ્ય જ જાણે છે; તેને આ દેહ છોડ્યા પછી ફરી જન્મ લેવો પડતો નથી, પરંતુ મને જ પામી જાય છે. (ગીતા-૪/૯)

ઈત્યાદિક અનેક વચને કરીને વેદાદિક સર્વે શાસ્ત્ર ને સત્પુરુષ, તેમણે હરિકૃષ્ણ ભગવાનના દિવ્યભાવ ને મનુષ્યભાવનું અભેદપણે કરીને સદા દિવ્ય સ્વરૂપનું જ એક પ્રતિપાદન કર્યું છે. અને **દુર્ગપુરાદિક ધામને વિષે તથા આ સર્વે સત્સંગને વિષે હરિકૃષ્ણ દિવ્ય વિમાન, પાર્ષદે સહિત કેટલાક હરિભક્તને હજી દર્શન દે છે; એવી રીતે સદા અખંડિત છે.**

વિજ્ઞાન, જ્ઞાન, ઐશ્વર્ય અને દિવ્યમૂર્તિ તે જેમની (છે) એવા જે હરિકૃષ્ણ તેમનો જે કોઈ સર્વ પ્રકારે કરીને આશરો કરશે, તેને પોતે કલ્પવૃક્ષની પેઠે મનવાંછિત સુખને આપશે. ને (તે) અનેક રૂપે જણાતા થકા એક રૂપ છે; અને એક રૂપે રહ્યા થકા અનેક રૂપે જણાય છે. અને મનુષ્યાકૃતિ છે, તેના તે જ અનંત કલ્યાણકારી ગુણ તેણે મંડિત[૧] સદા દિવ્યવિગ્રહ-મૂર્તિ એ હરિકૃષ્ણ પુરુષોત્તમ છે; એમાં કિંચિત્માત્ર પણ ભેદ નથી. એવી રીતે દિવ્યભાવ અને મનુષ્યભાવને અભેદપણે સમજવાની રીત કહી દેખાડી. ॥૧॥

■ નિર્ગુણ-સગુણપણાની રીત...

અને બીજી શ્રીમદ્ભાગવતમાં તથા હરિનાં વચનામૃતમાં કહી જે એ અક્ષરાતીત હરિકૃષ્ણ પુરુષોત્તમનારાયણની નિર્ગુણ-સગુણપણાની રીત સમજવી જે, એવી રીતે દિવ્યભાવને ને

૧.શોભાયમાન.

મનુષ્યભાવને જણાવતા જે એ નારાયણ, તેની જે મૂર્તિ, તે તો માયા ને માયાના જે સત્ત્વ, રજ, તમ – એ ત્રણ્ય ગુણ ને એ ત્રણ્ય ગુણના કારજ્ય[૧] તેણે રહિત છે ને દિવ્ય છે; તે માટે તે નારાયણને નિર્ગુણ જાણવા. અને એવા જે એ નિર્ગુણ હરિકૃષ્ણ નારાયણ તેને વિષે સત્ય, શૌચ, દયા, ક્ષમા, ધર્મ, જ્ઞાનાદિક જે અનંત અમાયિક, દિવ્ય, કલ્યાણકારી ગુણ છે; તે માટે એ નારાયણને સગુણ જાણવા. અથવા માયાના ત્રણ ગુણે યુક્ત ને બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કારણ એવા જે અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણ તથા બ્રહ્મા, વિષ્ણુ ને શિવ – એ છો જે પોતાનાં રૂપ, તેણે કરીને પણ એ નારાયણને સગુણ જાણવા. ॥૨॥

■ સાકાર-નિરાકારપણાની રીત...

અને ત્રીજી નિગમે કહી જે એ અક્ષરાતીત હરિકૃષ્ણ પુરુષોત્તમના સાકાર-નિરાકારપણાની રીત સમજવી જે, આત્યંતિક પ્રલયને અંત્યે પણ પોતાના અક્ષરધામને વિષે સ્વાભાવિક સત્ય, જ્ઞાનાદિક અનંત દિવ્ય શક્તિએ યુક્ત, સદા દિવ્ય અવયવવાન[૨] એવો અનાદિ નિત્ય સિદ્ધ જે એ નારાયણનો આકાર તે રહે છે; માટે એ નારાયણને સાકાર જાણવા.

અને એવો જે નારાયણનો સદા દિવ્ય વિગ્રહ-આકાર તેને અનંતકોટિ બ્રહ્મરૂપ એવા જે એ નારાયણના એકાંતિક

૧.કાર્યભૂત રાગ-દ્વેષ, ઊંઘ, આળસ વગેરે. ૨.સર્વ અંગોએ સંપૂર્ણ.

મુક્ત, તે એ અક્ષરધામમાં તેજના મંડળને વિષે સદા દેખે છે. અને એ શ્રીહરિકૃષ્ણનારાયણનો જે સદા દિવ્ય અવયવી એવો આકાર, તે માયા ને માયામાંથી થયા જે ચોવીસ તત્ત્વ તેણે રહિત છે; માટે એ નારાયણને નિરાકાર જાણવા. અથવા એ નારાયણની અનન્ય ભક્તિએ રહિત ને આત્મજ્ઞાનાદિક સાધને સહિત એવા જે પુરુષ, તે તો એ નારાયણના અક્ષરધામના તેજને વિષે રહી જે સદા દિવ્ય વિગ્રહ એ નારાયણની મૂર્તિ, તેને નથી દેખતા; તે સારુ એ કૈવલ્યાર્થી[૧] છે ને એ નારાયણને નિરાકાર કહે છે. ॥૩॥

■ કર્તા-અકર્તાપણાની રીત...

અને ચોથી ઉપનિષદ્ રૂપ વેદાંત ને શ્રીમદ્-ભાગવતાદિક સત્‌શાસ્ત્રને વિષે કહી જે એ અક્ષરાતીત હરિકૃષ્ણ પુરુષોત્તમનારાયણના કર્તા-અકર્તાપણાની રીત્ય જાણવી જે, એ નારાયણ તે પુરુષ, કાળ ને માયા તેના આદિ કર્તા, પ્રેરક અને નિયંતા છે; તે માટે એ નારાયણને કર્તા જાણવા. અને એ પુરુષ, કાળ ને માયા તે પાસે અનેક કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયને કરાવે છે; પણ પોતે નથી કરતા. ને પોતે તો પોતાના અક્ષરધામને વિષે અનંતકોટિ પોતાના એકાંતિક મુક્ત તેમણે સેવ્યા થકા નિત્યે બિરાજમાન છે; માટે એ નારાયણને અકર્તા જાણવા.

૧. કેવળ નિરાકાર તેજની ઉપાસના કરનારા.

અને એ પુરુષ, કાળ ને માયા, તે વિના એ નારાયણ પોતાને પ્રતાપે કરીને સ્વતંત્રપણે અનંતકોટિ બ્રહ્માંડને સૃજવા પોતે સમર્થ છે. અને એ પુરુષ, કાળ ને માયા, તે વિના બીજા જેવા તેવા પાસે અનેક કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયને કરાવવા પોતે સમર્થ છે. અને એ પુરુષ, કાળ ને માયા, તે જે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયને કરે છે, તે એ નારાયણની અંતરયામીપણે પ્રેરણાએ કરીને કરે છે; પણ તે વિના સ્વતંત્રપણે કરવાને સમર્થ નથી. ને જે એમને સ્વતંત્ર કર્તા જાણે છે, તે તો નાસ્તિક છે. ને એ હરિકૃષ્ણ નારાયણની પ્રેરણાએ કરીને જ એમને કર્તા જાણે છે, તે તો અતિ આસ્તિક મતિવાળા એવા હરિકૃષ્ણના ભક્ત છે. ॥૪॥

એવી રીતનું સ્વતંત્ર એવું જે અપરિમિત પોતાનું નિરંકુશ દિવ્ય ઐશ્વર્ય, (ને) સામર્થીએ યુક્ત એ નરાકૃતિ હરિકૃષ્ણ નારાયણ છે. તે સારુ દિવ્યભાવ ને મનુષ્યભાવ તે બેયનું એકપણે વર્ણન કર્યું છે. તે જ્યારે કોઈ હરિભક્તને સમાધિને વિષે અલૌકિક દૃષ્ટિ થાય છે, ત્યારે તેને શ્રીહરિની મૂર્તિને વિષે કોટિ-કોટિ સૂર્યના સરખો પ્રકાશ ભાસે છે. ને **એક શ્રીહરિનાં જેવું પૂર્વે બીજા કોઈનું અતર્ક્ય એવું સર્વોપરી દિવ્ય ઐશ્વર્ય સાંભળ્યું-દીઠું નથી, તેવું ઐશ્વર્ય શ્રીહરિમાં દેખે છે; ને અનંતકોટિ જે મુક્ત ને અક્ષરધામ તેને પણ દેખે છે.**

તે માટે ભક્તિધર્માત્મજ એવા જે શ્રીહરિ, તે પોતાના અક્ષરધામને વિષે જેવા સર્વોપરી, દિવ્ય ઐશ્વર્ય, પાર્ષદ, શક્તિએ જુક્ત છે, તેવા ને તેવા જ પ્રત્યક્ષ પ્રમાણ અવતાર ધારણ કર્યો છે. એવા જે સદા નિર્દોષરૂપ, સમગ્ર દિવ્ય ગુણ-ગણ તેણે કરીને અલંકારે જુક્ત, એક અદ્વિતીય, પરબ્રહ્મ, સચ્ચિદાનંદ હરિકૃષ્ણ ભગવાન તેમની દિવ્યમૂર્તિ ને નરાકૃતિ મૂર્તિ, તેને વિષે લેશમાત્ર દ્વૈતબુદ્ધિ[1] ન કરવી.

એવી રીતે એ અક્ષરાતીત હરિકૃષ્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ વાસુદેવ તેમના સ્વરૂપ જ્ઞાનનો જે આ નિર્ણય, તે નિગમાદિક જે સર્વે શાસ્ત્ર તેમણે કરીને સર્વોત્કૃષ્ટપણે કરીને જેમ છે તેમ યથાર્થ પ્રતિપાદન કર્યો છે. તે કહ્યું છે જે –

पुरुषोत्तम एवादौ, प्रकृतिपुरुषात् परः।
नारायणोऽक्षरे धाम्नि, वासुदेवो व्यराजत।
नारायणात्मको वेदो, यतः प्रोक्तः सनातनः॥

वासुदेवो हि भगवान्, साक्षात् नारायणः प्रभुः।
मुमुक्षुणामुपास्योस्ति, नान्य इत्यस्ति निश्चयः ॥

आलोड्य सर्वशास्त्राणि, विचार्य च पुनः पुनः ।
इदमेकं सुनिष्पन्नं, ध्येयो नारायणः सदा॥

૧. ભેદબુદ્ધિ.

कृतादिषु प्रजा राजन्, कलाविछन्ति संभवं।
कलौ खलु भविष्यन्ति, नारायणपरायणाः॥

अन्योऽपि धर्मरक्षायै, देहः संभ्रियते मया।
विरामायाप्यधर्मस्य, काले प्रभवतः क्वचित्॥

नारायणपरा वेदा, देवा नारायणाङ्गजाः।
नारायणपरा लोका, नारायणपरा मखाः॥

नारायणपरो योगो, नारायणपरं तपः।
नारायणपरं ज्ञानं, नारायणपरा गतिः॥

वासुदेवपरा वेदा, वासुदेवपरा मखाः।
वासुदेवपरा योगा, वासुदेवपराः क्रियाः॥

वासुदेवपरं ज्ञानं, वासुदेवपरं तपः।
वासुदेवपरो धर्मो, वासुदेवपरा गतिः॥

वेदा योगास्तपोज्ञानं धर्मो यज्ञा क्रिया गतिः।
एते सर्वे हरिकृष्ण परा ज्ञेया बुद्धोत्तमैः॥

ઈત્યાદિક અનેક વચને કરીને એ સર્વે શાસ્ત્ર ને સત્પુરુષ તેમણે રૂડી રીતે સર્વે થકી ઉત્કૃષ્ટપણે કરીને પ્રતિપાદન કર્યું છે સ્વરૂપ તે એક જેમનું, એવા જે અનંત કલ્યાણકારી ગુણ તેણે મંડિત એક અદ્વિતીય દિવ્ય વિગ્રહ-મૂર્તિ હરિકૃષ્ણ પુરુષોત્તમનારાયણ વાસુદેવ, તેમને બ્રહ્મરૂપ

થઈને જેવા એ દિવ્યભાવાદિક ચારે કરીને અક્ષરાદિક સર્વે થકી ઉત્કૃષ્ટ છે, તેવા યથાર્થ એ પાંચશાસ્ત્ર ને સત્પુરુષને વચને કરીને નિર્બાધપણે જાણીને ભક્તિએ સહિત એમની ઉપાસના કરવી; પણ આત્યંતિક મોક્ષને ઈચ્છતા એવા જે નિષ્કામ ભક્ત તેમને બીજા દેવની ઉપાસના ન કરવી; એમ વેદાદિક જે સર્વે સત્શાસ્ત્ર ને સત્પુરુષ તેમનો સિદ્ધાંત છે.

અને પાંચશાસ્ત્ર ને સત્પુરુષને વચને કરીને જે શ્રીહરિનાં એ દિવ્યભાવાદિક ચાર સ્વરૂપને રૂડી રીતે જેમ છે તેમ યથાર્થ સમજે તે જ પૂરો જ્ઞાની કે'વાય. ને એમ જે શ્રીહરિના સ્વરૂપને જાણવું તેને સંપૂર્ણ જ્ઞાન કહીએ.

અને એ વેદાદિક જે સર્વે સત્શાસ્ત્ર, તેમનું જે સાર-સાર કાઢીને આ 'શ્રીહરિકૃષ્ણસ્વરૂપાદ્વૈતજ્ઞાનનિર્ણય' મેં જે તેણે (કરીને) શ્રીહરિ ને શ્રીહરિના એકાંતિક ભક્ત મારી ઉપર રાજી થાય, તે સારુ રૂડી રીતે કર્યો છે. તે જે એમના રાજીપા થકી હું જે તે શ્રીહરિનો એકાંતિક ભક્ત થાઉં.

અને આ 'શ્રીહરિકૃષ્ણસ્વરૂપાદ્વૈતજ્ઞાનનિર્ણય' તેને માન, મત્સર ને અસુયાએ રહિત ને અતિશે વિશ્વાસ ને આસ્તિકપણે જુક્ત થકો જે સર્વ પ્રકારે કરીને હૃદયને વિષે ધારશે, તેને શ્રીહરિના સ્વરૂપને જાણ્યાને વિષે નાના પ્રકારના સંશય છે તે સર્વે નાશ પામી જાશે, ને તેને શ્રીહરિના સ્વરૂપનું દૃઢ જ્ઞાન

થાશે, ને તેની ઉપર શ્રીહરિ અતિશે રાજી થાશે, ને તેને શ્રીહરિને વિષે દૃઢ ભક્તિ થાશે; તે માટે શ્રીહરિના ભક્ત તેમને આ શ્રીહરિના સ્વરૂપજ્ઞાનનો જે નિર્ણય તે અવશ્ય સમજવાનો છે.

ઈતિ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય વિધાત્રાનંદમુનિ વિરચિતો વેદાદિ સચ્છાસ્ત્રાનુભવ સિદ્ધાંત તત્ત્વદીપ પ્રતિપાદ્ય શ્રીહરિકૃષ્ણસ્વરૂપાદ્વૈતજ્ઞાનનિર્ણયઃ સમાપ્તઃ।।

INDEX

સદ્. શ્રીવિધાત્રાનંદસ્વામી કૃત

શ્રીપુરુષોતમનિરૂપણ વાર્તા

INDEX

॥ શ્રીસહજાનંદસ્વામિને નમો નમઃ ॥

સદ્. શ્રીવિધાત્રાનંદસ્વામી કૃતા

શ્રીપુરુષોત્તમનિરૂપણવાર્તા

॥ અથ પુરુષોત્તમનિરૂપણવાર્તા લિખ્યતે ॥

श्रीधार्मी पुरुषोत्तमो गुणनिधि र्यो ब्रह्मधामेश्वरो
मुक्तैर्जुष्टपदाम्बुजो वरतरैश्वर्यैरुपेतः प्रभुः।
अन्तर्याम्यखिलात्मनां भवहरः सर्वेश्वराधीश्वरः
तं ध्यायाम्यवतारिणं मुनिपतिं श्रीस्वामिनारायणम् ॥[1]

શ્રીજીમહારાજે વાત કરી જે, "અક્ષરાતીત એવા જે પ્રગટ પુરુષોત્તમ ભગવાન તે અનંત અક્ષરમુક્તે સેવ્યા થકા પોતાના અક્ષરધામને વિશે બિરાજમાન છે. તેમણે સૃષ્ટિ સમે અક્ષર સામું જોયું, ત્યારે અક્ષરમાંથી પુરુષ નીસર્યો. તે પુરુષ દ્વારે માયા સામું જોયું, તેમાંથી અનંત પ્રધાન-પુરુષાદિક થયા. ને તે અક્ષરપુરુષ અનેક રૂપે કરીને તેમાં પ્રવેશ કરે છે ને અનંત રૂપે કરીને તે સર્વની રક્ષા કરે છે ને અનંત પાર્ષદ, શક્તિઓ ને ઐશ્વર્ય (તેમણે) સેવ્યો થકો પોતાના

૧. ધર્મના પુત્રરૂપે પ્રગટ થયેલા એવા જે શ્રીપુરુષોત્તમનારાયણ તે દિવ્ય ગુણોનો ખજાનો છે. અક્ષરધામના અધિપતિ છે. અનંત મુક્તોએ તેમનાં ચરણકમળ સેવ્યાં છે. સર્વશ્રેષ્ઠ ઐશ્વર્યોથી યુક્ત એવા સમર્થ મૂર્તિ છે. વળી તમામ આત્માઓના નિયંતા તથા મોક્ષના દાતા છે. સર્વ ઈશ્વરોના અધીશ્વર અને અવતારોના અવતારી છે; એવા જે સંતપતિ શ્રીસ્વામિનારાયણ ભગવાન તેમનું હું વિધાત્રાનંદસ્વામી ધ્યાન કરું છું.

ધામને વિશે રહે છે ને બીજે રૂપે પુરુષોત્તમની સેવામાં રહે છે. એ પ્રકારે એને વિશે અનેક કળાઉ રહી છે. તેનો મોટા મોટા કવિ[૧] પાર પામતા નથી ને આધુનિક સમજણવાળાની તો તેટલા સુધી જ ગતિ[૨] છે. ને એવા જે અનંત અક્ષરપુરુષ તેમને એ સાક્ષાત્ પુરુષોત્તમની ઉપાસના છે કે તમારે છે, પણ બીજાને નથી. એવી રીતે **સર્વોપરી પ્રકટ પુરુષોત્તમની ઉપાસના સમજવી, એ જ્ઞાનવાન એવા જે એકાંતિક ભક્ત તેમની સમજણ છે.**" ॥૧॥

અને શ્રીજીમહારાજે વાર્તા કરી જે, "સમગ્ર પૃથ્વી જેવડી ઝાલર હોય ને મેરુ પર્વત જેવડો ડંકો હોય ને વૈરાટપુરુષ જેવા અનંત વજાડનારા હોય ને તેનો જેવો શબ્દ થાય તેવો અક્ષરાતીત પ્રકટ પુરુષોત્તમ સ્વામિનારાયણના જમણા ચરણના અંગૂઠામાંથી પ્રણવ[૩] નીસરે છે, તેનો ઘોષ[૪] થાય છે. તેના જે પરછંદા તે અક્ષરાદિક અનેક ધામમાં વ્યાપે છે. તે જો બ્રહ્માંડોમાં આવે તો અનંત બ્રહ્માંડને ફોડી નાખે એવો જે પ્રણવનો શબ્દ, તે પુરુષોત્તમના અંગૂઠામાં પાછો લીન થઈ જાય છે ને વળી ઉદયને પામે છે.

એવા જે **પ્રકટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ તે સમગ્ર બીજા ધામમાં રહી જે મૂર્તિઓ તથા સર્વ અવતાર તેના કારણ છે ને અનંત અક્ષરપુરુષના સ્વામી છે ને અપરિમિત, સર્વોપરી,**

૧.દીર્ઘદ્રષ્ટા ઋષિ કે આચાર્યો. ૨.બુદ્ધિની પહોંચ તથા પ્રાપ્તિ. ૩.ૐકાર. ૪.ધ્વનિ.

નિરંકુશ ઐશ્વર્યાદિકે કરીને સંપૂર્ણ છે. એવા જે પ્રકટ પુરુષોત્તમ તેમની જેમ તમારે ઉપાસના થઈ છે, તેમ જેને ઉપાસના થાય તે જ પુરુષોત્તમને પામે ને બીજો પુરુષ તો કોટી સાધન કરે તોપણ ન પામે. એવી જે રહસ્યવાર્તા છે તે જ્ઞાનવાન એવા જે એકાંતિક તેને પ્રસંગે કરીને સમજાય છે.

ને **અક્ષરાદિક સર્વ થકી પર ને અદ્વિતીય મૂર્તિ એવા જે પ્રકટ પુરુષોત્તમનારાયણ તેમને એવી રીતે સર્વોપરી જાણવા, એ સર્વ સત્પુરુષ ને સર્વ સત્શાસ્ત્ર તેમનો પરમ (રહસ્ય) અભિપ્રાય છે. ॥૨॥**

नेपुरूषोत्तमनेवीषेनेबिजाविभुतीअवतारनेविषेकेमभेदछेतोजेमतीरनेतिरनोना
खनारोतथाजेमचक्रवर्त्तिराजानेखंडीयाराजामांभेदछेनेजेमपुरुषोत्तममांनेअक्षर
मांभेदछेनेजेमसूर्यनेसूर्यनामंडळमांभेद छेतेमभेदछे ॥३॥

ને પુરુષોત્તમને વિશે ને બીજા વિભૂતિ અવતારને વિશે કેમ ભેદ છે ? તો જેમ તીર ને તીરનો નાખનારો તથા જેમ ચક્રવર્તી રાજા ને ખંડિયા રાજામાં ભેદ છે, ને જેમ પુરુષોત્તમમાં ને અક્ષરમાં ભેદ છે, ને જેમ સૂર્ય ને સૂર્યના મંડળમાં ભેદ છે; તેમ (પુરુષોત્તમમાં ને બીજા અવતારમાં) ભેદ છે. ॥૩॥

અને શ્રીજીમહારાજે મૂળજીભક્તને કહ્યું જે, “પુરુષોત્તમના બીજા અનંત અવતાર થયા ને થાશે ને બીજા ધામમાં જે સર્વ મૂર્તિઓ (છે) તે સમગ્ર રૂપને તમો જુવો.” ત્યારે તેમણે કહ્યું જે, “કેમ કરીને જોવું ?”

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “બીજા સર્વે અવતાર તેમનું નામ લઈને એમ સંકલ્પ કરો જે, ‘એ સર્વના કારણ હોય તો તેમને પ્રતાપે કરીને મારે(મને) સર્વે રૂપનાં દર્શન થાઓ.” ત્યારે એમણે સર્વે બીજા અવતારના નામ લઈને એમ સંકલ્પ કર્યા જે, ‘એ સર્વના કારણ હોય તો તેમને પ્રતાપે કરીને મારે સર્વે રૂપનું દર્શન થાઓ’, પણ દર્શન થયું નહીં. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “(હવે એમ સંકલ્પ કરો જે,) તે સર્વેના કારણ પ્રકટ પુરુષોત્તમ શ્રીજીમહારાજ હોય તો મને સર્વેનું દર્શન થાઓ.” ત્યારે (તે ભક્તે) એમ સંકલ્પ કર્યો, ત્યારે તત્કાળ તે સર્વે રૂપનાં દર્શન થયાં. એવી રીતે પોતાનો સર્વોપરી પ્રતાપ દેખાડીને પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય કરાવ્યો. ॥૪॥

(અમદાવાદમાં) શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી, તે સમે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, “આ ભરતખંડના રાજા શ્રીનરનારાયણ છે, તેમની પ્રતિમાની પ્રતિષ્ઠા આપણે કરી. ને જે સાક્ષાત્ મૂર્તિમાન શ્રીનરનારાયણ જે બદરિકાશ્રમવાસી છે તથા શ્રીલક્ષ્મીનારાયણ આદિક સર્વ તે પ્રકટ પુરુષોત્તમ દ્વિભુજ મૂર્તિ એવા જે આ (સ્વામિનારાયણ) ભગવાન તેમની ઉપાસના કરે છે.” એમ શ્રીજીમહારાજે મર્મે કરીને પોતાના પુરુષોત્તમપણાની વાર્તા કરી, તેને જે એકાંતિક જ્ઞાનવાન ભક્ત હોય તે સમજે છે. ॥૫॥

અને દીવ ગામનો એક વાણિયો સંઘ કાઢીને દ્વારિકાની જાત્રા કરવા જાતો હતો. તેને લોજમાં શ્રીરામાનંદસ્વામી મળ્યા. તેમણે ચમત્કાર દેખાડ્યો, તેણે કરીને ભગવાનપણાનો નિશ્ચય થયો. ને પછી ઘણેક દિવસે શ્રીજીમહારાજને દર્શને તે વાણિયો આવ્યો. તેને શ્રીજીમહારાજે કહ્યું જે, “તમારે કાંઈ સંશય હોય તો આ નાના બાળક સમાધિવાન છે, તેને પ્રશ્ન પૂછો.” ત્યારે તેણે (જે જે) પ્રશ્ન પૂછ્યા, તેના ઉત્તર તે બાળકે કર્યા. તેમાં તે દ્વારાએ રામાનંદસ્વામીના જેવો શ્રીજીમહારાજે ચમત્કાર જણાવ્યો.

ત્યારે એ ભક્તે શ્રીજીમહારાજ પ્રત્યે કહ્યું જે, “હે મહારાજ ! પ્રથમ હું રામાનંદસ્વામીને ભગવાન જાણતો, પણ તે રામાનંદસ્વામીના જેવો આ બાળકને વિશે તમારે પ્રતાપે કરીને ચમત્કાર જણાણો, ત્યારે તમારા જે મોટા મોટા સાધુ-સત્સંગી તેનો પ્રતાપ તો ઘણો હશે ! ને તમારી મૂર્તિ તેનો જે પ્રતાપ ને મહિમા તો બહુ જ અધિક હશે ! માટે તમારા સ્વરૂપનું જેમ છે તેમ યથાર્થ મુને જ્ઞાન થાય તેમ કૃપાએ કરીને કહો.”

ત્યારે શ્રીજીએ તે પ્રત્યે કહ્યું જે, “અંતરની વાર્તા જાણવે કરીને ભગવાનનો નિશ્ચય થાય, તો અમારા મોટા મોટા સાધુ તથા સત્સંગી તે અનંત જીવના દેહમાં પ્રવેશ કરીને તેના અંતરની વાર્તા જાણે એવા છે.



पुर्वेथयाजेअवतारतेनाजेवुंऐश्वर्यतोअमारासाधुसत्संगीमांजणायछेनेअ
मेतोसर्वेअवतारनाअवतारीसर्वोपरिप्रगटश्रीपुरुषोत्तमनारायणछेये,

માટે **પૂર્વે થયા જે અવતાર તેના જેવું ઐશ્વર્ય તો અમારા સાધુ-સત્સંગીમાં જણાય છે. ને અમે તો સર્વે અવતારના અવતારી સર્વોપરી પ્રગટ શ્રીપુરુષોત્તમનારાયણ છીએ."** તે વાર્તા સાંભળીને તે ભક્તને શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય થયો.

ને તે (પછી) શ્રીજીમહારાજના પ્રકટ પુરુષોત્તમપણાની તે ભક્તે વાર્તા કરી, તે બીજા રામાનંદસ્વામીના નિશ્ચયવાળા જે જૂના હરિભક્ત હતા તેમના માન્યામાં ન આવી. ત્યારે (તે સર્વે) શ્રીજીમહારાજ પાસે આવ્યા. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ધ્યાનમાં બેસો, ને જેમ છે તેમ એ વાત તમને જણાશે." ત્યારે તે ધ્યાનમાં બેઠા. તેમને શ્રીજીમહારાજે સમાધિ કરાવીને અક્ષરધામને વિશે અનંત પાર્ષદે યુક્ત પોતાની દિવ્ય મૂર્તિનું દર્શન કરાવ્યું, તથા રામાનંદસ્વામી તથા સર્વે અવતાર તે શ્રીજીમહારાજની સેવાને વિશે દીઠા, ને સર્વે સ્તુતિ કરીને શ્રીજીમહારાજની મૂર્તિને વિશે લીન થયા; એમ દીઠું. પછી તે ભક્તોને શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાનો દૃઢ નિશ્ચય થયો.

પછી તે ભક્તે સમાધિમાંથી નીસરીને કહ્યું જે, હે મહારાજ ! તમે સર્વોપરી પુરુષોત્તમ છો, માટે તમારા પ્રગટ

પુરુષોત્તમપણાના નિશ્ચયમાં સંશય ન થાય એવી કૃપા કરો.'


पछेश्रीजीमहाराजबोल्याजेआपुरुषोत्तमतोब्रह्मांडनेविषेक्यारेयआव्या नथीनेआवशेपणनहिमाटेआतोसर्वोपरीमूर्त्तिछेमाटेआजेनिश्चयतेफरवादेवो नहिएमश्रीजीमहाराजेकह्यूं

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **'આ પુરુષોત્તમ તો બ્રહ્માંડને વિશે ક્યારેય આવ્યા નથી ને આવશે પણ નહિ, માટે આ તો સર્વોપરી મૂર્તિ છે. માટે આ જે નિશ્ચય તે ફરવા દેવો નહીં.'** એમ શ્રીજીમહારાજે કહ્યું. ॥૬॥

અને શ્રીજીમહારાજે નાગડકાને વિશે પરમહંસ આગળ વાર્તા કરી જે, "પૂર્વે રામ-કૃષ્ણાદિક અવતાર થઈ ગયા ને આગળ બીજા થાશે ને બીજા ધામને વિશે મૂર્તિઓ છે, તે સર્વેનું કારણ ને સર્વે થકી પર પ્રકટ શ્રીપુરુષોત્તમનારાયણ અમે છીએ, ને જો એમાં ખોટું કહેતા હોઈએ તો સર્વે પરમહંસના સમ છે." એવું જે પ્રકટ પુરુષોત્તમ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તે (સમજવા)માં જો ખામી રહી જાશે તો કોઈ રીતે વાંધો (ભાંગશે) નહીં.

જેમ વૈકુંઠવાસીને રહેવાનું વૈકુંઠધામ છે, તેમ અમારે રહેવાનું અક્ષરધામ છે. ને **અક્ષરાતીત પ્રકટ પુરુષોત્તમનો જેને નિશ્ચય થયો છે, ને સર્વેનો કારણ જે મૂળપુરુષ તેથી પર અક્ષર તે રૂપ પોતાના આત્માને નથી માનતો, તેને તો પ્રકટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય નથી.** ને જેને મહિમાએ સહિત પ્રકટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય થયો છે, તે તો મૂળપુરુષથી

પર અક્ષર તે રૂપ પોતાના આત્માને માનીને મૂળપુરુષ ને અક્ષર જેવા અનંતકોટી મુક્તે સેવ્યા જે અક્ષરાતીત પ્રકટ પુરુષોત્તમ તેમની ઉપાસના ભક્તિ કરતો થકો પોતાને પૂર્ણકામ માને છે. ને આ વાર્તા યથાર્થ એકાંતિક ભગવાનનો ભક્ત હોય તેને પ્રસંગે કરીને સમજાય છે, પણ પોતાની બુદ્ધિબળે કરીને તથા શાસ્ત્રે કરીને પણ પોતાની મેળે સમજાતી નથી." ॥૭॥

અને વળી મહાવિષ્ણુથી પર જે અક્ષરબ્રહ્મ તે કેવા છે ? તો જેના રૂંવાડાનાં છિદ્રને વિશે જે જળ તેને વિશે એક એક થકી દશ દશગણાં અધિક જે અષ્ટ આવરણ તેણે વીંટાણો એવો જે ક્ષુદ્રવિરાટ તે મહાવિષ્ણુના રોમ-રોમ પ્રત્યે છે. એવા જે મહાવિષ્ણુ તે અક્ષરના રૂંવાડાના છિદ્રને વિષે રહ્યું જે તેજ, તે તેજને વિશે અક્ષરની સામર્થીએ કરીને અનંતકોટી ઊપજે છે ને અનંતકોટી લીન થાય છે. એવું સનાતન, નિર્ગુણ, સચ્ચિદાનંદ, પરમપદ, અનંત જે અક્ષરબ્રહ્મ તેને વિશે કાળ, માયા ને પુરુષ તે લીન થાય છે; એવું હરિકૃષ્ણ પુરુષોત્તમને રહેવાનું ધામ છે. તેને વિશે અસંખ્ય બ્રહ્મરૂપ મુક્ત છે, તે જે તે અતિ હેતે કરીને એ પુરુષોત્તમનારાયણનાં ચરણારવિંદની ઉપાસના કરે છે.

તે હરિકૃષ્ણ પુરુષોત્તમનું સ્વરૂપ દૃષ્ટાંતે કરીને દેખાડિયે છીએ જે, સમગ્ર પૃથ્વી છે તેને મધ્યે પર્વત, વૃક્ષ, મનુષ્ય

(વગેરે) સર્વે સ્થાવર-જંગમ (સહિત) બિલોરી કાચની ભૂમિ હોય ને તે ઉપર આકાશને વિશે રહ્યા જે તારા તેટલા સૂર્ય એક કાળે તપે; એવી રીતની શોભાએ યુક્ત જે પ્રકાશ, તે જે તે અક્ષરધામના મુક્ત તેના એક રોમના પ્રકાશમાં એ સમગ્ર પ્રકાશ લીન થઈ જાય. ને અનંત મુક્ત તે સર્વના પ્રકાશને લીન કરી નાખે એવો અક્ષરબ્રહ્મના એક એક રોમને વિશે પ્રકાશ છે. ને એવો જે અક્ષરબ્રહ્મ તે અનંત અક્ષરબ્રહ્મના પ્રકાશને લીન કરી નાખે એવો અનાદિ, સનાતન, દિવ્યમૂર્તિ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેના એક એક રોમમાં પ્રકાશ છે. એવા જે સાક્ષાત્ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેનો મહિમાએ સહિત દૃઢ આશરો કરવો. જેમ બપૈયાને[1] સ્વાંતના[2] જળનો આશ્રય છે તેવો (આશ્રય) કરવો; એ અવશ્ય કરવાનું છે. ॥૮॥

ને અનંત દિવ્યચક્ષુએ કરીને ને અનંત પ્રકારની જ્ઞાનગોષ્ઠિએ કરીને પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમનો મહિમા નિત્યપ્રત્યે નવો નવો અનુભવીને, ને સર્વ વાસના છેદીને એક હરિકૃષ્ણ પુરુષોત્તમમાં લોભાવું – એ જ્ઞાનીનાં લક્ષણ છે. ॥૯॥

અને અક્ષર વ્યતિરેકપણે કરીને તો પુરુષોત્તમને અને અનંતકોટી બ્રહ્મરૂપ મુક્તોને ધરી રહ્યા છે. અને અન્વયપણે કરીને તો જગતની ઉત્પત્તિ, સ્થિતિ (ને પ્રલય)ના કારણ એવા જે

૧.આ નામના એક પક્ષીને. ૨.સ્વાતિ નક્ષત્રમાં વરસતા વરસાદના.

ઈશ્વરકોટી તેને (તથા) જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય બેય વ્યષ્ટિ-સમષ્ટિ દેહને (તથા) સુષુપ્તિના સાક્ષીપણે કરીને અનંતકોટી બ્રહ્માંડાભિમાની (ઈશ્વર)ને અને અનેકકોટી પિંડાભિમાની(જીવ)ને ધરી રહ્યા છે. ને પોતે (અક્ષરબ્રહ્મ) હરિકૃષ્ણ પુરુષોત્તમની ઉપાસનાને વિશે તત્પર છે.

અને સમગ્ર જગતની ઉત્પત્તિ(ના) કરતલ (તથા સ્થિતિને) પ્રલયના કરતલ ને શેષી[1] ને કારણપણે કરીને મૂળપ્રકૃતિપુરુષ છે. ને તેના કારણ, શેષી (અને) આધારપણે કરીને અક્ષરબ્રહ્મ છે. ને તેના શેષી, કારણ, આધાર ને શિક્ષકપણે[2] કરીને પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમ છે. તે (પુરુષોત્તમ) થકી પર બીજું કોઈ નથી. ને જડ-ચૈતન્ય વસ્તુનો સમૂહ જે કાર્યઅવસ્થાએ રહ્યો (છે) અને કારણઅવસ્થાએ રહ્યો (છે તે) ને અક્ષરાદિક મુક્ત – એ સર્વે હરિકૃષ્ણ પુરુષોત્તમનું શરીરરૂપ છે. ને જેમ સૂત્રને[3] વિષે પારાનો સમૂહ રહ્યો છે, તેમ એ સર્વે હરિકૃષ્ણ પુરુષોત્તમનું સંકલ્પમય જે યોગૈશ્વર્ય તેને આશ્રિત અક્ષરાદિક સર્વ છે.

ને હરિકૃષ્ણ પુરુષોત્તમ તે તો અક્ષર થકી અન્ય છે, ને ઉત્તમ પુરુષ છે, સર્વોપાસ્ય છે, પરમાત્મા છે, પરબ્રહ્મ છે, પરમેશ્વર છે, ને રામ-કૃષ્ણાદિ સર્વ અવતારના ધરનારા છે,

૧.નિયંતા. ૨.પ્રેરકપણે. ૩.દોરાને.

ને અનંતકોટી બ્રહ્મરૂપ મુક્ત તેના સ્વામી છે, ને અક્ષરબ્રહ્મ આદિક ને માયાસબલિતબ્રહ્મ[૧] એ સર્વેને અંતર્યામીપણે કરીને ધરી રહ્યા છે એવા જે પ્રગટ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેની દૃઢ ઉપાસના કરવી, એ અવશ્ય કરવાનું છે.

અને અનંત એવું જે અક્ષરધામ અને અનંતકોટી અક્ષરરૂપ મુક્ત અને અક્ષરધામની અનંત દિવ્ય સમૃદ્ધિ ને અનંત વિભૂતિઓ અને અનંત માયાસબલિતબ્રહ્મ[૧] – એ સર્વે પુરુષોત્તમનું શરીર છે. તેના મહિમાનો પાર ન આવે તો એ સર્વેના શરીરી ને કારણ, ને એ સર્વેને વિષે અન્વય થકા વ્યતિરેક, ને એ સર્વેથી નિર્લેપ ને નિર્વિકારી એવા જે પરબ્રહ્મ હરિકૃષ્ણ પ્રગટ પુરુષોત્તમ તેના મહિમાનો પાર તો આવે જ કેમ?! એ તો અનંત અપાર છે.

એવા જે પ્રગટ હરિકૃષ્ણ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી તેમણે પોતાનું પુરુષોત્તમપણું કહ્યું જે, "જેવો (હું) પ્રગટ મૂર્તિમાન છું તેવો ને તેવો જ અક્ષરાદિક સર્વને વિષે અખંડ રહ્યો છું અને આ સભાને વિષે પણ પ્રત્યક્ષ (છું) એમ હું અખંડ દેખું છું. અને અક્ષરધામના મુક્ત અને આ સત્સંગમાં યોગસમાધિવાળા જે મોટા સંત તે પણ દેખે છે." એવી રીતે પોતાના એકાંતિક મોટા સાધુ બેઠા હતા ત્યાં શ્રીજીમહારાજે વાત કરી. ॥૧૦॥

૧.જે પ્રદેશમાં બ્રહ્માંડોરૂપી માયા રહી છે તેવું વ્યાપક બ્રહ્મ.

અને ભુજનો એક જમાદાર સત્સંગી હતો, તેની વાત મહારાજે કરી જે, "આ જમાદાર સર્વ પીગાંબર(પૈગંબર) અમારી સ્તુતિ કરે છે એવા અમને અક્ષરધામને વિષે અખંડ દેખે છે. અને જ્યાં જ્યાં પ્રગટ પુરુષોત્તમપણાની વાત આવે છે ત્યાં ત્યાં સર્વેની બુદ્ધિ ભ્રમી જાય છે, પણ સર્વે ઠેકાણે (આ) પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે, ને પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લીધા વિના તો અક્ષરને (પણ) ભગવાન ન કહેવાય, તો બીજાની શી વાત કહેવી ? માટે એવા શબ્દને સાંભળીને મતિ ભ્રમાવા દેવી નહીં. ને પુરુષોત્તમ તો રામ-કૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી (એવા આ) પ્રત્યક્ષ હરિકૃષ્ણ છે. અને મહાપુરુષાદિક અનંતકોટી જે મુક્તો તે અક્ષર થકી પર એવા જે શ્રીસહજાનંદસ્વામી પ્રત્યક્ષ પુરુષોત્તમ તેની ઉપાસના કરે છે, એ વાતમાં કિંચિત્માત્ર પણ સંશય નથી." ॥૧૧॥

વડતાલમાં સાત દિવસ સુધી (મહારાજે) પ્રકટ પુરુષોત્તમપણાની વાત કરી ને પછી કહ્યું જે, 'મારી વાતનું રહસ્ય તો આ સાધુ (નિત્યાનંદસ્વામી) સમજે છે.' પછી એ સર્વેએ કહ્યું જે, 'એ કેમ સમજે છે ?' પછી મહારાજે એ સર્વેને આ પ્રશ્ન[૧] પૂછ્યું. પછી એ સર્વેએ ઉત્તર કર્યો. ત્યારે એ સાધુએ કહ્યું જે, "તમે પુરુષોત્તમ કહ્યા તે તો

૧.તમે સર્વે આ પ્રગટ પુરુષોત્તમને કેવા સમજો છો ? એવું.

મહાપુરુષ છે ને પુરુષોત્તમ તો અક્ષર થકી પર પ્રત્યક્ષ પ્રમાણ મહારાજ છે."

ને સત્સંગિજીવનમાં ઉપાસનાનો પ્રસંગ નીસર્યો, ત્યારે આઠ દિવસ સુધી વાદ-વિવાદ થયો. પછી કોઈક કહે જે, 'બીજા અવતાર જેવા મહારાજને કહો.' ત્યારે એ સાધુ (નિત્યાનંદસ્વામી)એ કહ્યું જે, "બીજા અવતાર જેવા મહારાજને કેમ કહેવાય ? ને બીજા અવતારે પોતાને વિશે ક્યારે ચોવીશે અવતારને લીન કર્યા છે ? અને મહારાજે તો પોતાને વિશે ચોવીશે અવતાર તથા ભૂમાપુરુષાદિક અનંત-અનંતને લીન કરી દેખાડ્યા તથા એ સર્વેને પોતાની પૂજા કરતા દેખાડ્યા તથા પોતાના ભક્ત દ્વારે એવાં ઘણાંય ઐશ્વર્ય જણાવ્યાં, એ આદિ અનંત આશ્ચર્યકારી ચમત્કાર દેખાડ્યો; **એવા જે અક્ષરાતીત શ્રીસહજાનંદજી મહારાજ તે તો રામ-કૃષ્ણાદિક સર્વ અવતારના અવતારી છે. તેમને બીજા અવતાર જેવા કેમ કહેવાય ? ને (જો કહે તો) અનંત જે મહાઅદ્‌ભુત શ્રીજીમહારાજનાં ઐશ્વર્ય ખોટાં પડે."**

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "એ ઠીક કહે છે ને ઠીક સમજે છે. ને જે ઉપાસક હોય તે તો આવા હોય, ને તમે સર્વે અમ ભેળા ફરી ગયા, પણ અમે તો કેમ કરતા હશું ને કેમ જાણતા હશું !" એમ કહીને એ સાધુને હાર આપ્યો. ને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એણે આ વાત અમારી ન

માની તો બીજાની તો માને જ કેમ ?" ॥૧૨॥

અને એક સાધુને[1] શ્રીજીમહારાજના સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય નહોતો થાતો. પછી તેને સમાધિમાં અક્ષરધામને વિશે અનંત મહાઆશ્ચર્ય અને મુક્તે સહિત મહારાજે દર્શન દીધાં, પણ પુરુષોત્તમપણાનો નિશ્ચય ન થયો. પછી શ્રીજીમહારાજે (અક્ષરધામમાં) એ[1] સાધુને કહ્યું જે, "આ અનંત મુક્તોની પૂજા એકકાળાવચ્છિન્ન[2] કરો ને પછી તમારે વિશે લીન કરો." ત્યારે (એ સાધુએ) કહ્યું જે, "એમ કેમ થાય મહારાજ ?" ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ચોવીશ અવતારનાં નોખાં નોખાં નામ લઈને સંકલ્પ કરો જે, એ પુરુષોત્તમ હોય (તો) તેની સામર્થીએ કરીને એટલા રૂપે હું થાઉં." પછી એ સર્વેનાં નામ લઈને કહ્યું, પણ અનંતરૂપે ન થવાણું.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "અમારું 'શ્રીસહજાનંદ' નામ લઈને સંકલ્પ કરો જે, 'શ્રીસહજાનંદ' સર્વ અવતારના અવતારી સર્વોત્કૃષ્ટ પુરુષોત્તમ હોય તો હું અનંતરૂપે થાઉં." પછી શ્રીજીમહારાજનું નામ લીધું ત્યારે અનંતરૂપે થવાણું. પછી સર્વે મુક્તોની એકકાળાવચ્છિન્ન પૂજા કરી, ને સર્વેને પોતાને વિશે એકકાળાવચ્છિન્ન લીન કર્યા. પછી સમાધિમાંથી આવ્યા ત્યારે વાત વિસ્તારીને કરી જે, **'શ્રીસહજાનંદસ્વામી સર્વે અવતારના અવતારી સર્વોત્તમ પુરુષોત્તમ છે.'**

૧.વ્યાપકાનંદસ્વામી. ૨.એક જ સમયમાં.


ને અક્ષરધામના મુક્ત, ને મહાવિષ્ણુ, ને મહાપ્રધાનપુરુષ (અને) ભૂમાપુરુષ – એ સર્વે અક્ષરધામને આધારે રહે છે. જેમ પૃથ્વીને આધારે મનુષ્ય-ઝાડ-પર્વત છે, તેમ અક્ષરને આધારે એ સર્વે રહે છે ને એ સર્વે હરિકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમની ઉપાસના કરે છે; તે શ્રીસહજાનંદ પુરુષોત્તમ કેવા છે ? તો (પૂર્વે) કહ્યા જે (ભૂમાપુરુષાદિક) એ સર્વે તે એક એક થકી કોટીકોટીગણું એકએકના રોમને વિશે તેજ છે. તે સર્વે (તેજ) અક્ષરધામના એક રોમને વિશે લીન થાય છે. એવા જે અક્ષરબ્રહ્મ તે પ્રગટ શ્રીસહજાનંદ પૂર્ણ પુરુષોત્તમનારાયણ તેની ઉપાસના કરે છે.

અને મહામાયાને વિશે અનંતકોટી પ્રધાનપુરુષ ને અનેકકોટી વિરાટપુરુષ લીન થાય છે અને પાછા ઉત્પન્ન થાય છે, અને કૈવલ્યાર્થી[1] જે અનંત મુક્ત તે જેમ અક્ષરમાં લીન થાય છે ને પાછા ઊપજે છે, અને જેમ ઐશ્વર્યાર્થી અનેક મહાપુરુષાદિકમાં લીન થાય છે અને પાછા ઉત્પન્ન થાય છે; તેમ અનેકકોટી સામાન્ય હેત-માહાત્મ્યે યુક્ત જે મુક્ત તે તો અક્ષરના સુખને ભોગવે છે ને ભગવાનના સુખને (પણ) ભોગવે છે. અને અનંતકોટી ચિત્ર-વિચિત્ર મહાઆશ્ચર્યરૂપ ને અત્યંત સ્નેહ-માહાત્મ્યે યુક્ત જે એકાંતિક મુક્ત તે તો બ્રહ્મરૂપ થકા પ્રત્યક્ષ શ્રીસહજાનંદ પુરુષોત્તમ તેની ઉપાસના કરે છે.

૧.કેવળ નિરાકાર બ્રહ્મને ઉપાસનારા ને તેને પામવા ઈચ્છનારા.

અને જેમ રાજા અને રાજાના ચાકરમાં ભેદ છે, જેમ સૂર્ય અને પતંગિયામાં ભેદ છે, અને જેમ ચંદ્રમા ને તારામાં ભેદ છે; તેમ પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને એ અક્ષરાદિકને ભગવાન, પુરુષોત્તમ, કારણ, અવતારી કહ્યા હોય, તે (તો આ) દૃષ્ટાંત દીધાં તેમ જાણવું. અને **સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ પ્રકટ હરિકૃષ્ણ પુરુષોત્તમ છે, તે સર્વે મોટા સંતનો અને શ્રીજીમહારાજનો સિદ્ધાંત છે.** ॥૧૩॥


અને દલુજીએ સંતદાસજીને પૂછ્યું જે, "શ્રીજીમહારાજ શું કરે છે ? અને આ અવતાર મહારાજનો કેવો જાણો છો ?"


तारे संतदासजीयेकह्युंजेआअवतारनहींआतोसर्वोपरीअवतारीछेतेसर्वोपरी
कल्याणजीवनुंकरेछेनेआतोकोइदीथयानथीनेकोइदीथाशेपणनहिंएवातोएकजछेने
हुंपणसर्वधामप्रत्येजाउंछुंत्यारेसर्वेतेधामनावासीएमकहेछेजेश्रीसहजानंदहरिकृष्णतो
सर्वअवतारनाअवतारीसर्वोपरीपुरणपुरुषोत्तमछेपछेदलुजीबोल्याजेआतोअवतारी
सर्वोपत्कृष्टपुरणपुरुषोतमछेएमहुंपणजाणुंछुं॥१४॥

ત્યારે સંતદાસજીએ કહ્યું જે, **"આ અવતાર નહિ, આ તો સર્વોપરી અવતારી છે; તે સર્વોપરી કલ્યાણ જીવનું કરે છે. ને આ તો કોઈ દી થયા નથી ને કોઈ દી થાશે પણ નહીં; એવા તો એ એક જ છે. અને હું પણ સર્વ ધામ પ્રત્યે જાઉં છું, ત્યારે સર્વે તે ધામના વાસી એમ કહે છે જે, "શ્રીસહજાનંદ હરિકૃષ્ણ તો સર્વે અવતારના અવતારી સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ છે."** પછી દલુજી બોલ્યા જે, "આ તો અવતારી સર્વોત્કૃષ્ટ પૂર્ણ પુરુષોત્તમ છે એમ હું પણ જાણું છું." ॥૧૪॥

એક હરિભક્તે સ્વરૂપાનંદસ્વામીને પૂછ્યું જે, "આ શ્રીજીમહારાજનો અવતાર કેવો જાણવો ?" ત્યારે સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું જે, "આ અવતાર નહિ, આ તો રામ-કૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી પ્રકટ પુરુષોત્તમ છે ને બીજા અવતારના જેવી કળાઓ તો પોતાના ભક્તોમાં છે."

એક સાધુ કહે, 'મારે તો બધું આખું બ્રહ્માંડ દેખાય છે.' ત્યારે વ્યાપકાનંદસ્વામી બોલ્યા જે, "તમારે તો એક બ્રહ્માંડ દેખાય છે, ને મારે તો અનંત આશ્ચર્ય ને અનંતકોટી બ્રહ્માંડ ને ગોલોકાદિક ધામ તે હસ્તામલ[1] દેખાય છે. તે તો રામ-કૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી શ્રીસહજાનંદ પુરુષોત્તમની મૂર્તિના ધ્યાનનો પ્રતાપ છે." ॥૧૫॥


रामानंदस्वामियेपोतानीधर्मधुरंधरपणानीश्रीसहजानंदस्वामिनेसोंपणकरीतारेरामानंद
स्वामीयेकह्युंजेनीलकंठब्रह्मचारितोमोटामोटारामकृष्णवासुदेवनेअक्षरादीकसर्वेनेप्रार्थना
करवाजोग्यपुजवासेववाजोग्यछेनेअमेपणएमनामुक्याआव्याछीयेनेआतोअनेकजीवना
कल्याणकरताकरताआवेछेनेआतोसर्वोपरिरामकृष्णादीकअवतारनाअवतारीहरिप्रसादना
[illegible]परब्रह्मप्रगटथयाछेमाटेएतोसर्वनेमानवाभजवाध्यावाजोग्यछे

રામાનંદસ્વામીએ પોતાના ધર્મધુરંધરપણાની શ્રીસહજાનંદ સ્વામીને સોંપણી કરી. ત્યારે રામાનંદસ્વામીએ કહ્યું જે, "નીલકંઠ બ્રહ્મચારી તો મોટા મોટા રામ, કૃષ્ણ, વાસુદેવ ને અક્ષરાદિક સર્વેને પ્રાર્થના કરવા યોગ્ય, પૂજવા-સેવવા યોગ્ય છે. ને અમે પણ એમના મૂક્યા આવ્યા છીએ. અને આ તો અનેક જીવોનાં કલ્યાણ કરતાં કરતાં આવે છે. ને આ તો

૧.હથેળીમાં રાખેલું આમળું જેમ સ્પષ્ટ દેખાય તેમ.

સર્વોપરી રામ-કૃષ્ણાદિક અવતારના અવતારી (છે. તે) હરિપ્રસાદ નામે વિપ્રને ઘેર પ્રકટ થયા છે; માટે એ તો સર્વેને માનવા, ભજવા, પામવા યોગ્ય છે.

અને (જેમ) પૃથ્વીને વિશે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ તે ચિત્ર-વિચિત્ર અનંત પ્રકારનાં છે, તેમ સર્વ વિભૂતિ થકી, સર્વ શક્તિ થકી, ને અક્ષરના મુક્ત ને અક્ષરધામ એ સર્વ થકી અતિ સર્વોત્કૃષ્ટ અક્ષરાતીત, સર્વસુખમય, સર્વઆનંદમય ને સર્વજ્ઞ, સ્વતઃપૂર્ણ, દિવ્યમૂર્તિ, સર્વોત્તમ, સર્વકારણ, સર્વનિયંતા, સર્વકર્મફળદાતા, સર્વાધાર, સર્વશિક્ષક, સર્વપ્રેરક, સર્વકર્તા, સર્વાંતર્યામી, સર્વસાક્ષી, સર્વવ્યાપક, સર્વને ઉપાસ્યમૂર્તિ, અખંડમૂર્તિ, સર્વભજનીય, સર્વઐશ્વર્યભાજન[1], સર્વશક્તિભાજન, સર્વવિભૂતિનું ભાજન, સર્વસુંદરતાનું ભાજન, સર્વલાવણ્યતાનું ભાજન, સર્વતેજનું ભાજન, સર્વકરુણાનું ભાજન, અનંત દિવ્ય-કલ્યાણ-સ્વભાવનું ભાજન ને તરેહ તરેહના (ચિત્ર) વિચિત્ર મહાઆશ્ચર્યકારી ને અજહત્સ્વરૂપ-સ્વભાવ-ગુણ[2] અનવધિકાતિશય તેના મહોદધિ એવા જે શ્રીસહજાનંદ પુરુષોત્તમ સર્વોપાસ્ય રાજાધિરાજ છે ને સર્વ અવતારના અવતારી છે." ॥૧૬॥

અને શ્રીજીમહારાજે વાત કરી જે, "સર્વે જીવ, ઈશ્વર, વિભૂતિઓ, ધામ, શક્તિઓ, ઐશ્વર્ય ને મુક્ત એ સર્વેના

૧.તમામ પ્રકારનાં ઐશ્વર્યનું નિવાસસ્થાન. ૨.અવિનાશી એવા પોતાનું સ્વરૂપ, સ્વભાવ અને ગુણ.

સ્વરૂપ-સ્વભાવ તેમને સહજ સ્વભાવે અખંડ અમે જાણીએ-દેખીએ છીએ, ને એ સર્વે મારી મૂર્તિનો મહિમા જેમ છે તેમ દેખવા-જાણવા સમર્થ નથી. ને હું પણ પ્રકટ પ્રમાણ સર્વ અવતારનો અવતારી ને તમારો સર્વનો ઉપાસ્ય, ગુરુ, ઈષ્ટદેવ ને અક્ષર પર એવો જે હું, તે મારી મૂર્તિના મહિમાનો અંત નથી પામતો. ને એ સર્વે જે કહ્યા તેની સામર્થી મારી મૂર્તિના એક રોમના કોટી કોટીમા ભાગની બરોબર નથી આવતી. એવી અનવધિકાતિશય ને મહાઆશ્ચર્યમય આ મૂર્તિ છે, એમાં કિંચિત્માત્ર સંશય નથી; એ અમારો સિદ્ધાંત છે." ॥૧૭॥

અને શ્રીજીમહારાજ ગુજરાતમાં હતા. પછી અસુરે આવીને સંતને કષ્ટ દીધું. ત્યારે શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, 'મારા પરમહંસોની મોટા મોટા દેવ ને અક્ષરાદિક મુક્ત ને સર્વ અવતાર એ સર્વે પ્રાર્થના કરે છે ને દર્શનને ઇચ્છે છે, ને એક કીડી જેવા જીવને દુઃખવે નહિ એવા સંત તેને દુષ્ટે દુઃખ દીધું !' પછી એમ કહીને ઉત્તર મુખે ઉદાસી થઈને બેઠા. તેટલામાં બ્રહ્માદિક દેવે જાણ્યું જે, આજ તો સર્વ બ્રહ્માંડનો નાશ થાશે.

એટલામાં મહાકાળ, સંકર્ષણ, શિવાદિક આવીને પ્રાર્થના કરવા લાગ્યા જે, "હે મહારાજ ! તમે જે આજ્ઞા કરો તે અમે કરીએ ને અમે તમારા સેવક છીએ, તે તમારા સંતને કષ્ટ

દેનારો કોણ છે ? તેનો ક્ષણમાત્રમાં નાશ કરીએ."

પછી દિવ્ય ચક્ષુવાળા સંત હતા તેમણે કહ્યું જે, "હે સ્વામિન્ ! આજ તમે આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે પધાર્યા છો ને સાધુનું તો કોઈ માન-અપમાન કરે તે સહન કરવું તે સંતનો ધર્મ જ છે."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "સર્વે આપણું કર્યું થાય છે. જુઓને, સર્વે અવતાર અમારે વિશે લીન થાય છે. ને આ સર્વ સભાને અમે અક્ષરધામને વિશે દેખીએ છીએ. અને જે આપણી વાત માને છે તેનું કલ્યાણ થાય છે ને જે નથી માનતા તે નરકમાં પડે છે. ને અમારા શરીરમાં કાંઈ કસર જેવું થયું, ત્યારે જગતમાં અનેક જીવનો નાશ થઈ ગયો; ને જ્યારે આપણે ખટરસ ને વસ્ત્ર ત્યાગ કર્યાં ને તાટ[1] પહેર્યાં, ત્યારે જગતમાં કોઈને અન્ન-વસ્ત્ર મળ્યું નહિ ને હેરાન થઈ ગયા. માટે **સર્વ આપણું જ કર્યું થાય છે, બીજા કોઈનું કર્યું થાતું નથી. ને તમારા શરીરમાંથી કોટી કોટી સૂર્યના પ્રકાશથી અધિક પ્રકાશ નીસરે છે, ને અતિ સામર્થીએ યુક્ત છો, એમ હું દેખું છું."**

પછી સંત બોલ્યા જે, "તમે તો સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ છો. માટે તમે દેખો તેમાં શું કહેવું ! તમે તો દિવ્ય એવા જે ગુણ, વિભૂતિ, ઐશ્વર્ય, પાર્ષદ ને શક્તિઓ

૧.કંતાન; શણનું કાપડ.

તેણે યુક્ત એવા અનાદિ, નિત્યસિદ્ધ, સર્વોત્કૃષ્ટ, પરિપૂર્ણ ને અનવધિકાતિશય કલ્યાણકારી ગુણે યુક્ત થકા એકાંતિક ભક્તને સુખ દેવાને અર્થે કૃપા કરીને હરિપ્રસાદને ઘેર પ્રગટ થયા છો. અને તમારી ઉપાસના થકી અમે પણ પરાવરને[1] હસ્તામળ દેખીએ છીએ ને ધર્મ-જ્ઞાનાદિક અનંતગુણે યુક્ત થયા છીએ; માટે કોઈનો ભાર ગણતા નથી. ને **તમારી મરજી ને રાજીપો જેમ હશે તેમ કરશું. ને અમારે આ લોકમાં તમ વિના બીજું કોઈ વહાલું નથી. અને તમે તો અમારા જીવનપ્રાણ છો. ને તમને પ્રસન્ન કરવાને તો અનંત જન્મ ધરીને માયિક સુખ ને ભૂંડા સ્વભાવ તેનો ત્યાગ કરી દઈએ.** ॥૧૮॥

અને કોટી સૂર્યના તેજથી કોટીગણું તેજ તે વૈકુંઠના મુક્તમાં છે, તેથી કોટીગણું તેજ તે ગોલોકના મુક્તમાં છે, ને તેથી અનંત કોટીગણું તેજ તે અક્ષરધામના મુક્તના (એક) રોમને વિશે છે, ને તેથી અનંતકોટીગણું તેજ તે અક્ષરધામની જે ભૂમિ, તેમાં સોપારી રહે એટલા દેશમાં તે તેજ લીન થાય છે; અને અનંત અપાર જે અક્ષરધામનો પ્રકાશ તે સર્વે ભેળો કરીએ તો(પણ) સર્વ અવતારના અવતારી જે શ્રીહરિકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ તેના એક રોમના કોટીમા ભાગની પાસંગ[2] તેની બરોબર નથી આવતો; એવી દિવ્ય તેજ, ઐશ્વર્ય, પ્રતાપ, બલ, કીર્તિ, સ્વરાટ, સત્યસંકલ્પ એવા અનેક દિવ્યગુણે યુક્ત

૧.મોટું-નાનું કે દૂર-નજીકનું જે કાંઈ છે તે બધું જ. ૨.સમાનતા; ધડો.

(હરિકૃષ્ણ પુરુષોત્તમની) મૂર્તિ છે.

અને દિવ્યકર્તાશક્તિ, જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ, લયશક્તિ, ધારકશક્તિ, પ્રેરકશક્તિ, નિત્યઅલુપ્તશક્તિ, મહામનોહરશક્તિ, અચિંત્યશક્તિ, નિરંકુશશક્તિ, નિર્વિશેષશક્તિ, નિર્દોષશક્તિ, અજિતશક્તિ, શોભાશક્તિ, નિયંતાશક્તિ, ઉદારશક્તિ, સુંદરશક્તિ – એ આદિક અનેક દિવ્યશક્તિઓ ને અનેક મહાઆશ્ચર્યકારી ગુણે યુક્ત દિવ્યમાં દિવ્ય મૂર્તિ પોતાના અક્ષરધામને વિષે સદા વિરાજમાન છે એવા હરિકૃષ્ણ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામી છે.

અને જન્મને ધરતા થકા સદા અજન્મા, અચ્યુત, અખંડમૂર્તિ છે, ને દિવ્યાકૃતિ થકા મનુષ્યાકૃતિ છે ને મનુષ્યાકૃતિ થકા દિવ્યમૂર્તિ છે, ને અક્ષરધામમાં છે તોપણ આંહીં છે ને આંહીં છે તોપણ અક્ષરધામમાં જ છે. અને એ જ્યાં છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે. અને ઉદાર્ય, ગાંભીર્ય, માધુર્ય, વાત્સલ્ય, સૌશીલ્ય, જ્ઞાન, બળ, તેજ, રસ, ગંધ – એ આદિક અનેક મહાઆશ્ચર્યકારી દિવ્ય ગુણે યુક્ત સર્વોત્તમ શ્રીસહજાનંદસ્વામી પુરુષોત્તમ છે.

તે પોતાના અક્ષરધામને વિષે અનેક મુક્ત ને અનેક શક્તિઓ તેમણે સેવ્યા થકા સદા વિરાજમાન છે. ને પોતે પોતાના સુખે કરીને સુખિયા છે ને અક્ષરાદિ સર્વેને દયા કરીને એમની સેવાને અંગીકાર કરે છે, ને પોતે તો સર્વ પ્રકારે

નિર્દોષ છે ને પરિપૂર્ણકામ છે, ને અનેક અક્ષરાદિક મુક્ત ને અનેક શક્તિઓ ને અનેક વિભૂતિઓ ને અનેક ઐશ્વર્ય એ સર્વેએ સેવ્યા થકા અનાદિ નિત્યસિદ્ધ, અનવધિકાતિશય અને અનેક નિરંકુશ દિવ્ય એવું ઐશ્વર્ય તેણે યુક્ત થકા ને શ્રીધર્મદેવ ને ભક્તિમાતા થકી છે જન્મ તે જેમનો એવા જે શ્રીસ્વામિનારાયણ તે જ અક્ષરાતીત સર્વોપરી પુરુષોત્તમ છે, ને તેમાંથી સર્વ અવતાર પ્રગટ થાય છે ને પાછા તેમને વિષે લીન થાય છે. તે માટે દિવસે દિવસે શ્રદ્ધા, જ્ઞાન, માહાત્મ્ય, વિશ્વાસ, પ્રીતિ, આશ્રય ને અનુવૃત્તિ તે અધિક અધિક સમજાય એવો શાંતપણે ઉપાય કરવો, ને તેવો જ સંગ ને શાસ્ત્ર રાખવાં.' એ સર્વે મોટા સંતનો ને શ્રીજીમહારાજનો પરમ રહસ્ય અભિપ્રાય છે.

ને એવા જે અક્ષરાતીત પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રીસહજાનંદ સ્વામી મહારાજ તે સર્વે ઉપાસકને ઉપાસ્યમૂર્તિ છે, ને સર્વે આનંદમાં આનંદરૂપ છે, ને સર્વ સારમાં સારરૂપ છે, ને સર્વ તત્ત્વનું તત્ત્વરૂપ છે, ને સર્વ દૈવતમાં દૈવતકારી છે, ને સર્વે મંગલમાં મંગલકારી છે, ને સર્વે ક્ષેત્રજ્ઞના ક્ષેત્રજ્ઞ છે, ને સર્વ આધારના આધાર છે, ને સર્વ પાવનમાં પાવનકારી છે, ને સર્વે ગુહ્યમાં ગુહ્યરૂપ[1] છે, ને સર્વે ગુણીના ગુણી[2] છે, ને સર્વે ધામના ધામી છે, ને સર્વે કારણના કારણ છે, ને સર્વે

૧.રહસ્યમાં રહસ્યતમ તત્ત્વ. ૨.ગુણવાળાને ગુણો આપનારા.

અવતારના અવતારી છે, ને સર્વે નામના નામી છે. ।।૧૯।।

એવા જે પ્રત્યક્ષ શ્રીસહજાનંદસ્વામી પરબ્રહ્મ પરમ કારુણિક તેમની મૂર્તિનાં બે ચરણારવિંદથી લઈને મસ્તક સુધી સર્વ અંગને પૃથક્ પૃથક્ ધારીને એકાંતસ્થળને વિષે બેસીને ઈન્દ્રિયો, મન, પ્રાણ તેમનો પ્રત્યાહાર કરીને પૂર્વાપર રાત્રિને વિષે અતિ દૃઢ મતિએ કરીને, અતિ દૃઢ ચિત્તે કરીને, અતિશે સ્થિર થઈને યોગી તેને શ્રીહરિનું ધ્યાન કરવું.

અને કામાર્ત,[1] તસ્કર,[2] નટ, વ્યસની ને દ્વેષી – એ સર્વે પોતપોતાના વિષયને વિષે જેમ તત્પર થઈને મંડ્યા છે, તેમ મુનિ જે તે શ્રીહરિની મૂર્તિ ધારવાને વિષે અતિ હર્ષે યુક્ત છે મન જેનું એવો થકો તત્પર થઈને મંડવું. ને સાધ્વી, ચકોર, શલભ, મચ્છ, ચકવા, ચકવી ને બપૈયો – એ જેમ પોતપોતાના વિષયમાં નિમગ્ન છે, તેમ યોગી જે તે શ્રીહરિની મૂર્તિમાં અતિશે આનંદે થકો નિમગ્ન રહે. અને સમુદ્રમંથન કરવાને સમે જેમ દેવ-દાનવ મનમાં દૃઢ વિશ્વાસ રાખીને મંડ્યા હતા, તેમ યોગીએ મનમાં દૃઢ વિશ્વાસ રાખીને ભગવાનની મૂર્તિને નિત્ય ધારવાનો નિત્ય નવો અધ્યાસ રાખવો. ને રસાસ્વાદ, નિદ્રા, હિંસા ને વિક્ષેપ[3] એ ધ્યાનમાં વિરોધી છે; તેનો ત્યાગ કરે ત્યારે ધ્યાન થાય, નહિ તો ન થાય.

૧.કામી. ૨.ચોર. ૩.સંકલ્પ-વિકલ્પરૂપ વિઘ્ન.

ને પાંચ ઇન્દ્રિયો ને છઠ્ઠું મન તે જીતી વશ કરીને પિંડ, બ્રહ્માંડ ને પંચવિષય તેમને જડ, દુઃખ(રૂપ), તુચ્છ ને નાશવંત ને વિષ્ટારૂપ જાણીને ત્યાગ કરીને સત્-ચિદ્-આનંદ, સૂક્ષ્મ ને નિર્ગુણ એવું જે પોતાના જીવાત્માનું સ્વરૂપ તેને જાણીને ને તે જીવાત્મારૂપ થઈને મુનિ થકો શ્રીહરિનું ધ્યાન કરવું. અને **જાતિ, વર્ણ, આશ્રમ ને ગુણ તેનું જે માન તેનો ત્યાગ કરીને સમગ્ર સાધુ, સત્સંગી તેના દાસાનુદાસ થઈને રહે છે તેને શ્રીહરિનું ધ્યાન થાય છે.** ॥૨૦॥

ને શ્રીહરિનું સમગ્રપણે માહાત્મ્ય જાણ્યા વિના બીજા કોટી સાધન કરે, પણ સર્વે ક્રિયાને વિષે અખંડ નામ-રટણ ને મૂર્તિની સ્મૃતિ રહે નહીં. ને અનંતકોટી બ્રહ્માંડનાં જે વિષયસુખ છે તે ભેળા કરીએ તો શ્રીહરિની મૂર્તિના એક રોમમાં સુખ છે તેની કોટિમા (ભાગના) પાસંગની બરોબર આવે નહીં. અને મહાપાતકી હોય ને જો શ્રીહરિનું ભજન કરે તો સમગ્ર પાપ બળીને ભસ્મ થઈ જાય, એવો અતિ અલૌકિક મહિમા છે.

અને 'સાંખ્ય, યોગ, વેદાંત ને પંચરાત્ર એમનું તત્ત્વ[1] તો એક શ્રીહરિની મૂર્તિ છે' એવી (જેની) અચલ મતિ છે એવો વિચક્ષણ[2] હોય તેને શ્રીહરિનું ધ્યાન થાય છે. અને 'સંપૂર્ણ ગુણ, સુખ ને સામર્થી તો એક ભગવાનની મૂર્તિમાં જ છે

૧.રહસ્ય-સાર. ૨.સૂક્ષ્મબુદ્ધિવાળો.

ને બીજે ઠેકાણે તો કિંચિત્ છે. ને અનંતકોટી બ્રહ્માંડનાં જે વિષયસુખ તે ભેળા કરીએ તો શ્રીહરિનું નિમિષમાત્ર ધ્યાન કે દર્શન કર્યું હોય તેના કોટિમા ભાગની બરોબર આવે નહીં. અને સાધુ, સત્સંગી ને અક્ષરાદિક સર્વે તેનું રહસ્ય તત્ત્વ તો શ્રીહરિની મૂર્તિ જ છે.' એવી આસ્તિક મતિએ સહિત જેની સમજણ છે, તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે. અને 'અક્ષિવિદ્યા, દહરવિદ્યા ને અક્ષરવિદ્યા એ આદિક સર્વે બ્રહ્મવિદ્યાઓ તેમણે કરીને જાણવા જોગ્ય તો અક્ષરાદિક સર્વના શરીરી ને કારણ પરબ્રહ્મ પ્રગટ હરિકૃષ્ણ જ છે.' એવી જેની અચલ મતિ છે, તેને શ્રીહરિનું ધ્યાન થાય છે.

અને 'જેમ પાંચ મોઢાવાળી ચામડાની મશક હોય તેમાંથી એક મોઢું મોકળું મૂકે તો સર્વે જળ સ્રવી જાય છે, તેમ **પંચ ઈન્દ્રિયો ને છઠ્ઠું મન તેમાંથી એકે મોકળું મૂકે તો સર્વે ધ્યાન સ્રવી જાય છે.** તે માટે સર્વેને નિયમમાં રાખે તો ધ્યાન થાય, નહિ તો ન થાય. અને સ્વસ્તિક આસને કરીને, નાસિકાગ્ર વૃત્તિ રાખીને ને દેહને સમ રાખીને, નેત્રને મીંચીને ને યુક્ત છે આહાર-વિહારાદિક એવો થકો શુદ્ધ જીવરૂપ થઈને, અને અતિ રોમાંચિતે કરીને, ને અતિ ગદ્ગદ કંઠે કરીને, અતિ હરષાયમાન થકો ને અતિ ત્વરાએ[૧] કરીને, અતિશે દાન્ત[૨] થકો ને અતિશે શાંત થકો ને અતિશે સમાહિત[૩] થકો શ્રીહરિનું

૧.ઉતાવળે. ૨.ઈન્દ્રિયોના નિગ્રહવાળો. ૩.સાવધાન.

ધ્યાન કરવું. ને શ્રીહરિનું સ્વરૂપ, સ્વભાવ ને ગુણ તેમનું જેવું સદા નિર્દોષ, સર્વોત્તમ, અનાદિ, નિત્યસિદ્ધ, સદા શુદ્ધ, ને સર્વકાળને વિષે દિવ્યવિગ્રહ સત્ય સ્વરૂપ છે અને **કાળ, કર્મ, માયા અને પુરુષ તેના કર્તા, પ્રેરક ને નિયંતા તો એક શ્રીહરિ જ છે.' એવી (જેને) અચળ મતિ છે, તેને જ શ્રીહરિનું ધ્યાન થાય છે.** ॥૨૧॥

અને 'અનંત અપાર ધામરૂપે જે અક્ષરબ્રહ્મ તેનું સમગ્ર સુખ ભેળું કરીએ તો(પણ) શ્રીહરિના એક રોમના સુખની બરોબર ન આવે.' એવો દઢ જ્ઞાની છે તેને શ્રીહરિનું ધ્યાન થાય છે.

અને આ લોક-પરલોકને વિષે દુર્લભ તે શું છે ? તો શ્રીહરિના સ્વરૂપનું જ્ઞાન, ઉપાસના, આશરો, વિશ્વાસ, અનુવૃત્તિ ને પ્રીતિ એ અચળ થાય એ જ દુર્લભ ને સારમાં સાર છે. અને મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદસ્વામી એ આદિક સાધુ-સત્સંગી અનેક શ્રીહરિની ઉપાસનાએ કરીને પરમપદને પામી ગયા. ને પ્રથમ ઉત્પત્તિકાળને સમે અનંતકોટી બ્રહ્માંડના જે બ્રહ્મા તે જેમ મહા ઉગ્ર એવું જે તપ તેણે કરીને ભગવાનને રાજી કરીને પોતાનો મનોરથ સિદ્ધ કરે છે, તેમ શ્રીહરિનો જે મનુષ્યભાવ ને દિવ્યભાવ, નિર્ગુણ-સગુણ(પણું), સાકાર-નિરાકાર(પણું), કર્તા-અકર્તા(પણું), અન્વય-વ્યતિરેક(પણું), સ્વભાવ, ગુણ ને

નામ તે જેમ નિર્દોષપણે જેવું એમનું સ્વરૂપ છે તેવું શ્રવણ, મનન, નિદિધ્યાસ ને સાક્ષાત્કાર (વડે) જેમ છે તેમ યથાર્થ જાણીને દૃઢ આશરો કરવો, તે રૂપ જે તપ તેણે કરીને શ્રીહરિને રાજી કરવા. ॥૨૨॥

અને સત્શાસ્ત્રનો જેને અધિકાર હોય તેને મનુષ્ય કહીએ; એવા હજારો મનુષ્ય ભેળા કરીએ તે મધ્યે એક ધર્મવાન જડે; ને તે ધર્મવાન હજારો ભેળા કરીએ ત્યારે તે (મધ્યે) એક સિદ્ધિને અર્થે યત્ન કરતો હોય એવો જડે; ને સિદ્ધિવાળા હજારો ભેગા કરીએ તો તે મધ્યે એક ભગવાનને અર્થે યત્નને કરતો હોય એવો જડે; ને તે ભગવાનને અર્થે યત્નને કરતો હોય એવા હજારો મધ્યે એક ભગવાનને જાણીને યત્નને કરતો હોય એવો મળે; ને તે ભગવાનને જાણીને યત્નને કરતો હોય એવા હજારો ભેગા કરીએ તો તે મધ્યે કોઈક જ્ઞાની ભગવાનનું સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને ઐશ્વર્ય તે અંતે રહિત છે તેને તત્ત્વે કરીને યથાર્થ પોતાના જ્ઞાનની વિશાળતાને અનુસારે કાંઈક જાણે છે, પણ જેમ છે તેમ તો અંતને નથી પામતો.

અને ભગવાન પોતે પોતાનાં સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને ઐશ્વર્ય તેના મહિમાના અંતને નથી પામતા, તો બીજો તો પામે જ કેમ ? એવા સર્વોત્કૃષ્ટ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેમણે અનેકકોટી બ્રહ્માંડનાં ને બ્રહ્મપુરાદિક ધામનાં જે સમગ્ર ઐશ્વર્ય

પોતાની મૂર્તિને આધીન છે, તે સમાધિએ કરીને દેખાડીને તથા સહુના ઈષ્ટદેવરૂપે પોતે પોતાનું દર્શન દઈને અનંત જીવને પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો. એવી રીતનું બીજું અપરિમિત, સર્વોપરી, દિવ્ય ઐશ્વર્ય તેને દેખાડીને (ને) તે પોતાના સર્વોપરી ઐશ્વર્યને વિષે અક્ષરાદિક સર્વના ઐશ્વર્ય લીન કરીને પોતે સર્વોત્કૃષ્ટપણે જયકારી પ્રવર્તે છે. એવા જે બ્રહ્મધામના અધિપતિ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેમને ધર્મદેવ ને મરિચ્યાદિક ઋષિ તેમણે વૃંદાવનને વિષે જ્ઞાનયજ્ઞે કરીને રાજી કરીને મનવાંછિત વર પામ્યા, તેમ યોગીને એ હરિકૃષ્ણની મૂર્તિનાં જ્ઞાન-ધ્યાનને વિષે તત્પર થઈને મંડવું. ॥૨૩॥

અને એ હરિકૃષ્ણ પુરુષોત્તમ તે અક્ષર થકી અન્ય છે; અતિશે સ્વરાટ છે; ને અતિશે સર્વ શેષીના શેષી છે; ને અતિશે કર્તુંમકર્તું ને અન્યથા કર્તુમ્(સમર્થ) છે; અને અનંત દિવ્ય કલ્યાણકારી ગુણના સમુદ્ર છે; ને અતિશે મહામનોહર મૂર્તિ છે; ને સદા સાકાર મૂર્તિ છે; ને અતિશે સ્વપ્રકાશક છે; ને અનાદિ, અપરિમિત, નિરંકુશ, દિવ્ય ઐશ્વર્ય સંપન્ન છે; ને અનંત દિવ્યસુખ સમુદ્ર છે; ને અતિશે મહાજ્ઞાનમૂર્તિ[1] છે; ને સર્વના શિક્ષક ને નિયંતા છે; ને અદ્વિતીય મૂર્તિ છે; ને સદા અખંડિત છે; ને જ્ઞાન-વિજ્ઞાન ને ઐશ્વર્યની મૂર્તિ છે

૧.અતિશ્રેષ્ઠ ચૈતન્યનું સાકાર સ્વરૂપ.

જેમની એવા છે; ને અનેક વિભૂતિઓ ને અનેક અક્ષરાદિક મુક્ત ને અનેક કાળ-માયા-પુરુષાદિક શક્તિઓ એ સર્વેના કારણ છે; અને વાસુદેવાદિક ચતુર્વ્યૂહ તથા કેશવાદિક ચોવીસ મૂર્તિઓ તથા રામ-કૃષ્ણાદિક અવતાર એ સર્વેના ધરનારા છે; ને ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ સર્વ કાળને વિષે સદા દિવ્યવિગ્રહ ને અજિતમૂર્તિ છે; ને **એક થકા અનેકરૂપ છે ને અનેકરૂપ થકા એક છે; ને અનેકના અગ્રજ છે, ને પરમાત્મા છે, ને પરમેશ્વર છે, પરમ કારુણિક છે, પુરુષોત્તમ છે, પૂર્ણકામ છે, પરાત્પર છે, પરબ્રહ્મ છે; અને સ્વરૂપ, સ્વભાવ, ગુણ ને ઐશ્વર્ય તેણે કરીને જેને કોઈની ઉપમા દેવાતી નથી એવા સર્વોપરી પ્રસિદ્ધ છે; ને અત્યંત નિર્વિશેષ જ્ઞાન, બળ, તેજ, ઐશ્વર્ય ઈત્યાદિક પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમ તેનો અપરિમિત મહિમા છે.** તેને (યથાર્થ) કહેવા, જાણવા, દેખવા, સાંભળવા ને પામવાને અર્થે કોણ સમર્થ ? કોઈ નથી. ।।૨૪।।

'હે નાથ ! હે દયાસિંધો ! હે કૃપાનિધે ! હે કલિદોષનિવારક ! હે ભક્તિધર્માત્મજ ! હે યોગકલાપ્રવર્તક ! હે વર્ણિવેશ ! હે દર્શક ! હે શાલગ્રામતૃષાહર ! હે બ્રહ્મવિદ્યાપ્રવર્તક ! હે અધમોદ્ધારણ ! હે પતિતપાવન ! હે અશરણશરણ ! હે શુદ્ધએકાંતિકધર્મપ્રર્વતક ! હે હરિજનવલ્લભ ! હે નિષ્કામભક્તવલ્લભ ! હે નૈષ્ઠિકાગ્રણીય ! હે એકાંતિકધર્મપ્રવર્તક ! હે ભક્તવલ્લભ !

હે સ્વામિનારાયણ ! હે નીલકંઠ ! હે હરિકૃષ્ણ ! હે હરે ! હે નારાયણ ! હે ધર્મધુરંધર ! હે જનરક્ષક ! હે સહજાનંદસ્વામી ! તમે મારી ઉપર રાજી થઈને, મને પોતાનો એકાંતિક દાસ જાણીને મારા હૃદયને વિષે નિવાસ કરીને નિત્ય રહેજો.'

॥ ઈતિ શ્રીપુરુષોત્તમનિરૂપણવાર્તા સમાપ્તા ॥

INDEX

સદ્. શ્રીવિધાત્રાનંદસ્વામી કૃત

સંતમહિમા વર્ણનપત્ર

॥ શ્રીસહજાનંદસ્વામિને નમો નમઃ ॥

સદ્. શ્રીવિધાત્રાનંદસ્વામી કૃત

સંતમહિમા વર્ણનપત્ર

સ્વસ્તિ શ્રીદુર્ગપત્તન મહાશુભસ્થાને પરમપૂજ્ય, સકલ-ગુણનિધાન, પતિતપાવન, અધમોદ્ધારણ, સંસારાર્ણવનાવિક, કાળમાયાપાશમોચક, આત્યંતિકજ્ઞાનદાતા, અક્ષરસ્વરૂપ, બ્રહ્મગતિપ્રદાતા, કળિદોષહરોદ્યમ, હરિજનવલ્લભ, શરણાગત-વત્સલ, સાધુના ગુણગ્રાહિક, સદ્ધર્મનિષ્ઠ, અહંકારમોચક, ગર્વગંજન, અભિમાનિપુરુષારુચિ, નૈષ્ઠિકેન્દ્ર, ધર્મનિષ્ઠમહાદર, માનસર્પવિષત્રાતા, નિષ્પાપ, બ્રહ્મભૂતપરબ્રહ્મોપાસનાસ્થાપક, અધ્યાત્મજ્ઞાનપ્રદીપ, મનોનિગ્રહયુક્તિજ્ઞ, પરબ્રહ્મોપાસકમન્તારો, વેદશાસ્ત્રાર્થતત્ત્વાવગન્તારો મુનયઃ,

નૈષ્ઠિકવ્રતપોષક, નિરંજન, અજાતશત્રવઃ, સમદર્શી, નિર્વાસનિક, નિર્માનમોહા, જીતસંગદોષા, જ્ઞાનવિજ્ઞાનસંપન્ન, સાધુતાગુણમણિ, ઉત્તમોત્તમ, પરમદયાળુ, આસુરસ્વભાવમોચક, શુદ્ધસાંખ્યયોગાર્થદર્શક, સચ્છાસ્ત્ર-શિષ્ટાચારવિત્, સાકારદિવ્ય-બ્રહ્મવર્ણન, વ્યાસસિદ્ધાંતતત્ત્વવિત્, શતાનંદમુનિસિદ્ધાંતતત્ત્વવિત્, લક્ષ્મણાચાર્યસિદ્ધાંતતત્ત્વવિત્, લક્ષ્મીસિદ્ધાંતતત્ત્વવિત્, એકાંતિક-ભક્તસિદ્ધાંતતત્ત્વવિત્, સ્વસંપ્રદાયરહસ્યવિત્, ક્ષમાખડ્ગદાતા, હરિજનગુણગ્રાહિક, પરમહંસજીવન્મુક્ત, ધ્યાનપરાયણ,

ગૃહિતહિતવાક, ઉપશમવાન્, સદા સમાધિનિષ્ઠ, સર્વયોગ-કલાવિત્, નિર્મત્સર, બ્રહ્મદર્શી, જ્ઞાનગરીબીવાન્, સમાધિ-સ્થિતિકારક, સ્ત્રીપ્રસંગભ્રંશારુચિ, જીવેશ્વરમાયાબ્રહ્મપરબ્રહ્મ-સ્વરૂપયથાર્થવિદ્, અવિનાશિદેહસ્થાનભોગ્યદાતાર, અપરિમિત-જનકલ્યાણાર્થ, અપરિમિતહરિજનસેવ્યમાન, પરમ એકાંતિકી એવી જે નિષ્કામભક્તિ તેણે કરીને અજીત એવા જે 'શ્રીહરિ' તેમને જીત્યા છે જેમણે એવા.

ને હરિ ને હરિના જન તેમનો મહિમા જાણવો-જણાવવો તેને વિષે અનંત છે દિવ્યચક્ષુ તે જેમને એવા; ને વિષમ દેશ-કાળાદિકને દાવાનળ અગ્નિ તેની પેઠે નાશ કરે એવી છે કુશાગ્રબુદ્ધિ તે જેમને એવા; ને શાંત છે ઇન્દ્રિયોરૂપી ઊર્મિયો તે જેમની એવા; ને જીત્યો છે સર્વ ઇન્દ્રિયોનો સમૂહ તે જેમણે એવા; ને પ્રસન્ન છે હૃદયકમળ તે જેમનું એવા; ને આન્વીક્ષીવિદ્યાને વિષે કુશળ એવા.

ને પરમાત્મવિદ્યા તેને જાણવાને વિષે લક્ષ્મીના જેવું છે ચતુરપણું તે જેમને એવા; ને દંભ-કપટ-અભિમાન તે જે તે દર્શનમાત્રે કરીને ભાગે એવા; ને એકાંતિકધર્મ તેને વિષે છે નિશ્ચે આત્મબુદ્ધિ તે જેમની એવા; ને નિષ્કપટ એવી જે હરિની અનુવૃત્તિ ને ઉપાસના તેના આનંદને પ્રતાપે કરીને બાળી ભસ્મ કરી નાંખી છે મનોમય ચક્ર ને તેની ધારાઓ તે જેમણે એવા; ને વડવાનળ અગ્નિ તે જેવું પ્રદીપ્ત છે જ્ઞાન

ને વૈરાગ્યરૂપી શસ્ત્ર તે જેમને એવા; ને દિવ્યમૂર્તિ એવા જે હરિનાં અવયવ, તિલ-ચિહ્ન, ચરિત્ર, ગુણ તેમને કે'વાં-સાંભળવાં તેને વિષે મોટો છે આનંદ તે જેમને એવા; ને હરિના મહિમાનો જે અનુભવ તેના આનંદને પ્રતાપે તુચ્છ કરી નાંખી છે સાલોક્યાદિક મુક્તિ તે જેમણે એવા.

ને હજારો હજાર ને સોયે સો જે શોક ને મોહનાં સ્થાનક તેણે કરીને તપ્યા એવા જે મુમુક્ષુ તેને તત્કાળ શાંતિને પમાડી દે એવો છે પ્રતાપ તે જેમનો એવા; ને પોતાને પછવાડે કર્યો છે અધર્મ સર્ગ તે જેમણે એવા; ને પોતાના હૃદય આગળ સમીપે કર્યો છે ધર્મ સર્ગ તે જેમણે એવા.

ને જેમ સાધ્વી, ચકોર, પતંગ, મચ્છ, બપૈયા, સલભ, ચકવા-ચકવી ને નદીઓ – એ સર્વે જેમ પોતપોતાના ઈષ્ટ વિષયને વિષે સ્નેહે યુક્ત થકા નિમગ્ન છે, તેમ અનેક અવતારના અવતારી ને અનેક અતર્ક્ય-દિવ્ય-શક્તિએ યુક્ત ને અનેક દિવ્ય-કલ્યાણકારી નિરકુંશ ગુણે યુક્ત ને અનેક બ્રહ્મરૂપ જે મહામુક્ત તેમણે સદા ઉપાસનાને કર્યા એવા જે પરબ્રહ્મ પરમાત્મા, શેષી, કર્તા, અખંડ, અનંત, અપાર ને સર્વ સુખના રાશિ ને સર્વોત્તમોત્તમ પરિપૂર્ણ પુરુષોત્તમ એવા જે પોતાના ઈષ્ટદેવ શ્રીસહજાનંદસ્વામી તેમનાં ચરણકમળનું માહાત્મ્યજ્ઞાન સ્નેહયુક્ત જે ધ્યાન કરવું તે થકી ઉત્પન્ન થયો જે આનંદરૂપ મહાર્ણવ તેના જે તરંગ, તે તરંગોને વિષે નિમગ્ન

થઈ ગઈ છે મનરૂપ ભ્રમરાની પંક્તિઓ તે જેમની એવા; ને ધર્મને ઉપાસનાયે કરીને અલંકારે યુક્ત છે દેહ તે જેમનો એવા; ને હરિના ચરિત્રરૂપી જે મહાઆનંદઅમૃતરસનો સમુદ્ર તેના સ્નાનને આનંદે કરીને નથી સ્પર્શ્યો ત્રણ પ્રકારનો દાવાનળ અગ્નિ તે જેમને એવા.

ને હરિના સ્વરૂપનો જે નિર્વિકલ્પમાં ઉત્તમ નિશ્ચય તેના આનંદને પ્રતાપે કરીને બાળી ભસ્મ કરી છે દેહાભિમાનરૂપ સર્પની લેરીઓરૂપી ગ્રંથિઓ તે જેમણે એવા; ને હરી લીધું છે શરણાગતનું મહાઅજ્ઞાનરૂપ અંધકાર તે જેમણે એવા; ને ગંગાદિક નદીઓ ને બ્રહ્માદિક દેવ તેમણે અતિ પ્રાર્થનાને કર્યા એવા.

ને જન્મ-મૃત્યુ-સ્ત્રી-ધન-સ્વજન-રાજ્યાદિક સંગ તે રૂપ જે દાવાનળ તેથી બીના એવા જે મુમુક્ષુ, તે જેમ ક્ષુધા ને તૃષાયે કરીને અતિ તપ્યો એવો જે જન, તે જેમ અન્ન ને જળ તેને ખોળે તેમ તમને ખોળતા ફરે છે; ને જેના અનેક જન્મનાં શુભ સુકૃત થયાં હોય તેને તમારી પ્રાપ્તિ થાય છે; ને હરિને પ્રતાપે કરીને અનેક પામર-પતિતનાં કાળ-કર્મનાં બંધન કાપ્યાં ને અનેકનાં કાપે છે ને અનેકનાં કાપશે એવા.

જે હરિના જન તેમની સાથે વિષમ દેશ-કાળાદિકને વિષે નથી ત્યાગ કર્યું વિનય ને સુહૃદપણું તે જેમણે એવા; ને સ્વરાટ્, ને નિર્વિશેષ, ને અનવધિકાતિશય સદા કરુણાના

સિંધુ, ને અનેક અતર્ક્ય મહા આશ્ચર્યકારી પ્રતાપે યુક્ત જે શ્રીસહજાનંદસ્વામી તેમને રાજી કરવા તે જ છે એક ઉદ્યમ તે જેમનો એવા.

ને જેમ આ બ્રહ્માંડને વિષે અનેક ઐશ્વર્ય થઈ ગયાં ને અનેક થાય છે ને અનેક થાશે ને અનેક નિત્યસિદ્ધ છે, તેમ શ્રીસહજાનંદસ્વામીને ભજીને અનેક અક્ષરરૂપ મુક્ત થઈ ગયા ને અનેક થાય છે ને અનેક થાશે ને અનેક નિત્યમુક્ત પોતાની સેવામાં છે એવા; (ને) **સદા અનવધિકાતિશયાનંદનો સમુદ્ર ને દર્શન-સ્પર્શ ને નામોચ્ચારણમાત્રે કરીને સદ્ય આત્યંતિક કલ્યાણ કરે એવા જે શ્રીસહજાનંદસ્વામી તે સર્વોપરી છે, તે સર્વોપરી જાણવા એ જ માન્યું છે પરમ સારતત્ત્વ તે જેમણે એવા.**

ને જીવેશ્વરમુક્ત ને અક્ષરબ્રહ્મ તે થકી અનવધિકાતિશય સૂક્ષ્મમાં સૂક્ષ્મ ને મોટામાં મોટા ને દ્વિભુજ ને સદા દિવ્ય સાકાર ને ચિદચિદ્‌શક્તિના કારણ એવા જે શ્રીસહજાનંદ સ્વામી તેમનાં ચરણારવિંદની જે સેવા તે વિના ઇતર જે વાસના તેને બાળી ભસ્મ કરી નાંખવી એ જ છે એક ઉદ્યમ તે જેમને એવા; ને નિર્વિશેષ એવો જે પોતાનો યશ ને કીર્તિ તેના વિષે લીન થઈ ગઈ છે ચિદાકાશાદિક સર્વ શક્તિઓ તે જેને વિષે એવા જે શ્રીસહજાનંદસ્વામી તેમનાં ચરણકમળની સેવા તેની જ એક છે વાંછા તે જેમને એવા; ને નથી હરિ ને હરિના જન તેમની પ્રસન્નતા ને ચરણની રજના અભિષેક

વિના મૃત્યુ તે જેનું એવું જે નિરંકુશ મન, તેને બાળી ભસ્મ કરે એવો છે પ્રતાપ તે જેમનો એવા.

ને શ્રદ્ધા-માહાત્મ્યજ્ઞાન તેણે યુક્ત એકવાર સહજાનંદ સ્વામીનાં દર્શન કર્યાં હોય તે પુરુષ પણ, પુરુષના જ્ઞાન-વૈરાગ્યાદિક જે સાર તેને હરી લે એવાં જે સંસારનાં સુખ તેને નથી સેવતો, તો જેના હૃદયને વિષે શ્રીહરિ નિરંતર રહ્યા છે એવા જે તમે, તે તમારો પ્રતાપ તે ક્યાં ? ને વૈકુંઠાદિક ધામ ને તે ધામોના મુક્ત ને સાંખ્યયોગાદિક સાધન ને સાલોક્યાદિક મુક્તિ તે થકી અધિક છે પ્રતાપ તે જેમનો એવા જે તમે, તે આ લોક-પરલોકમાં એક શ્રીજીમહારાજનું ને તમારું જ કર્યું થાય છે ને બીજા જે બ્રહ્માદિક તે તો તમારી આગળ સડતાળાના રાંક જેવા છે; એવો તમારો પ્રતાપ છે. તે કહ્યું છે –

न तथा मे प्रियतम आत्मयोनि र्न शंकरः।
न च संकर्षणो न श्रीर्नैवात्मा च यथा भवान्।।

निरपेक्षं मुनिं शान्तं निर्वैरं समदर्शनम्।
अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यंघ्रिरेणुभिः।।

सन्तो दिश्यन्ति चक्षुषि बहिरर्कः समुत्थितः।
देवता बांधवा सन्तः सन्त आत्माहमेव च।।

अक्षरब्रह्मणोऽनन्ते तेजसि श्रीहरौ स्थिते।
सदा दिव्यावयविनि निष्ठां प्राप्ताश्च येऽचलाम् ।।

प्राप्यापि ब्रह्मणैक्यं ये स्वात्मनः सर्वथा हरेः।
परस्य ब्रह्मणो भक्तिं न जहीरन् कदाचन॥

भक्तोत्तमः स विज्ञेयः पूर्णो हृदये यस्य हि।
प्रेमा विवर्धतेऽत्यर्थं स च विघ्नैर्न हन्यते॥

भवापवर्गो भ्रमतो यदा भवेज्जनस्य तर्ह्यच्युतसत्समागमः।
सत्संगमो यर्हि तदैव सद्गतौ परावरेशे त्वयि जायते मतिः॥

सतां प्रसंगान्मम वीर्यसंविदो भवन्ति हृत्कर्णरसायनाः कथाः।
तज्जोषणादाश्वपवर्गवर्त्मनि श्रद्धा रतिर्भक्तिरनुक्रमिष्यति॥

नष्टप्रायेष्वभद्रेषु नित्यं भागवतसेवया।
भगवत्युत्तमश्लोके भक्तिर्भवति नैष्ठिकी॥

तुलयाम लवेनापि न स्वर्गं नाऽपुनर्भवम्।
भगवत्संगिसंगस्य मर्त्यानां किमुताशिषः॥

येषां संस्मरणात् पुंसां सद्यः शुद्धयन्ति वै गृहाः।
किं पुनर्दर्शनस्पर्शपादशौचासनादिभिः॥

नह्यम्मयानि तीर्थानि न देवामृच्छिलामयाः।
ते पुनन्त्युरुकालेन दर्शनादेव साधवः॥

दुर्लभो मानुषो देहो देहिनां क्षणभंगुरः।
तत्रापि दुर्लभं मन्ये वैकुंठप्रियदर्शनम्॥

स्मृत्यां शिरस्तव निवासजगत्प्रणामे दृष्टिः सतां दर्शनेऽस्तु भवत्तनूनाम्॥

रहूगणैतत्तपसा न याति न चेज्यया निर्वपणाद् गृहाद्वा।
नच्छन्दसा नैवं जलाग्निसूर्यै र्विना महत्पादरजोऽभिषेकम्॥

न रोधयति मां योगो न सांख्यं धर्म एव च।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणा॥

व्रतानि यज्ञश्छन्दांसि तीर्थानि नियमा यमाः।
यथावरुन्धे सत्संगः सर्वसंगापहो हि माम्॥

यस्यात्मबुद्धिः कुणपे त्रिधातुके स्वधीः कलत्रादिषु भौम इज्यधीः।
यत्तीर्थबुद्धिः सलिले न कर्हिचिज्जनेष्वभिज्ञेषु स एव गोखरः॥

निष्कामा अथ निर्लोभा निःस्वादा निष्परिग्रहाः।
निःस्नेहा निर्ममा दान्ता निर्मानाः साधवो मताः॥

धर्मस्योपासनायाश्च बलवृद्धि र्भवेत्सताम्।
संगात्तद्बलनाशश्च संगात्स्यादसतां ध्रुवम्॥

દેવ જાનિ સેવત નહિ સંતા, આપહું માને અધિક બુદ્ધિવંતા;
નિજ મતિ તુચ્છ અધિક બઉં જાને, સંતમેં અલ્પ બુદ્ધિ પરમાને.
તેહિ ઉર પાપ તાપ અહંકારા, વાસ કરત છીન હોત ન ન્યારા;

सतां गुणेषु दोषेक्षा वैरं चाऽथाऽसतां नृणाम्।
दोषेषु गुणधी मैत्रीत्यसुराणां स्वभावतः॥

સંત દ્રોહ કરીકે કોઉ, કરત કોટિ વ્રત દાન;
તેહી કલ્યાન હોત નહિ, યું કહ્યો શ્રીભગવાન.

શ્રીહરિ કહે સુનો મમ જન, એક દુઃખ ખેદત મોહી;
મોસું તો નિત પ્રીત રખે, વૈર સંતશું હોહી.
સો તો મમ પદ પૂજત સઠ, કાટત હે મમ શીષ;
તાપર કૃપા કરું કેહી વિધિ, તેહી જમ લેત કરી રીસ.
દોષબુદ્ધિ તજી સંતશું, નેહ કરત જન જોય;
સો જ્યું જ્યું સત્સંગ મેં, રહત ત્યું ગુનનિધિ હોય.
સંતન કે ગુણ ગ્રહત હે, સો અતિશે બડભાગ;
મુક્ત કહે તેહી હોત હે, પ્રભુ પદ દ્રઢ અનુરાગ.
તુલસી જાકે મુખનસે, ભૂલે નીકસે રામ;
તાકે પગકી પહેનિયા, મેરે તનકી ચામ.
સંત સંભારે સહસ્ર ફલ, સન્મુખ ચલે ફલ લખ;
અનેક ફલ કહે ફરસુરામ, વાકો દેખે મુખ.
મેરે તો પ્રભુ તુમ હો, તુમ લગ મેરી દોર;
જૈસે કૌવા જહાજકા, ઔર ન સૂઝે ઠોર.
તુમ હો તેસી કીજિયો, હમ હૈ દરિયામાંય;
વહેતે વેહેમેં જાયેંગે, જો ન પકડોગે બાંય.
નીર ન બોલે કાષ્ટકું, કહો કહાંકી પ્રીત;
અપના સીંચ્યા જાનીકે, એહી બડાકી રીત.
તુમ સાગર પક્ષી હમ, પીએ ચાંચ ભર નીર;
તુમ ના ભયે ઓછે રતી, ગઈ હમારી પીર.

ધન દોલત સુત જુવતી, રાજ બાજ સુખ સાજ;
મુક્ત કહે યહ સબ મીલે, દુર્લભ સંત સમાજ.

गुरुर्न स स्यात्स्वजनो न स स्यात् पिता न स्याज्जननी न सा स्यात्।
दैवं न तत्स्यान्न पतिश्च स स्यान्न मोचयेद्यः समुपेत मृत्युम्।।

प्रसंगमजरं पाशमात्मनः कवयो विदुः।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम्।।

आसामहो चरणरेणुजुषामहं स्यां
वृन्दावने किमपि गुल्मलतौषधीनाम्।
या दुस्त्यजं स्वजनमार्यपथं च हित्वा
भेजुर्मुकुन्दपदवीं श्रुतिभिर्विमृग्याम्।।

अहो अमी देववरामरार्चितं
पादाम्बुजं ते सुमनःफलार्हणम्।
नमन्त्युपादाय शिखाभिरात्मन
स्तमोपहत्यै तरुजन्म यत्कृतम्।।

यन्नामधेयश्रवणानुकीर्तनात्
यत्प्रह्वणाद्यत्स्मरणादपि क्वचित्।
श्वादोऽपि सद्यः सवनाय कल्पते
कथं पुनस्ते भगवन्नु दर्शनात्।।

अहो बत श्वपचोऽतो गरीयान्
यज्जिह्वाग्रे वर्तते नाम तुभ्यम्।
तेपुस्तपस्ते जुहुवुः सस्नुरार्या
ब्रह्मानूचुर्नाम गृणन्ति ये ते।।

એવમ્ અપરિમિત છે ગુણ જેમના એવા જે તમે સંત તેમને વિનયયુક્ત હું જે તે આ પૃથ્વી ઉપર પડીને હજારો-હજાર દંડવત્ પ્રણામ કરીને એ માંગું છું જે, **'મુંથી તમે ને મહારાજ રાજી થાઓ તેમ જ મન-કર્મ-વચને કરીને થાય, પણ કુરાજી થાઓ એવું થાય જ નહીં.** ને ઇન્દ્રિયો, અંતઃકરણ, દેહ, સ્વભાવ ને વિષય એનો પ્રસંગ આ જીવને અનાદિ કાળનો વજ્રલેપ છે, તે એવો પ્રસંગ મન-કર્મ-વચને તમે ને તમારા ઈષ્ટદેવને વિષે મારે થાઓ. ને અનેક જન્મનાં શુભ સુકૃતે તમારી પ્રાપ્તિ થઈ છે. ને આ લોક-પરલોકમાં તમથી ને મહારાજથી બીજું કોઈ અધિક નથી એવા સર્વોપરી મુને મળ્યા છો. તે એમાં તો અનેક અંતર-બાહેરલા શત્રુ વિઘ્નના કરનારા છે તે થકી વારંવાર મારી રક્ષા કરજ્યો.'

એવમ્ અનેકોપમાલાયક પરમ મહાભાગવત એકાંતિક **પ્રત્યક્ષ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલોપાસક સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી આદિક સર્વ ઉદ્ધવી સંપ્રદાયના સાધુ ને સત્સંગી સમસ્ત તે જે તે જયકારી પ્રવર્તો;** કે'તાં, સર્વોત્કૃષ્ટ પુરુષોત્તમનારાયણના ઉપાસક છો તે માટે સર્વેને અધિક માનવા યોગ્ય છો.

ને ક્ષર-અક્ષરથી પર ને સમગ્ર અક્ષરાત્મક મુક્તોના સ્વામી ને સ્વરૂપ-સ્વભાવ-ગુણ-વિભૂતિ તેણે કરીને અક્ષરપર ને અક્ષરધામના અધિપતિ એવા જે શ્રીસહજાનંદસ્વામી તેનાં

ચરણારવિંદરૂપી મહા આશ્ચર્યકારી ને અનવધિકાતિશયાનંદમય ને નિર્વિશેષ એવું રહેવાનું છે નિકેત તે જેમને એવા જે તમે, તે તમારાં ચરણકમળને વિષે મારા જીવાત્મારૂપી ધનની થાપણ મૂકી છે. તે **હે ગરીબનવાજ ! હે દીનબંધો ! નજર રાખજ્યો. તે તમારી કૃપા વિના તો ઘણાંક છે અહં-મમત્વરૂપ દુઃખ જેને વિષે એવો પંચવિષયરૂપ સંસારસમુદ્ર તેને વિષે આ જીવાત્મા અનેક જન્મથી ભમે છે, પણ હરિનાં ચરણારવિંદને નથી પામતો.**

જેમ સમુદ્ર તરવાને અર્થે નાવમાં બેઠો ને નથી કર્યો કર્ણધાર કહેતાં નાવિક જેમણે એવો જે સથવારો તે જેમ ઘણાંક દુઃખને પામતો થકો સમુદ્રને વિષે ભમે છે પણ કાંઠાને નથી પામતો, તેમ તમારી કૃપાદૃષ્ટિ વિના અહં-મમત્વરૂપ સંસારસમુદ્રને વિષે આ જીવ ભમે છે પણ પારને નથી પામતો.

હે આર્ત્તબંધો ! હે મહાનુભાવ ! મુને જેવો તેવો પોતાની ઉદ્ધવી સંપ્રદાયનો જાણીને મારી વતે એકાંતિકધર્મ થકી કોઈ વિષમકાળને વિષે પણ પડાય નહિ એવી મું ઉપર કરુણાદૃષ્ટિ કરજ્યો.

दृष्टाः स्पृष्टा नता वा कृतपरिचरणा भोजिताः पूजिता वा।
सद्यः पुंसामघौघं बहुजनिजनितं घ्नन्ति ये वै समूलम्।
प्रोक्ताः कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातम्।
तेषां मातः प्रसंगात्किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षोः ।।

नमो महद्भ्योस्तु नमः शिष्येभ्यो
नमो युवभ्यो नमो आपदुद्भ्यः ।
ये ब्राह्मणा गामवधूतलींगा-
श्चरन्ति तेभ्यः शिवमस्तु राज्ञाम् ।।

હરિજન હરિ કે દગ હે, હરિ હે હયગતિ લિન;
ગ્રહિ બાહ તજે નહિ, તજે દગ દુઃખદિન.

સંત રીઝો રીઝે હરિ, તુમ દુઃખે હરિ દુખાય;
તુમ બાંધો હરિ ન છોડ હિ, હરિ બાંધે તુમ દો છોડાય.

સંત કલ્પતરુ ચિંતામનિ, હમ રંક આયે શરણ આજ;
વાંછા તુમ દર્શસેવકી, કિજે દયા ગરીબનવાજ.

અનંત વિઘ્નમેં અચળ રહો, તુમ પદ પ્રિત અપાર;
દેહો સંત દયા કરી, માંગું બાર હિ બાર.

સંતદ્રોહ કો પ્રાયશ્ચિત, નિરણે કરત ન કોય;
વિનય કરી રાજી કરે, તબ હિ નિવારણ હોય.

સહસ્રકોટી અપરાધ તવ, નિશદિન કરત અત્યંત;
માનિયો હે નિજકિંકર, ક્ષમા કરહુ સબ સંત.

નહિ સાધનબલ બુદ્ધિબલ, એક બલ શરન તુમાર;
કૃપા રખો તુમ મમ પર, તવ ગુન અનંત અપાર.

गंगा पापं विधुस्तापं दैन्यं कल्पद्रुमो हरेत्।
पापं तापं च दैन्यं च हरेत् सतां समागमः।।

INDEX

प्राणादपि को रक्ष्यः स्वीयो धर्मश्च साधुसंगः।

લખિતંગ નિજદાસાનુદાસ સાધુ વિધાત્રાનંદના જય શ્રીસ્વામિનારાયણપૂર્વક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સેવામાં અંગીકાર કરજ્યો.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિ ચરણકમલોપાસક સંતમહિમા વર્ણનપત્રં સંપૂર્ણમ્ ॥

સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો સમપ્તાઃ

INDEX

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત થયેલા નીચે મુજબના તમામ સદ્‌ગ્રંથો ફ્રીમાં ડાઉનલોડ પણ થઈ શકશે.

www.swaminarayanbhagwan.com

100% Free Download

ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. શ્રીહરિલીલામૃતમ્ (ભાગ : ૧ થી ૪)
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર (ભાગ:૧ થી ૧૨)
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીની વાતો
૭. સદ્.શ્રીગુણાતીતાનંદ સ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. જ્ઞાનદીપ (ભાગ : ૧ થી ૫)
૧૧. કીર્તનમાળા (ભાગ : ૧, ૨)
૧૨. કીર્તનસરોવર (નંદસંતો રચિત)
૧૩. કીર્તન દીપાવલી (ભાગ-૧)
૧૪. સાગર સાર (ભાગ : ૧ થી ૧૨)
૧૫. શ્રીવિધાત્રાનંદ સ્વામીના ગ્રંથો
૧૬. સદ્.શ્રીઅદ્ભુતાનંદ સ્વામીની મૂળવાતો
૧૭. સદ્.શ્રીપ્રેમાનંદ સ્વામીના ગ્રંથો
૧૮. સદ્.શ્રીનિત્યાનંદ સ્વામીના ગ્રંથો
૧૯. સદ્.શ્રીનિર્ગુણદાસ સ્વામીની વાતો
૨૦. સદ્.શ્રીશુકાનંદ સ્વામી કૃત ગ્રંથાદિ
૨૧. શ્રીહરિલીલામૃતગ્રંથ(શ્રીભૂમાનંદ સ્વામી કૃત)
૨૨. સદ્.શ્રીઅક્ષરાનંદ સ્વામીની વાતો
૨૩. સદ્.શ્રીભાયાત્માનંદ સ્વામીની વાતો
૨૪. લીલાચરિત્રની વાતો(પ.ભ.શ્રીરામજી શેઠ કૃત)
૨૫. લીલાચિંતામણિ(પ.ભ.શા.શ્રીલક્ષ્મીરામ કૃત)
૨૬. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૭. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૨૮. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૨૯. શ્રીપુરુષોત્તમલીલા
૩૦. શ્રીસ્વા.વિચરણલીલામૃત(પૂર્વાર્ધ,ઉત્તરાર્ધ)
૩૧. શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ
૩૨. વાલપનાં વેણ (ગુજરાતી, હિંદી, અંગ્રેજી, મરાઠી)
૩૩. આધારાનંદ કીર્તનાવલી
૩૪. મનગંજન વિવેચન
૩૫. શિક્ષાપત્રી
૩૬. હરિસ્મૃતિ
૩૭. હરિરસામૃત
૩૮. નિત્યનિયમ
૩૯. શાંતિપાઠ
૪૦. સંત આખ્યાન
૪૧. ભક્તાખ્યાન
૪૨. વેદરસ
૪૩. સ્વાસ્થ્ય સુધા
૪૪. યમયાતના
૪૫. જનમંગલ
૪૬. શ્રીહરિ દર્શન
૪૭. કીર્તનસાર
૪૮. શ્રીજીની લીલા
૪૯. લોજપુર લીલા

हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर
मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत
एवं स्वरूपभक्ति निर्णय
(गुजराती अनुवाद के साथ)
३. वात्सल्यामृतम् (वालपनां वेण : हिन्दी-मराठी)

संस्कृत प्रकाशन

१. सद्.श्रीगोपालानंदस्वामिविरचितम्
श्रीमद्भगवद्गीताभाष्यम्
(गुजराती अनुवाद के साथ)

English Publishing

1. Words of Affection (Valap na Ven)
2. Spiritual Leadership

INDEX

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી(કુંડળધામ)ના શ્રીમુખે ગવાયેલ કથા-કીર્તનોનો ઓડિયો-વિડિયો ફ્રીમાં ડાઉનલોડ કરી શકાશે.

www.swaminarayanbhagwan.com

YouTube Channel : swaminarayanbhagwan1

100% Free Download

ઓડિયો કીર્તન

૧. પ્રભાતીયા ભાગ -૧,૨
૨. થયું સવાર
૩. જાગો રે ઘનશ્યામ
૪. ધ્યાન ચિંતામણી
૫. અભિષેક
૬. શ્રીજી દયા કરો
૭. ભક્તિરસ
૮. પધારોને
૯. શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા
૧૦. ઉપદેશરસ
૧૧. કુંડળનાં કીર્તનો ભાગ -૧,૨
૧૨. એકલડા કેમ રહેવાય
૧૩. મારા પ્રાણ પ્રીતમ
૧૪. છપૈયાપુરમાં
૧૫. મારા સહજાનંદ સ્વામી
૧૬. સુનોજી ગિરધારી
૧૭. ચાલોને લાલા
૧૮. તારી મીટે રે
૧૯. મંગલમૂર્તિ
૨૦. લાડકવાયા
૨૧. વડતાલમાં બિરાજ્યા
૨૨. પ્યારા
૨૩. વંદન...
૨૪. પિયુ પધાર્યા...
૨૫. મોર બોલે...
૨૬. વિનંતી
૨૭. મનવા
૨૮. મહારાજ !
૨૯. ઉત્તમ લગ્નગીત
૩૦. શ્રીજીના જોકરીયા
૩૧. પિયુડા
૩૨. વડતાલવાસી હરિકૃષ્ણ
૩૩. મહિમા
૩૪. રહેજો આનંદમાં
૩૫. વાલીડા
૩૬. વાલમ
૩૭. વાલા
૩૮. રાજાધિરાજ
૩૯. શ્રદ્ધાંજલી
૪૦. વિદાય
૪૧. રાસોત્સવ ભાગ - ૧ થી ૫
૪૨. વણથંભ્યો રાસ
૪૩. ઝૂલો મહારાજ
૪૪. ઓ ઘનશ્યામ (મહિલા વોઈસ)
૪૫. વિરહ (પૂ.નિરંજનસ્વામી / સોલી કાપડીયા)
૪૬. તમે એક સાંભરો
૪૭. સહજાનંદી યુવાન
૪૮. બાલુડા
૪૯. સહજાનંદ
૫૦. વહાલો યુવાન
૫૧. અટલ પ્રતિજ્ઞા
૫૨. પોઢો પ્રાણ આધાર
૫૩. દૈન્ય
૫૪. સાગર ચોપાઈગાન ભાગ -૧,૨
૫૫. આરતી સંગ્રહ
૫૬. કીર્તનકુંભ - ભાગ ૧ થી ૬

INDEX

વિડિયો કીર્તન

3D Animation

ધૂન

ઈન્સ્ટ્રુમેન્ટલ

કથા

INDEX

કીર્તન વિવેચન

જનરલ

INDEX

ઘરમંદિર સામગ્રી ફોટા

૧. શ્રીહરિકૃષ્ણ મહારાજ
૨. રાજાધિરાજ મહારાજ
૩. શ્રીસ્વામિનારાયણ ભગવાન
૪. શ્રીઘનશ્યામ મહારાજ
૫. પૂ.ગુરુજીના હરિકૃષ્ણ મહારાજ
૬. શિબિર-૨૫ સ્ટેજ મહારાજ
૭. ચરિત્રો
૮. ૬૭ ધામના દેવો તથા પ્રસાદીનાં સ્થાનો
૯. નંદસંતો તથા હરિભક્તો
૧૦. આચાર્ય મહારાજ
૧૧. ગુરુપરંપરા
૧૨. પૂ.ગુરુજી અને સંતો
૧૩. ઘરમંદિર માટેનાં સૂત્રો

ગુજરાતી ટેલીફિલ્મ

૧. ઘરધણી
૨. ઓવર અપેક્ષા
૩. ખોરાસાના રાજાભાઈ

हिन्दी टेलीफिल्म

१. केसर मियाँ
२. शेख मियाँ
३. डोसा ताई

નાટક

૧. શૂન્ય
૨. રૂપાભાઈ

USB AUDIO

પેનડ્રાઈવ 

કથા તથા કીર્તનો ભાગ : ૧૭ થી ૨૬

Applications

Audio-Video

1. Kirtan Kumbh
2. Lilachham Vanma Swaminarayan
3. Meditation Music Swaminarayan
4. Purushottam Prakash Audio
5. Shree Hari Na Til-Chihn
6. Swaminarayan Daily Sagar Katha
7. Swaminarayan Kundaldham Radio
8. Swaminarayan Puzzle Lilachham

Books

9. Vachanamrut
10. Satsang Books
11. Swaminarayan Books
12. Shree Gopalanand Swami ni Vato
13. Kirtan Sar
14. Swaminarayan Kirtan Mala
15. Swaminarayan Nirnay

Imges

16. Daily Darshan Wallpaper
17. Swaminarayan Dham Daily darshan
18. Swaminarayan Live Wallpaper

Youtube Channels

1. Swaminarayanbhagwan1
2. Swaminarayan Kirtan
3. Swaminarayan Dhun

INDEX

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : ઈ.સ.૧૯૮૮થી દર વર્ષે દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં શ્રીમત્ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સંપ્રદાયના પ્રાયઃ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ થતી કથા-વાર્તાનું લાઈવ પ્રસારણ **www.swaminarayanbhagwan.com** દ્વારા કરવામાં આવે છે. તથા રોજેરોજ થતી કથા તથા તમામ કથા-કીર્તનો આ વેબસાઈટ તથા યુ-ટ્યુબ ચેનલ પર ફ્રી ડાઉનલોડ કરવા માટે મૂકવામાં આવે છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની **પેનડ્રાઈવ** તેમજ **મોબાઇલ એપ્લીકેશનો** શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મો અને 3D એનિમેશનનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્ગ્રંથો તથા ‘સત્સંગ સેવક’ નામનું મેગેઝિન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજ, વર્ણીજી અને રાજાધિરાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યાં છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, તેમના માટે દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરોનાં આયોજનો કરવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૪ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.



સદ્.શ્રીવિધાત્રાનંદ સ્વામી

- સહજ સ્વાભાવિક પોતાનું ભજન-સ્મરણ કરે છે, તેને પોતે એક સ્વરૂપ થકા અનંતરૂપે કરીને અનુપમ આનંદ આપ્યો ને હજી આપે છે, તે માટે સહજાનંદ. - સહજાનંદ અર્થદીપિકા

- ભગવાનને વિષે જે બાળક-જુવાન-વૃદ્ધપણું દેખાય છે તથા જન્મ-મરણપણું દેખાય છે, તે તો એની જોગમાયાએ કરીને દેખાય છે; પણ વસ્તુગત્યે તો ભગવાન જેવા છે તેવા જ છે.

- શ્રીહરિએ વૈરાગ્યે સહિત જીવાત્મા ને પરમાત્માનું જ્ઞાન પ્રતિપાદન કર્યું. તથા બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે સદા દિવ્ય સાકાર સ્વરૂપ હરિકૃષ્ણ, તેમની ભક્તિએ સહિત ઉપાસના દઢ કરાવી ને તેનું સ્થાપન કર્યું. - શ્રીહરિકૃષ્ણસ્વરૂપાદ્વૈત જ્ઞાનનિર્ણય

- પ્રકટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ તે સમગ્ર બીજા ધામમાં રહી જે મૂર્તિઓ તથા સર્વ અવતાર તેના કારણ છે ને અનંત અક્ષરપુરુષના સ્વામી છે ને અપરિમિત, સર્વોપરી, નિરંકુશ ઐશ્વર્યાદિકે કરીને સંપૂર્ણ છે.

- શ્રીજીમહારાજ બોલ્યા જે, 'આ પુરુષોત્તમ તો બ્રહ્માંડને વિશે ક્યારેય આવ્યા નથી ને આવશે પણ નહિ, માટે આ તો સર્વોપરી મૂર્તિ છે. માટે આ જે નિશ્ચય તે ફરવા દેવો નહીં.' - શ્રીપુરુષોત્તમનિરૂપણવાર્તા

Visit us :
www.swaminarayanbhagwan.com
karelibaug@gmail.com

ISBN 978-93-8345-601-7
9 789383 456017